દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 163 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 July 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૧ જુલાઈ ૨૦૨૬, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા, ઇઝરાયલે નહીં તો ચાબહાર પર કોણે હુમલો કર્યો?

## ઈરાનમાં અટૅકસનું રહસ્ય ઘૂંટાય છેઃ વૉશિંગ્ટન-તેલ અવીવ કહે છે, અમે તો લશ્કરી કાર્યવાહી થંભાવી દીધી છે

દુબઈઃ અમેરિકા તરફથી હવાઈ હુમલાઓ સમાપ્ત કરવાની જાહેરાત બાદ ઇરાન પર થયેલા રહસ્યમય હવાઈ હુમલાઓને લઈને એ સવાલ ઉભા થયા છે કે આખરે ઇરાનમાં અન્ય કોણ હુમલાઓ કરી રહ્યું છે. ગુરુવારે આ હુમલાઓ ત્યારે થયા જ્યારે ઇરાન સ્વર્ગસ્થ સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલી ખામનેઈને દફનાવવાની તૈયારી કરી રહ્યું હતું. દક્ષિણ ઇરાનના વિસ્તારોમાં આ હુમલા થયા હતા. દેશની ધાર્મિક સરકારે હુમલાઓ માટે કોઈને સીધા દોષિત ઠેરવ્યા નથી, જોકે એક સાંસદે સંયુક્ત આરબ અમીરાતને ઇરાન વિરુદ્ધના અભિયાનમાં કથિત રીતે અમેરિકાનું સમર્થન આપવા બદલ ચેતવણી આપી હતી.

૨૮ ફેબ્રુઆરીથી યુદ્ધ શરૂ થયા પછી ઇરાન દ્વારા વારંવાર નિશાન બનાવવામાં આવેલા ગલ્ફ દેશોએ શુક્રવારે હુમલાઓ અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. આ હુમલાઓ ત્યારે થયા છે જ્યારે તેઓ અને અમેરિકા ભાર મૂકી રહ્યા છે કે હોર્મુઝ સ્ટ્રેટ તમામ જહાજોની અવરજવર માટે ખુલ્લું રહે. ઇરાનનો આગ્રહ છે કે સ્ટ્રેટ પર સંપૂર્ણ નિયંત્રણ તેમનું હોવું જોઈએ અને જહાજોએ તહેરાનને ફી ચૂકવવાનું શરૂ કરવું જોઈએ. યુદ્ધ દરમિયાન ઇરાનની સ્ટ્રેટ પર પકડને કારણે વૈશ્વિક ઊર્જા કટોકટી સર્જાઈ હતી, જોકે યુદ્ધ સમયના ઉચ્ચતમ સ્તર ૧૨૦ ડોલર પ્રતિ બેરલ પછી તેલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે.

ઇરાન યુદ્ધમાં ભાગ લેનાર ઇઝરાયલે પણ ઇરાન પર તાજેતરના કોઈપણ હુમલાનો દાવો કર્યો નથી. અમેરિકન લશ્કરના સેન્ટ્રલ કમાન્ડે ગુરુવારે ઇરાનના સ્થાનિક સમય મુજબ સવારે ૬:૩૦ વાગ્યે જણાવ્યું હતું કે તેણે વધુ કેટલા હુમલા કર્યા છે જેમાં લગભગ ૯૦ લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા છે. તેના થોડા સમય પછી ઇરાની સમાચાર એજન્સી અને સરકારી મીડિયાએ દેશના બુશહર અને સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતો આહવાઝ અને ચાબહાર શહેરો અને અન્ય વિસ્તારોને લક્ષ્ય બનાવીને શ્રેણીબદ્ધ હવાઈ હુમલાઓ અને વિસ્ફોટોની જાણ કરી હતી. સેન્ટ્રલ કમાન્ડે વધારાના હુમલાઓ અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

ઇરાને ગુરુવારે બાહરીન, જોર્ડન, કુવૈત અને કતારને લક્ષ્ય બનાવીને મધ્યપૂર્વમાં વ્યાપક હુમલાઓ શરૂ કરીને હુમલાઓનો જવાબ આપ્યો. ચાર દેશોમાં મિસાઇલ ચેતવણીના સાયરન વાગ્યા, જેનાથી લોકો આશ્રય મેળવવા માટે દોડ્યા હતા. કુવૈતમાં એક વ્યક્તિ ઘાયલ થયાના અહેવાલ છે. ગલ્ફ દેશોએ કતારના વિદેશ પ્રધાન સાથે પણ ફોન પર વાત કરી હતી, જેઓ યુદ્ધને રોકવા માટે હાલમાં અમલમાં મુકાયેલા વચગાળાના કરાર પર ઇરાન અને અમેરિકા વચ્ચે વાટાઘાટોમાં મધ્યસ્થી કરવામાં પાકિસ્તાન સાથે સંકળાયેલા છે.

## બે લગ્ન કરનાર સરકારી કર્મચારીની નોકરી જશેઃ આસામ આવો કાયદો લાવશે

નવી દિલ્હીઃ આસામ સરકારે એક કરતા વધુ પત્ની ધરાવતા સરકારી કર્મચારીને નોકરીમાંથી કાઢી મૂકવાનો શુક્રવારે પ્રસ્તાવ મૂક્યો હોવાનું રાજ્યનાં નાણાં પ્રધાન જયંતા માલા બરુઆ દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટમાં જણાવવામાં આવ્યું હતું.

એક કરતા વધુ પત્ની ધરાવતી વ્યક્તિને રાજ્યની કલ્યાણ યોજનાના લાભથી વંચિત રાખવાનો પણ બજેટમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

મહિલાઓનાં સશક્તીકરણ અને સમાન ન્યાયને પ્રોત્સાહન આપવા માટે એક કરતા વધુ પત્ની ધરાવતી વ્યક્તિને સરકારી નોકરીમાંથી કાઢી મૂકવાનો અને રાજ્યની કલ્યાણ યોજનાના લાભથી વંચિત રાખવાનો બજેટમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાનું બરુઆએ કહ્યું હતું.

આસામ સર્વિસિસ (ડિસિપ્લીન ઍન્ડ અપીલ) ઍક્ટ ૧૯૬૪માં સુધારો કરી એક કરતા વધુ પત્ની ધરાવતી વ્યક્તિને કાયદાનુસાર સરકારી નોકરીમાંથી કાઢી મૂકવાનો અને રાજ્યની કલ્યાણ યોજનાના લાભથી વંચિત રાખવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

બરુઆએ કહ્યું હતું કે નાગરિકોની એકતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવા હું પ્રસ્તાવ મૂકું છું કે કોઈ પણ ફોજદારી ગુનાનો આરોપી દોષી પુરવાર થાય તેને સરકારની કલ્યાણ યોજનાઓનાં લાભથી વંચિત રાખવામાં આવે.

ચૂંટણી પ્રક્રિયાને કારણે નિયમિત બજેટ રજૂ કરી શકાયું ન હોવાથી સરકાર ઑગસ્ટ બાદ સરકારની કલ્યાણ યોજનાઓની જાહેરાત કરશે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૬-૨૭'ા નાણાંકીય વર્ષ માટે બરુઆએ ૨.૮૫ લાખ કરોડનું બજેટ રજૂ કર્યું હતું અને કરમુક્તિની મર્યાદામાં ચારગણો વધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સરકારની કલ્યાણ યોજનાઓ માટે ૬,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો તેમણે પ્રસ્તાવ મૂક્યો હતો. (એજન્સી)

## હિમાચલ પ્રદેશમાં પૂર, ભેખડો ધસવાની ચેતવણીઃ શાળાઓ બંધ

શિમલાઃ હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં સતત વરસી રહેલા વરસાદને કારણે શુક્રવારે સિરમૌર અને સોલન જિલ્લામાં તમામ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ અને આંગણવાડી કેન્દ્ર બંધ રહ્યા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. શિમલામાં હવામાન વિભાગે રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. તેમજ ભૂસ્ખલન, અચાનક પૂર, વૃક્ષો ધરાશાયી થવા અને રસ્તા જામ થવાની પણ ચેતવણી આપી છે. સિરમૌર અને સોલનના ડેપ્યુટી કમિશ્નર પ્રિયંકા વર્મા અને મનમોહન શર્મા દ્વારા જારી અલગ-અલગ આદેશો અનુસાર સતત વરસાદને લીધે ગ્રામીણ રસ્તાઓમાં અવરોધો ઊભા થઇ રહ્યા છે. ભૂસ્ખલનનું જોખમ વધ્યું છે. તેમજ ગ્રામીણ અને પહાડી વિસ્તારોમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે.

આદેશમાં જણાવાયું છે કે ખરાબ હવામાનને લીધે જિલ્લાભરમાં શાળાએ જતા-આવતા વિદ્યાર્થીઓનું જીવન અને સુરક્ષા જોખમમાં મુકાઇ શકે છે. સિરમૌર જિલ્લાના પોન્ટા સબ-ડિવિઝનમાં ગુરુવારે મોડી રાત્રે શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. શુક્રવારે સવારે જિલ્લાના નાહન, સંગ્રાહ, પછાદ અને રાજગઢ સબ-ડિવિઝનના એસડીએમએ પણ શાળાઓ અને કોલેજો બંધ રાખવાના સમાન આદેશ જારી કર્યા હતા. જોકે તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફને પોતપોતાની સંસ્થાઓમાં હાજર રહેવાના આદેશ આપવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.



હિમાચલ પ્રદેશના કુલુમાં ભારે વરસાદ બાદ બે કાંઠે વહી રહેલી બિયાસ નદી. (એજન્સી)

## ચેક બાઉન્સ કેસમાં ઍક્ટર રાજપાલ યાદવને ત્રણ મહિનાની જેલ

નવી દિલ્હીઃ દિલ્હી હાઇ કોર્ટે બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવની ચેક બાઉન્સ કેસમાં સજા યથાવત રાખી છે. જો કે કોર્ટ દ્વારા જેલની સજા છ મહિનાથી ઘટાડીને ત્રણ મહિના કરવામાં આવતા અભિનેતાને થોડી રાહત મળી છે.

ન્યાયાધીશ સ્વર્ણકાંતા શર્માની ખંડપીઠે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ હેઠળ પ્રોબેશનનો લાભ મેળવવાની યાદવની અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે કાર્યવાહી દરમિયાન તેના વર્તનને ધ્યાનમાં લેતા અભિનેતા આવી રાહત મેળવવાને હકદાર નથી. કોર્ટના જણાવ્યા અનુસાર યાદવે કેસમાં સામેલ રકમની ચુકવણીની ખાતરી આપતા અનેક બાંયધરી આપી હતી. પરંતુ વારંવાર તક આપવામાં આવતી હોવા છતાં તેણે વચન પૂર્ણ કર્યા ન હતા. હાઇ કોર્ટે સજામાં દખલ કરવાનો ઇનકાર કરતા સજા અંગેના ટ્રાયલ કોર્ટના આદેશમાં થોડો ફેરફાર કર્યો હતો.

આ ફેરફાર મુજબ કોર્ટે અભિનેતાની જેલની સજા છ મહિનાથી ઘટાડીને ત્રણ મહિના કરી હતી. જો કે કોર્ટે તેના નિર્ણયના અમલ પર બે મહિના માટે રોક લગાવી દીધી છે જેથી અભિનેતા ઉપલી અદાલતમાં અપીલ કરી શકે.

## વકીલની ખસકી, સુપ્રીમ કૉર્ટમાં ગાળાગાળી કરીઃ બહાર કાઢી મુકાયો

નવી દિલ્હીઃ એક નાટકીય ઘટનાક્રમમાં અલાહાબાદ હાઇ કોર્ટના આદેશને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન પોતાનો કેસ જાતે જ લડી રહેલા એક અરજદાર વકીલને સુપ્રીમ કોર્ટમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યો હતો. આ અરજદાર પર સુનાવણી દરમિયાન અપશબ્દો બોલવાનો અને તેના કાનૂની દસ્તાવેજો હવામાં ઉછાળવાનો આરોપ છે. આ ઘટના ન્યાયાધીશ કે. વી. વિશ્વનાથન અને આલોક અરાધેની ખંડપીઠ સમક્ષ બની હતી. શરૂઆતથી જ અરજદારનો સ્વર ખૂબ જ આક્રમક હતો. વકીલના બૅન્ડ વગરનો કાળો કોટ પહેરેલા ફરિયાદીએ ખંડપીઠને કહ્યું કે મિસ્ટર જ્યુડિશિયલ સર્વન્ટ, હું તમને લખનઊના એસીપી વિરુદ્ધ એફઆઇઆર નોંધવાનો આદેશ આપવાનો આદેશ આપું છું. ન્યાયાધીશ વિશ્વનાથને આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું કે તમે મને આદેશ આપી રહ્યા છો? તમે અમને આદેશ આપી રહ્યા છો? અરજદારે કહ્યું કે મારા તરફથી બસ આટલું જ છે. બધું રેકોર્ડ પર છે. ત્યારબાદ તેણે એક અપશબ્દનો પ્રયોગો કર્યો અને કથિત રીતે તેના કેસના કાગળો હવામાં ઉછાળ્યા હોવાનો આરોપ છે. એક સુરક્ષા ગાર્ડે તરત જ હસ્તક્ષેપ કર્યો, તે માણસને પકડી લીધો અને તેને કોર્ટરૂમની બહાર કાઢી મૂક્યો હતો. જેનાથી કાર્યવાહી ચાલુ રહી શકી હતી. આ ઘટનાના સંદર્ભમાં હજુ સુધી અદાલતમાં કોઇ તાત્કાલિક આદેશ જારી કરવામાં આવ્યો નથી.

## રથયાત્રા પહેલા અમદાવાદમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગઃ સીપી અનુપમસિંહે તૈયારીઓની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભગવાન જગન્નાથની ૧૪૯મી રથયાત્રા ૧૬ જુલાઈના રોજ નીકળવાની છે. રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં નીકળે તેને પગલે અમદાવાદ શહેર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશને તડામાર તૈયારીઓ કરી હતી. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે ક્રાઇમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓ સાથે રથયાત્રા રૂટ પર સુરક્ષાની સ્થિતિને લઈને સમીક્ષા કરી હતી.

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચે ફૂટ પેટ્રોલિંગને કોમી એકતા યાત્રા નામ આપ્યું હતું. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતની આગેવાનીમાં ક્રાઇમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલ, ડીસીપી અજિત રાજિયન તેમજ એસ.ઓ.જી અને સાયબર ક્રાઇમ બ્રાન્ચ સહિતની ટીમોએ પેટ્રોલિંગ કર્યું હતું. તેમણે કોઇપણ અફવા અને ભ્રામક માહિતી પર વિશ્વાસ ન રાખવા ખાસ અપીલ કરી હતી.

રથયાત્રાની તૈયારીઓ અને ફૂટ પેટ્રોલિંગને લઇને શહેર પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે ૧૪૯મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણ તૈયાર છે. પોલીસના ફૂટ પેટ્રોલિંગ દ્વારા રથયાત્રા પૂર્વે લોકોમાં સુરક્ષાની ભાવના અને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારવાનો પ્રયાસ કરાયો હતો.

ફૂટ પેટ્રોલિંગ ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી, સાયબર સેલ અને મહિલા વિંગ દ્વારા સંયુક્ત રીતે આવ્યું હતું. સરસપુર મંદિર સુધી આશરે ૮ કિલોમીટરનું એરિયા ડોમિનેશન અને પેટ્રોલિંગ કરાયું હતું. દરમિયાન નાગરિકોને પોલીસની સૂચનાઓનું પાલન કરવા અને પોલીસ અને લોકોના સહયોગથી રથયાત્રા સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.

અમદાવાદના મેયર હિતેશ બારોટે જણાવ્યું હતું કે, ૧૬મી તારીખે નીકળનારી ભગવાન જગન્નાથની ૧૪૯મી રથયાત્રાના રૂટનું શુક્રવારે (૧૦ તારીખે) જગન્નાથ મંદિરના ટ્રસ્ટી, ડેપ્યુટી મેયર, ચેરમેન અને ધારાસભ્ય કૌશિકભાઈની આગેવાનીમાં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગોતરું આયોજન કરાયું છે, જેમાં રૂટ પરના તમામ જર્જરિત મકાનોને નોટિસ આપીને જે મકાનના ઉતારવા જેવા ભાગ હતા તે ઉતારી લેવાયા છે અને સુરક્ષા માટે ત્યાં ગ્રીન કવર કે પતરા લગાડી દેવાયા છે. રથયાત્રાના દિવસે આવાં જર્જરિત મકાનો પર લોકો એકઠા ન થાય તે માટે પોલીસ બંદોબસ્તની સાથે કોર્પોરેશનની ટીમ પણ ત્યાં ખાસ હાજર રહેશે.

રથયાત્રાને પગલે વહીવટી તંત્ર દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી રહી છે. મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના તમામ પદાધિકારીઓ અને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સંયુક્ત રીતે સમગ્ર રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રથયાત્રાના રૂટ પર આવતાં જર્જરિત મકાનો, રોડ રિપેરિંગ અને વૃક્ષોના ટ્રિમિંગ સહિતની તમામ કામગીરી સમય પહેલાં જ પૂર્ણ કરી લેવામાં આવી છે, જેથી રથયાત્રા દરમિયાન ભક્તોને કોઈ મુશ્કેલી ન નડે.

જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ આ અંગે જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને કોર્પોરેશન અને પોલીસ વિભાગ દ્વારા ખૂબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

## બિહારના બાંકીપુરમાં ભાજપ શું કરવા ધારે છે?

### નીરજ સિન્હાની ઉમેદવારી પાછી ખેંચાવી બીજાને ટિકિટ આપી

પટણાઃ બિહારની બાંકીપુર વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપે એક મોટો રાજકીય નિર્ણય લીધો છે. પાર્ટીએ અભિષેક સિન્હા ઉર્ફે અભિષેક બંટીના બદલે નીરજ કુમાર સિન્હાને ઉમેદવાર બનાવ્યા છે અભિષેક સિન્હા પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી લીધા પછી ભાજપે નવી રણનીતિ પર કામ કર્યું છે. આ નિર્ણયથી બાંકીપુર ચૂંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે. રાજકીય વર્તુળોમાં આ નિર્ણયની વ્યાપક ચર્ચા થઈ રહી છે.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનના રાજીનામા બાદ આ બેઠક ખાલી થઈ હતી. જન સુરાજના સ્થાપક પ્રશાંત કિશોર પણ આ બેઠક માટે ચૂંટણી મેદાનમાં છે. ભાજપના જણાવ્યા અનુસાર, પાર્ટીએ હવે કિશોર સામે નીરજ કુમાર સિન્હાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. પેટાચૂંટણી માટે મતદાન ૩૦ જુલાઈના રોજ થશે અને ૩ ઓગસ્ટે મતગણતરી થશે. ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૩ જુલાઈ છે.



ત્રણ દેશના પ્રવાસના છેલ્લાં તબક્કામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઑકલૅન્ડ ખાતે પહોંચી આવ્યા હતા ત્યારે ન્યૂ ઝીલૅન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને તેમનું સ્વાગત કર્યું હતું. (એજન્સી)

## ભાજપે વડોદરા માંજલપુર પેટાચૂંટણી માટે સતીશ પટેલના નામની જાહેરાત કરી, 30મી જુલાઈએ મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની માંજલપુર બેઠક પરની પેટાચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા ગુરુવારે રાત્રે ઉમેદવાર તરીકે સતીષભાઈ ગોવિંદભાઈ પટેલના નામની જાહેરાત કરવામાં આવી હતી. પૂર્વ ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ આ બેઠક ખાલી પડી હતી. સતીશ પટેલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહી ચૂક્યા છે અને સહકારી ક્ષેત્રે પણ સક્રિય છે.

સતીષભાઈ પટેલ ભાજપના પાયાના અને મજબૂત સ્થાનિક નેતા છે. તેઓ લાંબા સમયથી વડોદરા શહેર અને જિલ્લા ભાજપના સંગઠનમાં સક્રિય રહ્યા છે. સ્થાનિક કાર્યકરો સાથે તેમનો સતત સંપર્ક અને સંગઠન માટેનું કાર્ય તેમને પાર્ટીના વિશ્વસનીય નેતાઓમાં સ્થાન અપાવે છે. માંજલુપર વિધાનસભામાં પણ તેમની સારી લોકપ્રિયતા અને મજબૂત પકડ છે. તેઓ વડોદરાના સહકારી માળખામાં પણ તેઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને પક્ષના વિવિધ સંગઠનાત્મક કાર્યો તેમજ સ્થાનીય પ્રશ્નોના નિરાકરણ માટે સતત કાર્યરત રહે છે.

સતીશ પટેલનો સહકારી ક્ષેત્ર સાથે પણ ગાઢ સંબંધ રહેલો છે. તેઓ અનેક સહકારી સંસ્થાઓમાં આગેવાન તરીકેની ભૂમિકા ભજવી ચૂક્યા છે. આ કનેક્શન તેમને સ્થાનિક સ્તરે મતદારો સાથે જોડાવામાં મદદરૂપ થશે. ભાજપ દ્વારા તેમની પસંદગી પાછળ પાટીદાર ફેક્ટર પણ એક મહત્ત્વનો મુદ્દો મનાઈ રહ્યું છે. માંજલપુર બેઠક પાટીદાર પ્રભુત્વવાળી બેઠક ગણાય છે, અને ભાજપે એક પાટીદાર નેતાને ટિકિટ આપીને આ સમુદાયને સાધવાનો પ્રયાસ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરાની માંજલુપર બેઠક પર ૬ જુલાઈથી ઉમેદવારી પત્ર ભરવાનો પ્રારંભ થઈ ગયો છે. ૧૩ જુલાઈ ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ છે. ૧૪ જુલાઈએ ઉમદવારી પત્રોની ચકાસણી થશે. ૧૬ જુલાઈ ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો અંતિમ દિવસ છે. ૩૦ જુલાઈએ મતદાન થશે અને ૩ ઑગસ્ટના રોજ પરિણામ જાહેર થશે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઓસ્ટ્રેલિયા સાથે યુરેનિયમ કરાર, કૉંગ્રેસને કેમ મરચાં લાગ્યાં?

**આપણા** વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયા જઈ આવ્યા. મોદીના બે દિવસના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન મેલબોર્નના સ્ટેડિયમમાં 'મોદી મોદી'ના નારા લાગ્યા કે મોદીએ ઓસ્ટ્રેલિયન ટી-૨૦ લીગ બિગ બેશની લીગ મેચો ભારતના ચેન્નાઈમાં રમાડવાની જાહેરાત કરી એવા ફાલતુ મુદ્દાઓને મીડિયામાં બહુ ચગાવાયા પણ મોદીએ દેશના હિતમાં કરેલા અસલી કામની બહુ નોંધ ના લેવાઈ. આ કામ ઓસ્ટ્રેલિયાએ નાગરિક પરમાણુ ઉપયોગ માટે ભારતને યુરેનિયમ વેચવા આપેલી સંમતિ છે. ઓસ્ટ્રેલિયા ભારતને કેટલું યુરેનિયમ આપશે તેનો ફોડ નથી પડાયો પણ મોદી અને ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ વચ્ચે થયેલા કરાર હેઠળ ઓસ્ટ્રેલિયા ભારતને હવે સતત યુરેનિયમનો જથ્થો આપ્યા કરશે એ સ્પષ્ટ રીતે કહેવાયું છે તેથી ભારતને બહુ મોટી રાહત થઈ ગઈ છે.

ઓસ્ટ્રેલિયાના નિર્ણયથી ભારત માટે પ્રદૂષણ ઘટાડીને વીજ ઉત્પાદન કરવા આડેનો એક બહુ મોટો અવરોધ દૂર થઈ ગયો છે. ભારતે સંખ્યાબંધ પરમાણુ મથકો સ્થાપ્યાં છે અને આ કામ ચાલુ જ છે. હજુય ભારત એક પછી એક પરમાણુ ઊર્જા મથકોની સ્થાપના કરી રહ્યું છે કેમ કે દેશની ઊર્જા જરૂરિયાત પણ રોજ રોજ વધતી જાય છે. કોલસા આધારિત વીજમથકોના કારણે પર્યાવરણની ગંભીર સમસ્યાઓ પણ પેદા થઈ રહી છે તેથી ભારતનો પરમાણુ ઊર્જા મથકો સ્થાપ્યા સિવાય છૂટકો નથી. આ મથકોને યુરેનિયમનો અવિરત જથ્થો મળતો રહેવો જોઈએ. વિશ્વમાં અમેરિકા અને ઓસ્ટ્રેલિયા પાસે જંગી પ્રમાણમાં યુરેનિયમ છે પણ બંને દેશો ભારતને યુરેનિયમ આપવામાં છૂટો હાથ નથી રાખતા. તેના કારણે આપણે પરમાણુ મથકોની ક્ષમતા જેટલી વીજળી પણ પેદા કરી શકતા નથી.

ઓસ્ટ્રેલિયા ભારતને સતત યુરેનિયમ આપ્યા કરે તો ભારતનાં પરમાણુ વીજમથકો ધમધમતાં થઈ જાય ને કોલસા પરની આપણી નિર્ભરતા ઘટે. અત્યારે ભારતના વીજ ઉત્પાદનમાં પરમાણુ વીજળીનો ફાળો માંડ ૩ ટકા છે. મોદી સરકારે ૨૦૪૭ સુધીમાં આ પ્રમાણ વધારીને ૩૦ ટકા કરવાનું અને ૧૦૦ ગિગાવોટ પરમાણુ વીજળી પેદા કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ લક્ષ્યને પાર પાડવાનો બધો મદાર ઓસ્ટ્રેલિયા પર છે કેમ કે વિશ્વમાં અત્યાર સુધી શોધાયેલા યુરેનિયમના ભંડારના લગભગ ૨૮ ટકા ઓસ્ટ્રેલિયા પાસે છે. દુનિયામાં સૌથી મોટા ભંડાર ચીન પાસે છે પણ ચીનની પોતાની જરૂરિયાત જ બહુ મોટી છે તેથી એ આપણને યુરેનિયમ આપે એ વાતમાં માલ નથી. ઓસ્ટ્રેલિયા પોતાને ત્યાં ખનન કરીને કઢાતા તમામ યુરેનિયમની નિકાસ કરે છે કેમ કે ઓસ્ટ્રેલિયા નથી પરમાણુ વીજમથકો ચલાવતું કે નથી પરમાણુ શસ્ત્રો બનાવતું. આ સંજોગોમાં ભારત માટે ઓસ્ટ્રેલિયા યુરેનિયમની જરૂરિયાત પૂરી કરવા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. કઝાખસ્તાન પાસે પણ મોટા પ્રમાણમાં યુરેનિયમનો જથ્થો છે. ભારત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનનું સભ્ય બન્યું પછી કઝાખસ્તાન પણ ભારતને યુરેનિયમ આપવા સહમત થયું છે પણ કઝાખસ્તાન પાસે ઓસ્ટ્રેલિયા જેવી ટેક્નોલોજી નથી ને યુરેનિયમની ગુણવત્તા પણ ઉતરતી છે તેથી ભારતને ઓસ્ટ્રેલિયાના યુરેનિયમમાં જ વધારે રસ હતો. ઓસ્ટ્રેલિયાએ આપણી લાગણીને સમજીને યુરેનિયમ આપવાની તૈયારી બતાવીને સારું કર્યું.

કમનસીબે ભારતમાં આ નિર્ણયની ખુશી મનાવવાના બદલે દેશના બે મુખ્ય રાજકીય પક્ષો કૂતરાં-બિલાડાંની જેમ લડી રહ્યા છે. મોદી અને અલ્બેનીઝ વચ્ચે થયેલા કરારને પગલે ભાજપે મોદી સરકારની ઐતિહાસિક સિદ્ધિ ગણાવતી ટ્વીટ કરી તેના પગલે કૉંગ્રેસને મરચાં લાગી ગયાં છે. કૉંગ્રેસનું કહેવું છે કે, ઓક્ટોબર ૨૦૦૮ માં ભારત-અમેરિકા નાગરિક પરમાણુ કરાર પર હસ્તાક્ષર થયા પછી ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન જુલિયા ગિલાર્ડે ડિસેમ્બર ૨૦૧૧માં ભારતને યુરેનિયમ વેચાણની મંજૂરી આપવા માટે લેબર પાર્ટીની મંજૂરી મેળવી લીધી હતી તેથી આ નિર્ણયમાં કશું નવું નથી એટલે ભાજપ જશ ખાટવાનું છોડી દે.

કૉંગ્રેસની વાત હાસ્યાસ્પદ છે કેમ કે ઓસ્ટ્રેલિયાએ ભલે ભારતને યુરેનિયમ આપવાની તૈયારી બતાવી પણ અત્યાર લગી યુરેનિયમ આપ્યું નથી. ભારતે ૧૯૯૮માં પરમાણુ પરીક્ષણ કર્યું તેના પગલે અમેરિકા સહિતના દેશોએ ભારત પર ઢગલાબંધ પ્રતિબંધો મૂક્યા તેમાં એક મુદ્દો ભારતને યુરેનિયમનું વેચાણ નહી કરવાનો પણ હતો. ડૉ. મનમોહનસિંહની સરકારે ૨૦૦૮માં અમેરિકા સાથે કરેલા પરમાણુ કરારને પગલે ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપે છૂટ આપી પછી ભારતને ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપના સભ્ય દેશો પાસેથી યુરેનિયમ ખરીદવાની મંજૂરી મળી ગઈ હતી. તેના પગલે ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયાની સરકારે સૈદ્ધાંતિક છૂટ આપી અને ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૦૧૪માં થયેલા નાગરિક પરમાણુ કરાર હેઠળ ઓસ્ટ્રેલિયા ભારતને નાગરિક પરમાણુ ઉપયોગ માટે એટલે કે વીજળી પેદા કરવા યુરેનિયમ આપવા સૈદ્ધાંતિક રીતે સંમત થયેલું પણ તેનું કદી પાલન નહોતું કર્યું.

ભારત વારંવાર ઓસ્ટ્રેલિયાને પરમાણુ કરારનો અમલ કરીને યુરેનિયમ આપવા વિનંતી કરતું હતું પણ ઓસ્ટ્રેલિયા એક યા બીજા બહાને વાત ટાળી દેતું હતું તેથી વાસ્તવિક રીતે કદી કરારનો અમલ ના થયો. ઓસ્ટ્રેલિયાને સૌથી મોટો વાંધો એ હતો કે, ભારતે પરમાણુ બિન પ્રસાર સંધિ પર સહી કરી નથી. આ કારણે બંને દેશો વચ્ચે છેલ્લા ૧૨ વર્ષથી પરમાણુ કરાર અસ્તિત્વમાં હોવા છતાં ભારતને યુરેનિયમ મળતું નહોતું. હવે મોદીની ઓસ્ટ્રેલિયા યાત્રા દરમિયાન મેલબોર્નમાં યોજાયેલા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં થયેલી ચર્ચાના કારણે ઓસ્ટ્રેલિયનોના મનમાં રામ વસ્યા હશે તેથી લાંબા સમયથી લટકેલી સમસ્યાનો નિવેડો લાવીને ભારતને યુરેનિયમ વેચવા ઓસ્ટ્રેલિયા રાજી થઈ ગયું તેથી તેનો જશ મોદી સરકાર ખાટે તેમાં કશું ખોટું નથી. કૉંગ્રેસ ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયાએ મંજૂરી આપી દીધેલી તેની પિપૂડી વગાડે છે પણ સૈદ્ધાંતિક મંજૂરીને શું કરવાની ? સૈદ્ધાંતિક મંજૂરીથી થોડાં પરમાણુ મથકો ચાલુ થવાનાં છે ? પરમાણુ મથકો ચલાવવા યુરેનિયમ જોઈએ ને કૉંગ્રેસની સરકાર યુરેનિયમ આપવા માટે ઓસ્ટ્રેલિયાને રાજી નહોતી કરી શકી એ વાસ્તવિકતા છે. કોંગ્રેસે આ વાસ્તવિકતા સ્વીકારવાની જરૂર છે.

કૉંગ્રેસે હકારાત્મક વલણ અપનાવીને વિપક્ષની ભૂમિકા ભજવવાની જરૂર છે. ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ આપવા તૈયાર થયું તેના મૂળમાં કૉંગ્રેસ સરકારે ૨૦૦૮માં અમેરિકા સાથે કરેલો પરમાણુ કરાર છે. ડૉ. મનમોહનસિંહની સરકારે ૨૦૦૮માં અમેરિકા સાથે પરમાણુ કરાર કરીને ભારત સાથે બીજા દેશોને પરમાણુ મુદ્દે સહકારનો તખ્તો તૈયાર કરી નાંખેલો. ડૉ. મનમોહનસિંહે પોતાની સરકાર ગબડી જાય એવું જોખમ ઉઠાવીને આ કરાર કરેલો કેમ કે એ વખતે ડાબેરીઓએ પરમાણુ કરારના વિરોધમાં મનમોહનસિંહ સરકારને આપેલો ટેકો પાછો ખેંચી લીધો હતો. મનમોહનસિંહનું આ વલણ સરાહનીય કહેવાય કેમ કે સત્તાની પરવા કર્યા વિના તેમણે દેશહિતને મહત્ત્વ આપ્યું. કૉંગ્રેસ એ માટે જશ પણ ખાટી શકે ને ગર્વ પણ લઈ શકે પણ પાણીમાંથી પોરા કાઢીને વાસ્તવિક રીતે જે બન્યું જ નહીં તેનો જશ ખાટવા જાય તેમાં ભૂંડી લાગે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૧૧-૭-૨૦૨૬,
પારસી ૧૨મો સ્પેન્દાર્મદ માસારંભ, ભાગવત યોગિની એકાદશી

- ભારતીય દિનાંક ૨૦, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ● ૧૩૯૫
- પારસી કદમી ગાથા-૧ અહુનવદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૭મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર કૃત્તિકા સવારે ક. ૧૧-૦૩ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૯-૨૬, સાંજે ક. ૨૦-૩૯
- ઓટઃ બપોરે ક. ૧૫-૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૮ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ - દ્વાદશી. ભાગવત યોગિની એકાદશી (સાકર), પારસી ૧૨મો સ્પેન્દાર્મદ માસારંભ, શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ સવારે ક. ૧૧.૦૩ થી સૂર્યોદય (પ્રયાણે વર્જ્ય) તિથિવાસર સવારે ક. ૧૦-૩૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુ કળશ, ખાત મુહૂર્ત, આ દુર્લભ જ્યોતિષ યોગમાં કરેલાં કાર્યોમાં ધારી સફળતા અને સ્થિરતા પ્રાપ્ત થાય છે. ઈષ્ટદેવતાની પૂજા, મંત્રસિદ્ધિ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, નવા વેપાર કરાર કરવા, કાનૂની કાર્ય પૂર્ણ કરવા, લાંબા સમયનું ઈન્વેસ્ટમેન્ટ કરવું. કિંમતી વસ્તુની ખરીદી અમૃતસિદ્ધિયોગ હોય થઈ શકે છે. પ્રવાસ વર્જ્ય છે. ઉંબરાના વૃક્ષનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, સૂર્ય-શનિ દેવતાનું પૂજન, પશુ લેવડદેવડ, જાંબુ વાવવા, ધ્રુવદેવતાનું પૂજન, બ્રહ્માનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, બગીચાના કામકાજ, બી વાવવું, ધાન્ય વેંચવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિનાયક પૂજા.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ બહુ જ પહોંચેલા, ચંદ્ર-હર્ષલ યુતિ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# હનુમાનગઢી મંદિરમાં નમાઝની પરવાનગી બદલ કૉંગ્રેસ, એસપી માફી માગેઃ આદિત્યનાથ

અયોધ્યાઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કૉંગ્રેસ અને સમાજવાદી પક્ષ (એસપી) પર હિન્દુ ધર્મનો અનાદર કરવાનો અને અયોધ્યાસ્થિત હનુમાનગઢી મંદિરમાં મુસ્લિમોને નમાઝ પઢવાની પરવાનગી આપવાનો આક્ષેપ કર્યો હતો અને આ પાપ કરવા બદલ કૉંગ્રેસ તેમ જ સમાજવાદી પક્ષે માફી માગવી જોઈએ એવી માગણી કરી હતી.

૪૩૨ કરોડ રૂપિયાના ખર્ચે અમલમાં મૂકાનારાં ૨૧૭ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલારોપણ કર્યા બાદ અયોધ્યાના બિકાપુરમાં એક જાહેરસભાને સંબોધન કરતાં આદિત્યનાથે કહ્યું હતું કે આજે જેઓ હિન્દુ ધર્મની વાતો કરવાનો દાવો કરી રહ્યા છે તેમણે અગાઉ હનુમાનગઢી મંદિરમાં નમાઝ પઢવાની પરવાનગી આપવાનું પાપ કર્યું હતું. તેમણે તો હનુમાનગઢી મંદિરમાં નમાઝ પઢી હતી, પરંતુ જામા મસ્જિદની અંદર કોઈ હનુમાન ચાલીસાના પાઠ બોલી શકે એવી કલ્પના કોઈ કરી શકે? શું કોઈ પણ સરકાર, સમાજવાદી પક્ષ કે કૉંગ્રેસે એમ થવા દીધું? અને જો જવાબ નનાથ હોય તો પછી તેમણે હનુમાનગઢીમાં નમાઝ પઢવાની પરવાનગી આપવાનું પાપ કેમ કર્યું? એ માટે કોણ જવાબદાર છે? એવો સવાલ તેમણે કર્યો હતો. દેખીતી રીતે જ આદિત્યનાથ વર્ષ ૨૦૦૩ના નવેમ્બરની ઘટનાનો ઉલ્લેખ કરી રહ્યા હતા (એજન્સી)

# ૧,૦૦૦ કિ. મી. પહોળું 'બાવી' વાવાઝોડું ચીન, તાઈવાનમાં ભયંકર તબાહી લાવશે

બીજિંગઃ ચીને શુક્રવારે રાજધાની બીજિંગ અને પડોશી હેબેઈ પ્રાંત માટે ભારે તોફાનની ચેતવણી જાહેર કરી છે અને સંબંધિત સરકારી વિભાગોને કુદરતી આફત માટે તૈયાર રહેવા જણાવ્યું છે. દક્ષિણ ફિલિપાઈન્સમાં દાયકાના સૌથી શક્તિશાળી તોફાનમાંના એકના કારણે થયેલા ભૂસ્ખલનથી ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા છે જ્યારે પૂર્વ એશિયાના કેટલાક હિસ્સાઓ આવનારા તોફાન માટે તૈયાર છે. ૧૦૦૦ કિમી સુધીની પહોળાઈ ધરાવતું તોફાન બાવી પેસિફિક મહાસાગરને પાર કરીને તાઇવાન તરફ આગળ વધી રહ્યું છે. શનિવારે દક્ષિણ-પૂર્વ ચીનમાં જમીન સાથે ટકરાય તે પહેલા તાઇવાનના ઉત્તર અને પૂર્વ અને જાપાનના દૂરના ટાપુઓમાં ભારે વરસાદ પડવાની ધારણા છે.

તોફાનને પગલે અનેક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે અને સ્કૂલોમાં રજાઓ જાહેર કરાઈ છે. વાવાઝોડા પહેલા લોકો પુરવઠો એકઠો કરી રહ્યા હોવાથી સુપરમાર્કેટ લગભગ ખાલી થઈ ગયા છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસા અને તોફાન બાવીથી પ્રભાવિત શુક્રવારથી સોમવાર સુધી ઉત્તર ચીનના કેટલાક ભાગોમાં મુશળધાર વરસાદ પડી શકે છે. ઈમર્જન્સી મેનેજમેન્ટ મંત્રાલયે જણાવ્યું હતું કે બીજિંગ અને હેબેઈના કેટલાક વિસ્તારોમાં ૩૦૦-૩૫૦ મિ.મી. વરસાદ પડી શકે છે. તાઇવાનના સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશને રોઇટર્સને જણાવ્યું હતું કે તોફાન બાવી ૧૯૮૭ પછી ટાપુ પર ત્રાટકનાર કદની દ્રષ્ટિએ સૌથી મોટું વાવાઝોડું હશે. કેટલીક આગાહીઓ અનુસાર, તોફાન બાવી ચીનમાં બે વખત જમીન સાથે ટકરાઈ શકે છે. શિન્હુઆ સરકારી સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, મંત્રાલયે અસરગ્રસ્ત પ્રદેશોમાં સંબંધિત અધિકારીઓને બચાવ દળો, પુરવઠો અને સાધનો તહેનાત કરવા અને નિરીક્ષણ અને પ્રારંભિક ચેતવણીને વધુ ઝડપી બનાવવા જણાવ્યું છે. ૨૦૨૬ના નવા તોફાન બાવી માટે ચીને ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. તોફાનથી પૂર્વ ચીનમાં ભારે વરસાદ વરસી શકે છે.

# કૈલાશ માનસરોવરના યાત્રાળુઓની પહેલી ટુકડી તિબેટ પહોંચી

પિઠોરાગઢઃ કૈલાશ માનસરોવર યાત્રાના યાત્રાળુઓની પહેલી ટુકડી શુક્રવારે સવારે ઉત્તરાખંડથી ૧૭,૫૦૦ ફૂટની ઊંચાઇ પર સ્થિત લિપુલેખ પાસને પાર કરીને તિબેટ પહોંચી હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

કૈલાશ માનસરોવર યાત્રા માટેની નોડલ એજન્સી કુમાઉ મંડલ વિકાસ નિગમ(કેએમવીએન)ના ધારચુલા બૅઝ કેમ્પ પર તહેનાત અધિકારીએ જણાવ્યું કે ૪૮ સભ્યોના આ જૂથએ સવારે ૯-૦૫ વાગ્યે લિપુલેખ પાસ પાર કર્યો હતો.

ધારચુલા કેમ્પના ઇન્ચાર્જ અધિકારી ધન સિંહ બિષ્ટે જણાવ્યું કે ૪૮ યાત્રાળુઓ ઉપરાંત પ્રથમ જથ્થામાં એક ડોક્ટર અને ચાર સહાયક સ્ટાફ સભ્યોનો પણ સમાવેશ થાય છે. શરૂઆતમાં પહેલા જથ્થામાં ૪૯ યાત્રાળુઓ હતા, પરંતુ વ્યક્તિગત કારણોસર એક યાત્રળુને ગુંજી કેમ્પથી જ પાછા ફરવાની ફરજ પડી હતી.

બિષ્ટે વધુમાં જણાવ્યું કે ૪૭ યાત્રાળુઓ ધરાવતા બીજા જથ્થાની યાત્રા થોડી મોડી પડી હતી. કારણ કે ધારચુલાથી આગળ લખનપુરમાં ભૂસ્ખલન થયું હતું. જો કે આ જૂથ શુક્રવાર સાંજ સુધીમાં ગુંજી પહોંચી જશે. તેમજ રાત્રિ રોકાણ કર્યા બાદ શનિવાર સવારે ફરી યાત્રા શરૂ કરશે, એમ તેમણે કહ્યું હતું.

# મને પોલીસમાં વિશ્વાસ હતો અને કરુર દુર્ઘટના માટે તેમણે મને જ દોષી ઠેરવ્યોઃ વિજય

ચેન્નઈઃ કરુરમાં થયેલી ભાગદોડના નવ મહિના પછી, જેમાં ૪૧ લોકોનાં મોત થયા હતા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી પર અસર થઇ હતી, તમિળનાડુના મુખ્ય પ્રધાન વિજય શુક્રવારે શહેરમાં પાછા ફર્યા હતા, તેમણે દુર્ઘટનામાં પોતાની ભૂમિકાનો બચાવ કર્યો હતો, પોલીસની પ્રતિક્રિયા પર સવાલ ઉઠાવ્યા અને ભૂતપૂર્વ ડીએમકે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ભોગ બનેલા પરિવારોના સભ્યોને નિમણૂક પત્રો સોંપવા માટે મુખ્ય પ્રધાન તરીકે કરુરની પોતાની પહેલી મુલાકાતમાં એક સભાને સંબોધતા, વિજયે સ્પષ્ટ લાગણી સાથે દુર્ઘટનાને યાદ કરતા કહ્યું કે આ નુકસાન તેમના પર ભારે પડી રહ્યું છે. માથાથી પગ સુધી કાળા વસ્ત્રો પહેરેલા વિજયે કહ્યું કે, કરુરમાં થયેલી ભાગદોડથી ભારે દુઃખ થયું. અમે અમારી બહેનોના બાળકો ગુમાવ્યા છે.

વેલુસામીપુરમમાં વિજયની ચૂંટણી રેલી દરમિયાન ભાગદોડ થઈ હતી, જ્યાં તેમના ટીવીકે પાર્ટીના હજારો ચાહકો અને સમર્થકો ભેગા થયા હતા. બાળકો અને સુપરસ્ટારના યુવાન ચાહકો સહિત ૪૧ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કેસની તપાસ હાલમાં સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહી છે. વિજયે આરોપોને નકારી કાઢ્યા કે તેમનો પક્ષ મૃત્યુ માટે જવાબદાર છે, અને દલીલ કરી હતી કે ભીડનું સંચાલન પોલીસની જવાબદારી છે.

અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયે કહ્યું કે મને ભીડને કાબૂમાં રાખવા માટે પોલીસ પર વિશ્વાસ હતો, છતાં મૃત્યુ માટે મને દોષી ઠેરવવામાં આવ્યો.

રૅલીમાં સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્ન ઉઠાવતા, વિજયે કહ્યું કે અધિકારીઓ તેમની ટીમને બગડતી પરિસ્થિતિ વિશે ચેતવણી આપીને દુર્ઘટનાને અટકાવી શક્યા હોત. તેના બદલે, તેઓએ નાટકનો આશરો લીધો અને દોષારોપણ કર્યું, એવો તેમણે આરોપ લગાવ્યો.

ભાગદોડમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવાની જાહેરાત કરતા, વિજયે કહ્યું કે કરુર મારા હૃદયમાંથી ક્યારેય નહીં જાય. પીડિતોની યાદમાં એક સ્મારક બનાવવામાં આવશે.

વિજયે કહ્યું એમકે સ્ટાલિનના ડીએમકે પર પણ નિશાન સાધ્યું હતું કે જાણે તમે હજુ પણ સત્તામાં છો, તમે કહી રહ્યા છો કે મારે કરુર ન જવું જોઈએ. શું તમે હજુ પણ સપના જુઓ છો? તમારી પાર્ટી ઘરે ગઈ અને ટીવીકે સત્તામાં છે.

# ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ખેલકૂદ પ્રવૃત્તિ પર બંધી

નવી દિલ્હીઃ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વૉટર ઑથોરિટી અને ટ્રિબ્યૂનલે ભૂગર્ભમાંના જળસંગ્રહના વપરાશને મામલે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (એનજીટી)એ શુક્રવારે દેશના ત્રણ ક્રિકેટ ગ્રાઉન્ડ પર પરવાનગી વિના રમતગમતની પ્રવૃત્તિ કરવા પર કામચલાઉ પ્રતિબંધ લગાડ્યો હતો. આ મેદાનોમાં નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમ ઉપરાંત રાયપુર અને જયપુરા સ્ટેડિયમનો સમાવેશ થાય છે. ક્રિકેટ ગ્રાઉન્ડ અને પિચની જાળવણી માટે સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા પ્રક્રિયા કરી શુદ્ધ કરવામાં આવેલું પાણી વાપરવાને બદલે ગ્રાઉન્ડ વૉટર કે ફ્રેશ વૉટરનો ઉપયોગ કરવા બદલ તેમ જ ગ્રાઉન્ડ વૉટર સ્ટોરેજ, ડિસ્ચાર્જ અને રિસ્ટોરેશન માટે રેઈન વૉટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ન બેસાડવાને મામલે એનજીટીએ આ આદેશ આપ્યો હતો.

અગાઉ ટ્રિબ્યૂનલે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ સહિત છ ક્રિકેટ સ્ટેડિયમને આ મામલે નૉટિસ પાઠવી હતી.

જે સ્ટેડિયમને નોટિસ પાઠવવામાં આવી હતી તેમમાં અરુણ જેટલી સ્ટેડિયમ (દિલ્હી), શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ (રાયપુર), સવાઈ માનસિંહ સ્ટેડિયમ (જયપુર), ડૉ. ડી. વાય. પાટીલ સ્ટેડિયમ (મુંબઈ), ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી ક્રિકેટ સ્ટેડિયમ (લખનઊ) અને બારાબાતી સ્ટેડિયમ (કટક)નો સમાવેશ થાય છે. (એજન્સી)

# ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીના ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરશે

નવી દિલ્હીઃ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાએ લગભગ બે વર્ષમાં પહેલી વાર પોતાના વતન પાછા ફરવાની પોતાની યોજના જાહેર કરી છે. ભારતમાં રહેતા હસીનાએ જણાવ્યું છે કે તે આ વર્ષે ડિસેમ્બરની આસપાસ બાંગ્લાદેશ પરત ફરશે અને કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કરશે. તેમણે જણાવ્યું હતું કે તેઓનું માનવું છે કે તેમના પરત ફરતા જ તેમની ધરપકડ થઈ શકે છે અને તેમના જીવને જોખમ હોઈ શકે છે, પરંતુ તેઓ ચોક્કસ પાછા ફરશે.

ન્યૂઝ એજન્સી રોઇટર્સ સાથેની વાતચીતમાં ૭૮ વર્ષીય હસીનાએ કહ્યું હતું કે, ''જ્યારે હું પાછી ફરીશ ત્યારે મારી ધરપકડ થઈ શકે છે. મારી હત્યા પણ થઈ શકે છે. તેમ છતાં હું પરત ફરીશ. મારા પક્ષના નેતાઓ અને કાર્યકરો પર સતત કાર્યવાહી ચાલી રહી છે. જો મારે મરવું પડે તો હું મારા દેશની ધરતી પર મરવા માંગુ છું, જ્યાં મારા માતાપિતાને દફનાવવામાં આવ્યાં છે.''

વધુમાં હસીનાએ કહ્યું હતું કે તે એકલી નહીં ફરે. ભારત અને અન્ય દેશોમાં રહેતા ઘણા વરિષ્ઠ અવામી લીગના નેતાઓ પણ તેમની સાથે બાંગ્લાદેશ જશે અને કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કરશે. તેમાં ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અસદુઝમાન ખાન કમાલનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ વડા પ્રધાને જણાવ્યું હતું કે બાંગ્લાદેશ પાછા ફરવાનો નિર્ણય સંપૂર્ણપણે તેમનો પોતાનો હતો. તેમણે આ બાબતે ભારત કે અન્ય કોઈ સરકાર સાથે સલાહ લીધી ન હતી. તેમણે એમ પણ કહ્યું કે લોકશાહી, ચૂંટણી અને ન્યાય જેવા મુદ્દાઓ પર કોઈ ગુપ્ત ચર્ચા થઈ શકે નહીં.

ભારતમાં હોવા છતાં શેખ હસીના પાર્ટીના નેતાઓ સાથે સતત સંપર્કમાં રહે છે. તેમણે જણાવ્યું કે ઓનલાઈન મીટિંગ દ્વારા તેમણે અત્યાર સુધીમાં બાંગ્લાદેશની ૩૦૦ સંસદીય બેઠકોમાંથી ૧૨૫ બેઠકોના નેતાઓ અને કાર્યકરો સાથે વાત કરી છે. તેમણે કહ્યું કે પાર્ટીને ફરીથી મજબૂત બનાવવાનું કામ ચાલુ છે.

૨૦૨૪માં વિરોધ પ્રદર્શનોના કારણે હસીનાને બાંગ્લાદેશ છોડવું પડ્યું હતું. નવેમ્બરમાં દેશની યુદ્ધ અપરાધ અદાલતે તેમને વિદ્યાર્થી નેતૃત્વવાળા બળવા પર ઘાતક કાર્યવાહીનો આદેશ આપવા બદલ તેમની ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા ફટકારી હતી. તેમણે દેશનિકાલમાંથી આરોપોનો ઇનકાર કર્યો છે.

તેમના પરત ફરવાથી બાંગ્લાદેશમાં રાજકીય વિભાજન વધુ તીવ્ર બની શકે છે કારણ કે ઢાકામાં સરકાર બે વર્ષના ઊથલપાથલ પછી સ્થિર થવા માગે છે. તે ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધોમાં પણ સુધારો કરી શકે છે. કારણ કે ભારતે હસીનાને આશ્રય આપ્યો ત્યારથી બન્ને દેશો વચ્ચેના સંબંધો ખરાબ થયા છે.

બાંગ્લાદેશ સરકારના પ્રવક્તાએ હસીનાની જાહેરાત પર કોઈ જવાબ આપ્યો નહોતો. ભારતના વિદેશ મંત્રાલયે પણ જવાબ આપ્યો ન હતો.

# ૧૯૯૩ શ્રીનગર હિંસા કેસઃ એનઆઈએ દ્વારા શબ્બીર શાહ સહિતનાઓ સામે ચાર્જશીટ

નવી દિલ્હીઃ શ્રીનગરમાં ત્રણ દાયકા અગાઉ હત્યા કરાયેલા આતંકવાદીની અંતિમક્રિયા દરમિયાન પોલીસ અધિકારીઓ વિરુદ્ધ મોટાપાયે હિંસા આચરવા કથિત ઉશ્કેરણી કરવાને મામલે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ શબ્બીર અહમદ શાહ સહિત છ કાશ્મીરી અલગતાવાદી નેતા વિરુદ્ધ શુક્રવારે ચાર્જશીટ દાખલ કરી હતી. જમ્મુની વિશેષ અદાલતમાં એનઆઈએ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં હૂરિયત કોન્ફરન્સના દિવંગત નેતા સૈયદ અલી શાહ ગિલાની (પાકિસ્તાન તરફી કટ્ટર ટેકેદાર), જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ પ્રધાન સજ્જાદ લૉનના પિતા અબ્દુલ ગની લૉન અને મોહંમદ યાકુબ વકીલના નામનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત પ્રતિબંધિત સંગઠન જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (જેકેએલએફ)ના ભૂતપૂર્વ કમાન્ડર કાશ્મીરી અલગતાવાદી નેતા જાવેદ અહમદ મીર અને શકીલ અહમદ બક્ષી પર પણ આરોપો લગાડવામાં આવ્યા છે.

ચાર્જશીટમાં પુરાવા સહિત ગુનાઈત કાવતરાંમાં તેમની ભૂમિકા અને આશય સ્પષ્ટ કરવામાં આવ્યા છે. (એજન્સી)

# અમેરિકામાં આગામી દિવસોમાં ભીષણ ગરમી પડવાની વૈજ્ઞાનિકોની ચેતવણી

વૉશિંગ્ટનઃ અમેરિકાના મોટાભાગના ભાગોએ ભીષણ ગરમીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. અમેરિકાના ૪૮ રાજ્યોમાંથી મોટાભાગના રાજયો એક વિશાળ અને લાંબા સમય સુધી ચાલનાર હીટ ડોમની ઝપટમાં આવવાની તૈયારીમાં છે.

આ હીટ ડોમના લીધે તાપમાનમાં ભારે વધારો નોંધાશે. અમેરિકાની રાષ્ટ્રીય હવામાન સેવા દ્વારા આ સ્તરને 'અત્યંત અને ખતરનાક' તરીકે વર્ણવવામાં આવ્યું છે. હવામાનશાસ્ત્રીઓએ જણાવ્યું કે આ હીટ વેવ આ અઠવાડિયાના અંતમાં શરૂ થશે અને ઓછામાં ઓછા એક અઠવાડિયા સુધી ચાલશે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તેની અસર મહિનાના અંત સુધી અનુભાઇ શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ઘણા વિસ્તારોમાં રાત્રે પણ તાપમાન સામાન્ય કરતાં ૧૫ થી ૨૫ ડિગ્રી ફેરનહીટ(૮ થી ૧૪ ડિગ્રી સેલ્સિયસ) વધુ રહેશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે રાત્રિના સમયે ઊંચું તાપમાન માનવ સ્વાસ્થ્ય અને અગાઉથી જ સક્રિય જંગલની આગને બુઝાવવાના પ્રયાસો માટે બહુ ખરાબ સાબિત થાય છે.

યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા એગ્રીકલ્ચર એન્ડ નેચરલ રિસોર્સિસના આબોહવા વૈજ્ઞાનિક ડેનિયલ સ્વેને જણાવ્યું કે આ આગામી હીટ વેવ ખૂબ અસાધારણ હોવાનું જણાઇ રહ્યું છે. તે લાંબો સમય ચાલનારી, વ્યાપક અને તીવ્ર ગરમીની ઘટના હશે. જે એક અઠવાડિયા કરતાં વધુ સમય સુધી લાખો લોકોને પ્રભાવિત કરશે.

ત્રણ હવામાનશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર હાઇ પ્રેશરનો એક ડોમ- જે ઠંડા પવનો અને વરસાદને અવરોધે છે અને ગરમ હવાને વાસણના ઢાંકણની જેમ રોકી રાખે છે- શરૂઆતમાં ઉત્તરીય મેદાની વિસ્તારો ઉપર બનશે.

# અબડાસાના ગરડા પંથકની શિક્ષણ વ્યવસ્થા રામભરોસેઃ વાયોર હાઈસ્કૂલની તાળાબંધીની ગ્રામજનોની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના ગરડા પંથકના મુખ્ય મથક એવા વાયોર ગામની ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણની સ્થિતિ અત્યંત દયનીય અને ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે.

આસપાસના આશરે ૪૦ જેટલા ગામોના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ મેળવવાનું એકમાત્ર કેન્દ્ર ગણાતી આ શાળા હાલમાં માત્ર એક જ મહિલા શિક્ષકના ભરોસે ચાલી રહી હોવાથી વાલીઓ અને ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપ્યો હતો. રોષે ભરાયેલા સ્થાનિકોએ તંત્રને ચીમકી આપી છે કે જો યુદ્ધના ધોરણે શિક્ષકોની નિમણૂક નહીં કરાય, તો શાળાને તાળાબંધી કરી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાયોરની આસપાસ આવેલા ઉકીર, વાગોઠ, ફુલાય, ભોવા, વાગાપધર, સારાવાના, અકરી મોટી, બેર મોટી-નાની, થુમડી, નવાવાસ, ખારઈ, કરમટા, મોહાડી, સુખપર, છ્સરા અને કેરવાઢ સહિતના ૪૦ જેટલા ગામોના ધોરણ ૧૧ અને ૧૨ના આશરે ૫૦થી વધુ વિદ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ અર્થે આવે છે. આ સરકારી શાળામાં નિયમ મુજબ કુલ ૫ શિક્ષકોનું મહેકમ મંજૂર થયેલું છે. આમ છતાં, લાંબા સમયથી અહીં માત્ર એક જ શિક્ષિકા બહેન આખી શાળાનો વહીવટી અને શૈક્ષણિક કાર્યભાર એકલા હાથે સંભાળી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે વળી તંત્ર દ્વારા શાળાના અન્ય એક શિક્ષકને પણ વ્યવસ્થાના ભાગરૂપે બુટા ગામે ડેપ્યુટેશન પર મોકલી દેવાતા વાયોર શાળાની શિક્ષણ વ્યવસ્થા સાવ પડી ભાંગી છે.

આ ગંભીર સમસ્યા અંગે વાયોર જૂથ ગ્રામ પંચાયતના સરપંચ પ્રભાતસિંહ સતુભા જાડેજા દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી, તાલુકા શિક્ષણ અધિકારી, અબડાસાના ધારાસભ્ય તેમજ ઉચ્ચ વહીવટી અધિકારીઓને અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્રના બહેરા કાને હજુ સુધી કોઈ જ જૂ સરકી નથી.

અકરી મોટી ગામના પૂર્વ સરપંચ અને કરમટાના અગ્રણી રાજાભાઈ રબારીએ ઉગ્ર આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, સરકારી તંત્ર અને સ્થાનિક રાજકીય નેતાઓની ઘોર ઉપેક્ષાના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે. જો આગામી દિવસોમાં તાકીદે શિક્ષકોની ભરતી નહીં થાય તો વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્વયંભૂ શાળા બંધ કરાવી વિરોધ પ્રદર્શન કરશે, જેની તમામ જવાબદારી શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્રની રહેશે.

સ્થાનિક રહીશોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, વાયોર અને તેની આસપાસના ગરડા વિસ્તારમાં અલ્ટ્રાટેક સિમેન્ટ, નિરમા સિમેન્ટ, અદાણી સિમેન્ટ અને સુઝલોન પવનચક્કી જેવા દેશના અગ્રણી અને અબજો રૂપિયાના ઔદ્યોગિક એકમો કાર્યરત છે.

આ કંપનીઓએ સ્થાનિક સ્તરે પાણીના ભાવે કિંમતી જમીનો મેળવીને પોતાનો આર્થિક વિકાસ તો ખૂબ ઝડપથી સાધ્યો છે, પરંતુ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં તેઓ સદંતર નિષ્ફળ નીવડ્યા છે.

બિલકુલ નજીક આવેલી અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા પણ આ વિસ્તારના શિક્ષણ ક્ષેત્રના ઉત્થાન માટે કોઈ જ પ્રશંસનીય સહયોગ આપવામાં આવતો નથી. સ્થાનિક ઉદ્યોગોની એ નૈતિક ફરજ બને છે કે તેઓ આસપાસના અંતરિયાળ ગામોમાં રોજગાર, આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓ વિકસાવે, પરંતુ કંપનીઓ માત્ર નફો કમાઈને પોતાની સામાજિક જવાબદારીઓમાંથી છટકબારી શોધી રહી છે. ગ્રામજનોએ એકસૂરે વાયોર હાઇસ્કૂલમાં તાત્કાલિક ધોરણે પૂરતો સ્ટાફ ફાળવવામાં આવે તેવી માંગ કરી હતી. ■

# આકાશી આફતની રેલવે પર વ્યાપક અસરઃ ચોથા દિવસે પણ મુંબઈથી કચ્છ એક્સપ્રેસ રદ, મુસાફરો મુશ્કેલીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સુરત પંથકમાં સર્જાયેલી ભારે વરસાદની પરિસ્થિતિના કારણે કચ્છ-મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર હજુ પણ સંપૂર્ણ થાળે પડ્યો નથી. સતત ચોથા દિવસે પણ ટ્રેનોના શિડ્યુલ ખોરવાયેલા રહેતાં મુંબઈથી ભુજ આવતી એક મુખ્ય ટ્રેનને રદ કરવાની નોબત આવી હતી. જોકે, રાહતના સમાચાર એ છેકે શુક્રવારે ભુજથી મુંબઈ તરફ જતી બંને મુખ્ય ટ્રેનો નિયત સમયપત્રક મુજબ રવાના થઈ હતી.

રેલવેના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સુરતમાં ટ્રેક પર પાણી ભરાઈ જવાના કારણે મુંબઈથી કચ્છ આવતી કચ્છ એક્સપ્રેસ, સયાજીનગરી એક્સપ્રેસ અને બાંદ્રા-ભુજ સાપ્તાહિક ટ્રેન કલાકો સુધી અટવાઈ પડી હતી અને બુધવારે ભારે વિલંબ સાથે ભુજ પહોંચી હતી. અગાઉ મંગળવારે સયાજીનગરી એક્સપ્રેસને ગાંધીધામ ખાતે જ આંશિક રદ કરાઈ હતી, જ્યારે ગઈકાલે ભુજથી ઉપડતી અપ કચ્છ એક્સપ્રેસને રદ કરવામાં આવી હતી.

આ ખોરવાયેલા શિડ્યુલના કારણે પેરીંગ રેક (ટ્રેનના ખાલી ડબ્બા) સમયસર મુંબઈ ન પહોંચી શકતાં, આજે બાંદ્રા ટર્મિનસથી ભુજ આવતી ડાઉન કચ્છ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૨૨૯૫૫) ને સંપૂર્ણપણે રદ જાહેર કરવામાં આવી હતી. સતત ચોથા દિવસે પણ ટ્રેનો રદ થવાની અને વિલંબની સ્થિતિ ચાલુ રહેતાં સેંકડો પ્રવાસીઓ ભારે હાલાકીમાં મુકાયા છે અને મુસાફરોના આગોતરા આયોજનો ખોરવાઈ ગયા છે. ■

# ભુજમાં કરોડોનું સાયબર કૌભાંડ 'કેડીસીસી' બેંકના મ્યુલ એકાઉન્ટમાં દેશભરની ઠગાઈના ૧.૧૨ કરોડ જમા થતાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ ડિજિટલ ઠગબાજો દ્વારા આચરવામાં આવતી ઓનલાઇન છેતરપિંડીના નેટવર્કનો વધુ એક મોટો રેલો ભુજ સુધી લંબાયો હતો. ગુજરાત સરકાર દ્વારા સાયબર ક્રાઇમ અટકાવવા માટે શરૂ કરાયેલા ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત ભુજની એક પ્રતિષ્ઠિત બેંકનું શંકાસ્પદ ખાતું રડારમાં આવ્યું છે. ભારતના અલગ-અલગ રાજ્યોમાં થયેલી કુલ ૨૧૬ ઓનલાઇન છેતરપિંડીના આશરે રૂા. ૧,૧૧,૭૬,૭૯૫ (૧.૧૨ કરોડ) આ એક જ બેંક ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું ખૂલતાં ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પશ્ચિમ કચ્છ એલ.સી.બી. શાખાના સાયબર સેલ દ્વારા સમન્વય પોર્ટલ પર મ્યુલ એકાઉન્ટ્સ (ભાડે આપેલા કે ગેરકાયદે નાણાકીય વ્યવહારો માટે વપરાતા ખાતા) ની છાનબીન કરવામાં આવી રહી હતી. આ તપાસ દરમિયાન કચ્છ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક (કે.ડી.સી.સી.)-ભુજ શાખાનું ખાતા નંબર ૧૯૧૦૦૧૧૮૬૭૩૬ શંકાસ્પદ જણાયું હતું. બેંકિંગ વ્યવહારોની ઊંડી તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે, ગત ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫થી લઈને અત્યાર સુધીના સમયગાળામાં દેશભરમાં આચરાયેલી ૨૧૬ જેટલી ડિજિટલ છેતરપિંડીના નાણાં આ ખાતામાં જમા થયા હતા. સાયબર સેલની ફરિયાદના આધારે ભુજ બી-ડિવિઝન પોલીસે સંબંધિત ખાતાધારક તેમજ તપાસમાં જેમના નામ ખૂલે તેમની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ચકચારી પ્રકરણ અંગે કે.ડી.સી.સી. બેંકના ચેરમેન દેવરાજ ગઢવીનો સંપર્ક કરાતાં તેમણે જણાવ્યું હતું કે, આ ખાતું આર.બી.આઈ.ના નિયમોનુસાર જ ખોલવામાં આવ્યું છે. બેંક દ્વારા અગાઉ પણ પોલીસને જરૂરી વિગતો પૂરી પાડવામાં આવી હતી અને આગામી સમયમાં જો સત્તાવાર લેખિત માગણી કરાશે તો વધુ વિગતો પણ અપાશે. નિયમ મુજબ ખાતાધારકની અંગત માહિતી અન્ય કોઈને આપી શકાય નહીં.

બીજી તરફ, સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં ખાતાધારકના નામજોગ ફરિયાદ થતી હોય છે અથવા શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત બાદ આગળની કડીઓ જોડીને ગુનો નોંધાતો હોય છે. પરંતુ, આ કેસમાં માત્ર બેંક ખાતા નંબરના આધારે નામ વગર જ ફરિયાદ દાખલ થતાં સ્થાનિક સ્તરે અનેક તર્ક-વિતર્કો શરૂ થયા છે.

હાલ આ સમગ્ર પ્રકરણની સઘન તપાસ ચાલુ છે અને બેંક પાસેથી સત્તાવાર રીતે ખાતાની તમામ આંતરિક માહિતી મેળવવાની પ્રક્રિયા બાકી છે તેમ ભુજ બી-ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એમ. હેરમાએ જણાવ્યું હતું.

## ભાવનગર રથયાત્રા સંદર્ભે

# પોલીસનું ૨૯ ટીમો દ્વારા કોમ્બિંગ ઓપરેશન, ચાર લોકોને છરી સાથે ઝડપ્યા,૧૫૬ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)


ભાવનગર શહેરમાં અષાઢી બીજ ના રોજ ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા રથયાત્રા નીકળે છે જે ભારતમાં ત્રીજા ક્રમની અને ગુજરાતમાં અમદાવાદ પછી બીજા ક્રમની રથયાત્રા છે. આ રથયાત્રા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નીકળે છે.આખા રૂટનું જાત નિરીક્ષણ રેન્જ ડીઆઇજી રાજેન્દ્ર અસારી અને એસપી નિતેશ પાંડે દ્વારા થયું હતુ. તેમ ભાવનગર એસપી નિતેશ પાંડેએ જણાવ્યું હતું.

ભાવનગરમાં ભગવાન જગન્નાથજીની ૪૧મી રથયાત્રા નિકળનાર છે. રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસતંત્ર કવાયત કરી રહ્યું છે. રથયાત્રાને અનુલક્ષીને ગત મોડી રાત્રિના શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા મેગા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રેન્જ આઈજી, એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા. પોલીસના આ મેગા કોમ્બિંગ દરમિયાન ૧૧૪ સમન્સ બજવણી, ૩૭ સામે નોન બેલેબલ વોરંટ, ૫૧ સામે બેલેબલ વોરંટ, ૧૩ નોટિસની બજવણી, ૪૧ વાહન ડિટેઇન કરી રૂ.૪૭,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રોહિબિશનના ૩૬ કેસ, ડ્રિંક એન્ડ ડ્રાઇવના ૧૧ કેસ, છરી સાથે ૧૪ શખ્સને ઝડપી ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ નાસતા-ફરતા ૮ શખ્સને ઝડપી લેવામાં આવ્યા છે. જેમાં ૯૧ અટકાયતી પગલા ભરવામાં આવ્યા છે. આમ, કુલ ૧૫૬ શખ્સ સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું સીટી ડિવાયએસપી સિંઘાલે જણાવ્યું હતું. રથયાત્રા દરમિયાન કાયદો વ્યવસ્થા જળવાય અને કાંકરીચાળો કરી શકે તેવા તત્વોને અંકુશમાં લેવા માટે છેલ્લા ૧૦ દિવસથી સીટી ડિવિઝનના પાંચે પોલીસ મથક તથા એલસીબી, એલઓજીની કુલ ૨૯ ટીમો દ્વારા ચેકિંગ થઈ રહ્યું છે. જેમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સનું ચેકિંગ, ફરાર શખ્સને ઝડપવાની કામગીરી કરવામાં આવશે. તેમજ શહેરની આજુબાજુમાં ૮ જેટલી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવશે. ■

# ખેતરમાં વાવેતરને લઈને ખેડૂતોએ પસંદગી બદલીઃ ચોમાસાને ધ્યાને લેતા હવે સોયાબિનનું વાવેતર

રાજકોટઃ ચોમાસાની સિઝન શરૂ થતાં જ ખેડૂતો ખેતરની તૈયારીમાં લાગી ગયા છે. ખેતરમાં ખેતીને લગતું કામ પુર જોશમાં ચાલી રહ્યું છે. વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને હવે ખેડૂતો વિવિધ પાકોના બિયારણની ખરીદી કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિત અનેક વિસ્તારોમાં આ વર્ષે સોયાબીનના બિયારણની માગ આ વર્ષે સૌથી વધુ હોવાનું સામે આવ્યું છે. તેની સાથે ગીરનાર-૪ મગફળીના બિયારણની ખરીદી પણ વિપુલ પ્રમાણમાં થઈ રહી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળે છે. ખેડૂતો સોયાબીન થકી કણમાં વાવીને મણમાં લણવાની ઈચ્છા ધરાવે છે.

છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીએ જ્યારે કપાસના વાવેતરમાં ઘટાડો થતો રહ્યો એને ધ્યાને લઈને ખેડૂતોએ આ વખતે સોયાબીન પર પસંદગી ઊતારી છે. એવું હાલમાં વેપારીઓ જણાવી રહ્યા છે. ચોમાસાની શરૂઆત સાથે જ કૃષિ બજારમાં ફરી એકવાર મોટી તેજી જોવા મળી રહી છે. હાલમાં ખેડૂતો પોતાના વિસ્તારના વરસાદ અને જમીનની સ્થિતિને ધ્યાનમાં રાખીને જુદા-જુદા બિયારણની ખરીદી કરી રહ્યા છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખેડૂતો સોયાબીન તથા મગફળી પર પસંદગી ઊતારી રહ્યા છે. ખેડૂતોનું વલણ આ વખતે થોડું પરિવર્તનશીલ જોવા મળી રહ્યું છે. બીજી તરફ જંતુનાશક દવા, બિયારણ અને રસાયણ ખાતરના વ્યવસાય સાથે ઘણા વર્ષોથી જોડાયેલા નિષ્ણાંતે પોતાનો મત વ્યક્ત કર્યો છે. વેલજીભાઈએ જણાવ્યું હતું કે, સૌથી વધુ માંગ હાલ તેમની દુકાન પર સોયાબીનના બિયારણની છે. સોયાબીનના પાકને પ્રાધાન્ય ખેડૂતો ખાસ કરીને આ વર્ષે આપી રહ્યા છે. સોયાબીનની બે મુખ્ય જાતો ઉપલબ્ધ છે, જેમાં ઉભળી અને આડી જાતનો સમાવેશ થાય છે. આ બંને જાતનું વાવેતર મોટા પ્રમાણમાં થઈ રહ્યું છેઅને ખેડૂતો તેની ખરીદી માટે સતત આવી રહ્યા છે. ખેતીવાડી અધિકારી ડી. પી. પટેલના જણાવ્યા અનુસાર, આ વર્ષે ચોમાસું મોડું શરૂ થવાને કારણે વાવેતરનું કામ મોડું છે. ■



જૂનાગઢમાં ગિરનારની પવિત્ર તળેટી અને ભવનાથ ક્ષેત્રમાં જેઠ વદી અગિયારસના રોજ ૩૬ કિ.મીની દૂધધારા પરિક્રમા યોજાઈ હતી. છેલ્લા અંદાજે ૭૫ વર્ષથી આ પરંપરાગત પરિક્રમા સારા વરસાદ અને ગૌરક્ષાની કામના સાથે યોજાય છે.. (તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

# સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટરની ઐતિહાસિક બિલ્ડિંગના પુનઃનિર્માણનું ભૂમિપૂજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આવેલી ઇ.સ. ૧૮૮૦-૮૧ના સમયની ઐતિહાસિક બિલ્ડિંગના પુનઃનિર્માણ કાર્ય માટે ભૂમિપૂજન વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ રેન્જના નિર્લિપ્ત રાય તથા સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના હસ્તે વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. 'તીર્થ એગ્રો' કંપનીના (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) અંતર્ગત આ જર્જરીત ઐતિહાસિક બિલ્ડિંગનું આધુનિક સુવિધાઓ સાથે ભવ્ય પુનઃનિર્માણ કરવામાં આવશે. આ પ્રકલ્પ દ્વારા ઐતિહાસિક વારસાનું જતન થવા સાથે પોલીસ વિભાગને વધુ સુવિધાસભર માળખું પણ ઉપલબ્ધ થશે.

ભૂમિપૂજન પ્રસંગે જિલ્લા પોલીસ તંત્રના ડીવાયએસપી, એએસપી, વિવિધ પોલીસ મથકોના પીઆઈ, પીએસઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■



# કંડલા કસ્ટમ વિભાગમાં મોટો વહીવટી ફેરફારઃ સુપરિટેન્ડેન્ટ કક્ષાના ૫૪ અધિકારીઓની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કંડલા સ્થિત ઓફિસ ઓફ ધ કમિશનર ઓફ કસ્ટમ્સ દ્વારા વાર્ષિક સામાન્ય બદલી અંતર્ગત એક મોટો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો હતો. કસ્ટમ્સ ગુજરાત ઝોન અમદાવાદના અધિક કમિશનરના આદેશ અનુસાર, કંડલા કસ્ટમ હાઉસ હેઠળ ફરજ બજાવતા સુપરિટેન્ડેન્ટ કક્ષાના ૫૪ જેટલા અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી અને નવી નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા.

આ સામૂહિક બદલીઓમાં કંડલા કસ્ટમ્સના વિવિધ વહીવટી અને ફિલ્ડ વિભાગો જેવા કે સેઝ, ઇન્વેસ્ટિગેશન (તપાસ), બોન્ડ, એડજ્યુડિકેશન, લીગલ, એસ.આઇ.આઇ.બી., ઓડિટ, વિજિલન્સ, કોન્ફિડેન્શિયલ અને એક્સપોર્ટ અસેસમેન્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મુંદરા અને ભુજ કસ્ટમ સર્કલમાં કાર્યરત અધિકારીઓની પણ કંડલા ખાતે જુદા જુદા વિભાગોમાં આંતરિક બદલી કરવામાં આવી છે.

બદલીના આદેશ સાથે કસ્ટમ વિભાગ દ્વારા વહીવટી કડકાઈના સંકેત આપીને તમામ ડેપ્યુટી અને આસિસ્ટન્ટ કમિશનરોને સૂચના આપી છે કે, બદલી પામેલા અધિકારીઓના છૂટા થયા (રીલીવિંગ) અને હાજર થયાના (જોઈનિંગ) રિપોર્ટ મુખ્ય કચેરીને સત્વરે મોકલી આપવાના રહેશે. આ ઉપરાંત, જે-તે વિભાગમાં બાકી રહેલા મહત્ત્વના કેસોની અંતિમ યાદી બનાવીને નવા આવનાર અધિકારીને ચાર્જ સોંપવાનો રહેશે. વહીવટી પારદર્શિતા જાળવી રાખવા માટે તુણા પોર્ટ ખાતે ફરજ બજાવતા સુપરિટેન્ડેન્ટ અને ઇન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓનું માસિક ધોરણે રોટેશન (અદલા-બદલી) કરવાનો પણ ખાસ આદેશ કરાયો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# રાજકોટ ગેમઝોન અગ્નિકાંડઃ છ અધિકારીઓ ઘરભેગા

મળવા પાત્ર રકમ મૃતકોના પરિવારજનોને, નિવૃતિના લાભ પર બ્રેક લાગી

રાજકોટઃ વર્ષ ૨૦૨૪માં રાજકોટમાં થયેલા ગેમઝોન અગ્નિકાંડના કેસમાં ૬ અધિકારીઓને ઘરે બેસવાનો વારો આવ્યો છે. આ કેસ સંબંધીત સુનાવણીમાં હાઈકોર્ટે એક મોટો અને મહત્ત્વનો ચૂકાદો આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આ કેસને લઈને સુનાવણી કરી હતી. આ સુનાવણીમાં રાજકોટ મહાનગર પાલિકા દ્વારા એક મોટો ખુલાસો કરવામાં આવ્યો હતો. મહાનગર પાલિકાએ પોતાની વાત મૂકતા કહ્યું હતું કે, સમગ્ર કેસની તપાસ મહાનગર પાલિકાના જવાબદાર અધિકારીઓ સામે જે તે વિભાગીય કાર્યવાહી અંતર્ગત કરવામાં આવી છે. જે તપાસ કરવામાં આવી, એમાં જે તે અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી પણ થઈ છે. સિવિલ સર્વિસ નિયમ અંતર્ગત સજા ફટકારવામાં આવી છે.

રાજકોટ બાર એસોસિએશનના પૂર્વ ઉપપ્રમુખ અને મૃતકના પરિવાર વતી હાઈકોર્ટમાં લડત આપતા સિનિયર એડવોકેટ સુરેશ ફળદુએ જણાવ્યું હતું કે, મનપા કમિશનર દ્વારા ગેમઝોન અગ્નિકાંડ કેસમાં જવાબદાર અધિકારીઓને ડિસમિસ કરી દેવામાં આવ્યા છે. કડક કાર્યવાહી થતા હવે તેમને એક પણ પ્રકારના સરકારી લાભો મળવા પાત્ર થતા નથી. કોઈ રકમ મળવાની પણ નથી. જે અધિકારીઓને મળવા પાત્ર રકમ છે એ જે તે મૃતકના પરિવારજનોને આપી દેવામાં આવશે. આ પણ એક પ્રકારના સજા જ છે. તારીખ ૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ પર આવેલા ગેમઝોનમાં આગ લાગતાં ૨૭ લોકોનાં મોત થયાં હતાં.

૩ વ્યક્તિઓને ઇજા પહોંચી હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આ કેસમાં હાઈકોર્ટે સુઓમોટો કેસમાં એક મહત્ત્વનો ચૂકાદો આપ્યો હતો.આ ચૂકાદા બાદ રાજકોટ મનપાના ફાયર ઓફિસર રોહિત વિગોરા, મુકેશ મકવાણા, ટીપી વિભાગના અધિકારી ગૌતમ જોશી, ઇલેશ ખેર, જયદીપ ચૌધરી, અને રાજેશ મકવાણાને ડિસમિસ કરવામાં આવ્યા છે.મુખ્ય સુત્રધાર મનાતા મનસુખ સાગઠિયા અગાઉથી જ વય મર્યાદાના કારણે નિવૃત છે.

પાંચ અધિકારીઓને ભવિષ્યમાં સરકારી નોકરી માટે સામાન્ય રીતે ગેરલાયક રહે એવી પ્રક્રિયા કરવામાં આવી છે. આ પાંચેય વ્યક્તિઓમાં ઈલેશ ખેર, રોહિત વિગોરા, ગૌતમ જોશી, મુકેશ મકવાણા, જયદીપ ચૌધરીનો સમાવેશ થાય છે. અગ્નિકાંડના મુખ્ય આરોપી અને ટીપીઓ સાગઠિયાને ધરપકડ બાદ યુદ્ધના ધોરણે સસ્પેન્ડ કરાયા હતા. તેઓ સસ્પેન્શન દરમિયાન જ ૩૦ જૂન ૨૦૨૬ ના રોજ વયનિવૃત્ત થયા છે અને મનપા દ્વારા તેમના તમામ આર્થિક લાભો અને પેન્શન અટકાવી દેવાયા છે. તેમની સામે આવક કરતાં વધુ સંપત્તિનો કેસ પણ ચાલી રહ્યો છે.મોટાભાગના આરોપીઓને ગત વર્ષે જામીન મળી ગયા હતા. આ ઘટના બાદ ફરીવાર આ કેસને લઈને મોટો ચૂકાદો મળ્યો છે. ■

# હળવદમાં પ્રેમી યુગલે ઝેરી દવા પીતા યુવતીનું મોત, યુવક સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર હળવદ તાલુકામાં પ્રેમી યુગલે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં યુવતીનું મોત નિપજ્યું હતું, જ્યારે યુવકની સારવાર ચાલી રહી છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, હળવદના કવાડિયા ગામના રહેવાસી માલદે ભગતભાઈ સલાટ (ઉં. ૨૮)એ બે દિવસ અગાઉ રણમલપુર ગામની સીમમાં સાંજના સમયે પોતાની પ્રેમિકા શોભનાબેન સાથે ઝેરી દવા પી લીધી હતી. બંનેની તબિયત લથડતાં તેમને પ્રથમ હળવદ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે માલદે સલાટ ચાર ભાઈ અને બે બહેનમાં સૌથી નાનો છે તથા તેને બે પુત્રો છે. રાપરની રહેવાસી શોભનાબેન સાથે તેનો પ્રેમસંબંધ હતો. બંનેએ આશરે બે મહિના અગાઉ મૈત્રી કરાર કર્યો હતો અને છેલ્લા ૨૦ દિવસથી ભાડાના રૂમમાં સાથે રહેતા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, ઝેરી દવા પીધા બાદ માલદેએ પોતાના કૌટુંબિક ભાઈ રમેશભાઈને ફોન કરીને ''મારા દીકરાનું ધ્યાન રાખજો'' તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ પરિવારજનો બંનેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં શોભનાબેનનું સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે માલદેની સારવાર ચાલુ છે. આ બનાવ અંગે હળવદ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે. ■

# સુરેન્દ્રનગરના માલણીયાદ ગામની સીમમાં પતિએ પત્નીનું કાસળ કાઢી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર હળવદ તાલુકાના નવા માલણીયાદ ગામની સીમમાં બનેલી હત્યાની ઘટનાએ ચકચાર મચાવી છે. મૂળ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના રહેવાસી વરસીભાઈ નાયકા, જે મગનભાઈની વાડીએ પરિવાર સાથે રહીને મજૂરી કામ કરતા હતા, તેમણે પત્ની માસુડીબેન નાયકાની દાતરડાના ઘાથી હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, કોઈ કારણોસર પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા વરસીભાઈએ પત્ની માસુડીબેન (ઉં. ૫૫)ના છાતીના ભાગે દાતરડાનો ઘા માર્યો હતો. ગંભીર ઈજાના કારણે માસુડીબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની વધુ ચોંકાવનારી બાબત એ છે કે પત્નીની હત્યા કર્યા બાદ આરોપી ભાગી ગયો નહોતો, પરંતુ આખી રાત પત્નીની લાશ પાસે જ બેઠો રહ્યો હતો. બીજા દિવસે સવારે વાડીએ અન્ય શ્રમિકો પહોંચતા ઘટનાની જાણ થઈ હતી અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હળવદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હળવદ તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. હાલ મૃતકના પરિવારજનોની ફરિયાદના આધારે ગુનો નોંધવાની અને સમગ્ર મામલે વધુ તપાસ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગીર સોમનાથ પોલીસ પર હુમલાના કેસમાં ૩૩ આરોપીઓની ધરપકડ

ગીર સોમનાથઃ સૌરાષ્ટ્રના ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ્યારે સ્ટેટ મોનિટરિંગ સેલ ટીમ દ્વારા જુગારના અડ્ડા પર દરોડા પાડવામાં આવ્યા હતા, આ દરમિયાન પકડાયેલા જુગારીઓને છોડાવવા માટે કેટલાક સ્થાનિકો તથા અસામાજિક તત્ત્વો એકઠા થઈ ગયા હતા. આ ટોળાએ પોલીસ પર હુમલો કરી દીધો હતા. આ હુમલાનો લાભ લઈને પત્તાપ્રેમીઓ ફરાર થવામાં ફાવી ગયા હતા. આ કેસમાં હવે પોલીસે આ કેસ સંબંધીત કુલ ૩૩ આરોપીઓની ધરપકડ કરી છે. આ સમગ્ર કેસ અંગે સોમનાથ ડીવાયએસપી ચેતન ખટાણાએ જણાવ્યું હતું કે, પકડાયેલા આરોપીઓમાંથી ૧૩ આરોપી જુગારના છે, જ્યારે બાકીના ૨૦ની ધરપકડ હુમલા અંતર્ગત કરવામાં આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમના એક પોલીસને ચોક્કસ બાતમી જુગારના અડ્ડાને લઈને મળી હતી. પોલીસે ટીમ બનાવીને આ જુગારીઓને પકડવા માટે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન કેટલાક તત્ત્વો અને સ્થાનિકોએ એકઠા થઈ પોલીસ પર હુમલો કરી દીધો હતો.

# સંસ્થા સમાચાર

## મહારાષ્ટ્ર અને ગુજરાતના બધિર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

નીલમ પટેલ બહુશ્રુત ફાઉન્ડેશન વર્ષ ૨૦૨૬-'૨૭ દરમ્યાન કૉલેજ કે યુનિવર્સિટી સ્તરનું શિક્ષણ મેળવી રહેલા મહારાષ્ટ્ર અને ગુજરાતના બધિર (શ્રવણશક્તિહીન) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવા માટે અરજી કરવા આમંત્રિત કરે છે. વિદેશની કોઈ પણ પ્રતિષ્ઠિત કૉલેજ કે યુનિવર્સિટીમાં સ્નાતક કે માસ્ટર સ્તરની ડિગ્રી પ્રોગ્રામ મેળવવા માગતા વિદ્યાર્થીઓ માટે દર વર્ષે બે શિષ્યવૃત્તિ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અરજી માટેનું ફૉર્મ ફાઉન્ડેશનની વ ે બ સ ા ઇ ટ www.bahushrutfoundation.org પરથી મેળવી શકો છો.

કૃપા કરીને અરજીઓ સબમિટ કરવાની પાત્રતા અને છેલ્લી તારીખ તપાસવા વિનંતી.

## સાંતાક્રુઝમાં ફળ, ફૂલો આપતાં સુંદર વૃક્ષોનું વિતરણ

વૃક્ષમિત્ર સંસ્થા ફ્રેન્ડ્સ ઑફ ધ ટ્રીઝ અને રોટરી ક્લબ ઑફ બૉમ્બે સી કોસ્ટ તરફથી રવિવાર, ૧૨ જુલાઈના રોજ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ વાગ્યા દરમ્યાન સીતા અશોક, ગરમાળો, કાંચન, બોરસલ્લી, મહુડો, લીમડા, આંબા, ચંપા, નારિયેળ વગેરે વૃક્ષો અને મધુમાલતી, મહેંદી વગેરે નિઃશુલ્ક આપવામાં આવશે. આ વર્ષે આ પ્રવૃત્તિ સોહરાબજી ગોદરેજ વનમહોત્સવ પચાસ વર્ષ પૂરાં કરી રહી છે. આ મહોત્સવનું ઉદ્ઘાટન ડૉ. ફિરોઝા ગોદરેજ કરશે. વૃક્ષો ગોદરેજ ટ્રી બૅન્કમાં ઉછેરવામાં આવ્યાં છે. આ ઉપરાંત શ્રીમતી પદ્મજાબહેન સુનીલ સરૈયા તરફથી મળેલાં સુંદર વૃક્ષો પણ વહેંચવામાં આવશે. સ્થળ : ગોકુળ સુષ્મા કમ્પાઉન્ડ, જુહુ ગાર્ડન અને મસ્જિદની સામે, લિંકિંગ રોડ એક્સટેન્શન, સાંતાક્રુઝ (પશ્ચિમ).

## શ્રી મમ્માબાઈ શાળાના વિદ્યાર્થીઓ માટે એઆઈ અને રોબેટિક લેબ તથા સેલ્ફ ડિફેન્સના વર્ગો ચાલુ

શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમ સંચાલિત શ્રી મમ્માબાઈ શાળાના વિદ્યાર્થીઓ માટે ચાલુ સત્રમાં ઇનોગ્રેશન ઓફ એઆઈ અને રોબેટિક લેબ તથા સેલ્ફ ડિફેન્સના નવા વર્ગો ચાલુ કરવામાં આવ્યા.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના આદ્યસ્થાપક વંદનીય અને શિક્ષણની સૌરભ ફેલાવનાર વીરજી બાપાની પ્રતિમાને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ભરતચન્દ્ર જેરામ ઠક્કર, ટ્રસ્ટી અજીતભાઈ જેરામ ઠક્કર, સેક્રેટરી કમલેશભાઈ જેઠમલ ચોથાની, માનદ્ સભ્ય પુનિતભાઈ કાંતિલાલ ઠક્કર, આમંત્રિત મહેમાનોમાં ડિસ્ટ્રિક ગવર્નર રોટરી ક્લબ મુલુંડના મનીષભાઈ મોટવાની. ચિંગારી શક્તિ ફાઉન્ડેશનના પિંકી રાજગ્રાહીયા, દિપક વાધવા, વિશાલ ઠક્કર, રોટરી સ્કાય સિટી બોરીવલીના પ્રેસિડેન્ટ જિતેનભાઈ મહેતા, સેક્રેટરી સમીર ચૌધરી, આશિષ પોદાર, ઉમંગ ગર્ગ, નીતીશ છેડા તથા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી લક્ષ્મીકાન્ત કોઠારીના વરદહસ્તે પુષ્પહારથી આદરાંજલિ આપવામાં આવી. ત્યારબાદ મનીષભાઈ મોટવાની ડિસ્ટ્રિક ગવર્નર રોટરી ક્લબ ઑફ મુલુંડ તથા સંસ્થાના સેક્રેટરી કમલેશભાઈ ચોથાનીના વરદ્હસ્તે રીબીન કાપી બંને વર્ગોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. સંસ્થાના પદાધિકારીઓએ ચાલુ કરેલ વર્ગો માટે શાળાના પ્રિન્સિપાલશ્રીનો આભાર માન્યો હતો.

# પારસી મરણ

કેપ્ટન દારાયસ જાલ મુસ તે કમલ દારાયસ મુસના ધણી તે સારા અને મરહુમ કમાન્ડર જાલ મુસના દીકરા. યુનાઇષા ને રૂઝેલના બાવાજી. તે મરહુમ નવલ મુસના ભાઇ. તે મરહુમો ફ્રેની અને હોમી ઇચ્છા પોર્યાના જમાઇ. જેનીફરના બનેવી. (ઉં. વ. ૬૨) રે. ઠે. ૫૦૨, વરસોવા સવેરા સી.એચ. એસ. લિમિટેડ, પીકનીક કોટેજ, જે. પી. રોડ. વર્સોવા, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૧. ઉઠમણાંની ક્રિયા તા. ૧૧-૭-૨૬ના દિને ડુંગરવાડી ભાભા ૨ નંબરની બંગલીમાં ૩.૪૫ એ સાંજે કરવામાં આવશેજી.

વેરા ફલી બિલિમોરીયા (ઉં. વ. ૮૯) તા. ૯-૭-૨૬ના રોજ ગુજરી ગયા છે. મરહુમ ફલી રુસ્તમજી બિલિમોરિયાના પત્ની. મરહુમ ધનજીશૉ અને આલુ ચિનોયનાં દીકરી. સિલૂ કોમિસિરિયેટ, નરગીસ પટેલ, મરહુમ ડુમી ચિનોયના બહેન. રતિ, રોશન, મેહર, દિનાઝ, રોહિન્ટનના આન્ટી. મરહુમ રુસ્તમજી અને બાનુમાઇ બિલિમોરિયાના પુત્રવધૂ. ઉઠમણું : તા. ૧૧-૭-૨૬ના ૩.૪૫ કલાકે, ઠે. ફ્લેટ નં.૨, માઉન્ટ એમિનન્સ, નવરોજી ગામડિયા ક્રોસ રોડ, મુંબઇ -૨૬.

આઠમાં પાનાનું ચાલુ

## 'ઓપરેશન ટાઇગર ૩'

ટેકનિકલ અડચણ અને પક્ષપલટા વિરોધી કાયદાથી બચવા માટે વધુમાં વધુ પાંચ ધારાસભ્યોને પોતાની તરફ ખેંચવાના પ્રયાસો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. આ સિવાય, ઠાકરે જૂથના વધુ એક વર્તમાન સાંસદનો પણ સંપર્ક કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ અભિયાનમાં માત્ર ઠાકરે જૂથ જ નહીં, પરંતુ શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસના પણ કેટલાક ધારાસભ્યો અને સાંસદો રડાર પર છે. તેમની સાથે પ્રાથમિક વાતચીત થઈ ચૂકી છે. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર, આ સમગ્ર હાઈ-પ્રોફાઈલ અભિયાન અને પડદા પાછળની હલચલની જવાબદારી પૂર્વ પ્રધાન અને ધારાસભ્ય ડૉ. તાનાજી સાવંત તેમજ સાંસદ ડૉ. શ્રીકાંત શિંદેના અત્યંત નજીકના ગણાતા એડવોકેટ નિલેશ દેશમુખને સોંપવામાં આવી છે. શિંદે જૂથે આગામી ખૂબ જ ટૂંકા સમયમાં આ સમગ્ર અભિયાનને આખરી ઓપ આપવાની તૈયારી કરી લીધી છે, જેના કારણે મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ફરી એકવાર મોટું તોફાન આવવાની શક્યતા છે. ■

## અંધેરીમાં

કાર અને ઓટોરિક્ષાને અડફેટમાં લઈ લીધા હતા.

બેસ્ટના પ્રવક્તાના જણાવ્યાં મુજબ આ બસ વેટ લીઝ પર લીધેલી છે અને તે માતેશ્વરી અર્બન ટ્રાન્સપોર્ટ કંપનીની છે. સાંતાક્રુઝ ડેપોની આ બસ છે.

પોલીસના જણાવ્યાં મુજબ ૨૪૨ નંબરની બસના ડ્રાઈવરનું બસ પરથી નિયંત્રણ છૂટી જતા બસે અંધેરીમાં ૧૪ વાહનોને અડફેટમાં લીધાં હતાં, જેમાં કારની સાથે જ ઓટોરિક્ષાનો સમાવેશ થાય છે. આ ઍક્સિડન્ટમાં નવ ઓટો રિક્ષા, એક થ્રી વ્હીલર ટેમ્પો અને ચાર ખાનગી કારને નુકસાન થયું હતું. ■

## કાંદિવલીમાં

પરિસરમાં રહેતી ૧૭ વર્ષની સગીરા સાથે પ્રેમ હતો. શંકાને પગલે તેણે સગીરાને રહેંસી નાખી હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

કાંદિવલીમાં સંજય ગાંધી નેશનલ પાર્ક નજીકના ડુંગરાળ ભાગમાંથી શુક્રવારની સવારે ૧૧.૨૫ વાગ્યે સગીરાનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાસ્થળેથી પસાર થનારા એક રહેવાસીની નજર મૃતદેહ પર પડી હતી. ચાકુથી ગળું ચીરી સગીરાની હત્યા કરવામાં આવી હતી. ■

## ખેડૂત લોન

સંબંધિત માહિતી માગી છે. આ માહિતી હાથમાં આવતા હજુ પાંચથી છ દિવસનો સમય લાગશે. આથી, આવતા અઠવાડિયે પણ દેવા માફીનો અમલ થશે કે કેમ તે એક પ્રશ્ન જ છે. આ ઉપરાંત, ઇન્કમ ટેક્સ ભરતા ખેડૂતોને દેવા માફી આપવી જોઈએ કે નહીં, તે અંગે પણ મહત્ત્વનો નિર્ણય લેવાય તેવી શક્યતા છે. જો આવો નિર્ણય લેવાશે, તો અનેક ખેડૂતો દેવા માફીથી વંચિત રહી જશે. જેને કારણે સરકારને ફરી એકવાર ખેડૂત સંગઠનોના રોષનો સામનો કરવો પડી શકે છે. આ અગાઉ 'લાડકી બહેન યોજના' માટે મહિલા અને બાળ વિકાસ વિભાગે ઇન્કમ ટેક્સ વિભાગ પાસેથી ડેટા માગ્યો હતો. તે સમયે ચાર મહિના પછી આ ડેટા મળ્યો હતો. તેથી હવે રાજ્ય સરકારે ખેડૂત દેવા માફી માટે માગેલો ડેટા કેન્દ્ર પાસેથી ક્યારે મળશે, તે જોવું રહ્યું.

વર્ગીકરણ થયા પછી જ ખેડૂતોની દેવા માફી કરવામાં આવશે. ■

# જૈન મરણ

### ઝાલાવાડી સ્થા. વિશા શ્રીમાળી જૈન

વઢવાણ નિવાસી (નાથા ભવાનવાળા) હાલ કાંદિવલી અ. સૌ. કિરણબેન જગદીશભાઇ શાહ (ઉં.વ. ૭૦) તે સ્વ. શારદાબેન મુળજીભાઇ શાહના પુત્રવધૂ. તે જગદીશભાઇના પત્ની. તે પૂજા અને કિંજલના સાસુ. સુકેતુ અને ધવલના માતુશ્રી. સ્પર્શ અને કેશવીના દાદી. પિયર પક્ષે સ્વ. મણિલાલ ડુંગરશી દોશીની પુત્રી તા. ૯-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થના પ્રથા બંધ રાખેલ છે.

### બેતાલીસ દશા હુંમડ દિગંબર જૈન

ચંપકલાલ કચરાલાલ ઘડીયા મૂળગામ બામણવાડ (વદરાડ) હાલ વિરાર અવસાન તા. ૧૦-૭-૨૬ શુક્રવારના રોજ થયેલ છે. તે મુકેશકુમાર-નીનાબેન, યોગીનાબેન-મનીષાબેન-વિરલબેનના પિતાશ્રી. સતીષકુમાર -રાજેશકુમાર પ્રજ્ઞેશકુમાર - મયંકકુમારના સસરા. જયંતીભાઇ-કિર્તીભાઇ- શાંતાબેન - મધુબેનના ભાઇ. તે કૃતિ-કેવિન-સલોની-વશી-આયુષ - તક્ષ - હિયાનના નાનાશ્રી. પ્રાર્થનાસભા તા. ૧૧-૭-૨૬ શનિવારે ૯.૩૦થી ૧૧.૩૦.ઠે. ઉમા બેન્કવેટ હોલ, વિરાર રેલવે સબવેની સામે, ચિંતામણી ગણપતિ મંદિરની ગલી, યશવંત પાર્કિંગ કમ્પાઉન્ડ, વિરાર (ઇસ્ટ).

### સ્થાનકવાસી જૈન

મુંબઇ નિવાસી ડો. મહાવીર પ્રેમરાજ જંગડા (ઉં. વ. ૮૨) તા. ૯-૭-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. રંજનબેનના પતિ. શીતલ અને પ્રિયાના પિતા. ચિરાગ મોદી અને અજીતસિંહના સસરા. મનય, પ્રિશા અને અગસ્ત્યના દાદા. ગૌતમ, ઇન્દિરા અને સ્મિતાના ભાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૧-૭-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. બેન્કવેટ હોલ, અશોક ટાવર્સ, ડો. બી. એ. રોડ, પરેલ, મુંબઇ-૧૨.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નાંગલપુરના હિતેન્દ્ર હેમચંદ ગોગરી (ઉં. વ. ૬૪) તા. ૮-૭-૨૬ના અરિહંત શરણ પામેલ છે. સુંદરબેન હેમચંદના પુત્ર. વર્ષાના પતિ. રચના, રીંકલ, મયુરના પિતા. કિરણ, અશોક, ધર્મેશના ભાઈ. હિરબાઈ શામજી ગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હિતેન્દ્ર ગોગરી, ૨/૬, નવદુર્ગા નિવાસ, આર.પી.રોડ, ડોંબિવલી (ઈ).

બીદડા (ગેલાણી ફળીયો) હાલે નાના ભાડીયા ના જયંતીલાલ ભીમશી છેડા (ઉં. વ. ૮૩) તા. ૯-૭-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. રાણબાઈ ભીમશી નાંગશી છેડા ના સુપુત્ર. ગુણવંતીબેન ના પતિ. કીર્તીદા, ડીમ્પલ, દીવ્યા ના પિતા. કલ્યાણજી, વસંત, દિનેશ, જયા (સુશીલા) ના ભાઈ. નાના ભાડીયા વેજબાઇ લાલજી ઠાકરશી મારૂ ના જમાઈ. પ્રા. ૨ થી ૩:૩૦. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સંઘ કરશન લધુ નીશર હોલ, દાદર વેસ્ટ.

બેરાજાના ભાનુમતી ખીમજી ફતેચંદ વીરા (ઉં. વ. ૯૪) તા ૮-૭-૨૬ના અવસાન પામેલ છે. ગંગાબાઈ ફતેચંદ દેરાજ વીરાના પુત્રવધૂ. પુનડીના ગોમીબાઈ ઠાકરશી સંગોઈના પુત્રી. સ્વ. ખીમજીભાઈના પત્ની. હરખચંદ, રમેશ, ભારતી, સરોજ, પુષ્પાના માતા. પુનડીના મોરારજી, હીરજી, રવિલાલ, ખેતબાઈ કરમશી, નાની તુંબડીના કસ્તુરબેન છગનલાલના બેન. પ્રાર્થના : યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. ૪ થી ૫.૩૦.

શેરડીનાં અતુલ નવિનચંદ્ર શાહ (ગોસર) (ઉં. વ. ૫૬) તા. ૮-૭નાં અવસાન પામેલ છે. મંજુલા (મેઘબાઇ) નવિનચંદ્ર (મંગલ)ના પુત્ર. સ્વ. અંજનાના પતિ. તન્વીના પિતા. નીતા, નીતીન, યતિનના ભાઇ. લાયજાના ભાનુબેન વસંતલાલ રતનશી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : અતુલ શાહ, ૧૮ બાલકૃષ્ણા, સ્ટેશન રોડ, ચેમ્બુર (ઇ).

બારોઇના શ્રી ધીરજલાલ પ્રેમજી કેનીયા (ઉં. વ. ૭૯) તા. ૯-૭-૨૬ના અવસાન પામેલ છે. મણીબેન પ્રેમજીના પુત્ર. ભારતીના પતિ. પારસ, સ્મિતાના પિતા. પ્રફુલ, જયવંતી, અમૃત, રશ્મીના ભાઈ. હિરબાઈ ગાંગજીના જમાઈ. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રા. શ્રી લખમશી નપ્પુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા (ઈ) ટા. ૪ થી ૫.૩૦.

મોટા લાયજા ના કસ્તુરબેન જયંતિલાલ છેડા (ઉં. વ. ૮૫) તા.૯-૭-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન નાનજીના પુત્રવધૂ. જયંતિલાલના પત્ની. સુનીલ, વિપુલ, હંસા, સ્વ. સીમા, હેમાના માતા. કેસરબેન ગણશીના પુત્રી. જેઠાલાલ, છગનલાલ, રતીલાલ, લક્ષ્મીચંદ, અરવિંદ, દિપક, રામાણીયા પ્રભાબેન દિનેશ, નાના આસંબીયા જવેરબેન ખુશાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિપુલ છેડા, બી-૬૦૫, કલ્પતરૂ ક્લાસિક, ચિંચોલી બંદર રોડ, મલાડ (પશ્ચિમ) મું. ૬૪.

દેવપુરના વેલબાઈ મંજુલા ગોસર (ઉં. વ. ૮૪) અવસાન પામેલ છે. માતુશ્રી કુંવરબાઈ / લક્ષ્મીબેન ગાંગજી માવજીના પુત્રવધૂ. ઠાકરશીના પત્ની. કોટડા રોહા ધનબાઈ તલકશી મુરજીના દોહીત્રવધુ, ગીતા, ઉર્વશી પૂર્ણીમા, ભારતી, પ્રિતી, જખેશ, કલ્પેશના માતુશ્રી. ડેમીબાઈ નેણશીના સુપુત્રી, હીરજી, મોથારા કસ્તુર પ્રવિણના બેન. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રાર્થનાસ્થળ : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ - કરસન લધુ નિસર હોલ ૧ લે માળે - (દાદર વે) સમય : ૪ થી ૫.૩૦.

બાડાના ચંચળબેન રામજી છાડવા (ઉં. વ. ૯૩) તા. ૯-૭-૨૬ના અવસાન પામ્યા છે. રામજીના ધર્મપત્ની. મુરીબાઈ ભાણજી દેવજીના પુત્રવધુ. કૈલાસ, ભારતી, વાસંતી, કુસુમના માતા. બાડા પાનબાઈ ટોકરશી લધાના સુપુત્રી. રામજી, વિસનજીના બેન. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. કૈલાસ રામજી : જમનાદાસ મેન્શન, બીજે માળે, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા, મું-૧૯.

બિદડાના દિના જગદીશ ફુરીયા (ઉં. વ. ૬૨) તા. ૯-૭-૨૬નાં અવસાન પામેલ છે. ગોમીબાઇ પ્રેમજી રતનશીના પુત્રવધુ. જગદીશના પત્ની. વલસાડ મણીબેન છબીલદાસના પુત્રી. નિર્મળા નટવરલાલ, રસીક, મંદાકીની, મીનાક્ષી મનસુખ, ગજરા મગન, સવિતા ભીખુભાઇ, ગુણવંતી મનહર, જયવંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જગદીશ ફુરીયા, સી-૪૦૪, કુમાર એપાર્ટમેન્ટ, ડીવાઇન સ્કુલની બાજુમાં, આંબેવાડી, નાલાસોપારા-૪૦૧૨૦૯.

### શ્રી ખંભાતી વિશા શ્રીમાળી જૈન

સોજીત્રા નિવાસી હાલ નાલાસોપારા, મુકેશભાઈ જયંતીલાલ શાહ (ઉં. વ. ૫૮) તે ભારતીબેનના પતિ. સ્વ. ઇન્દુમતીબેન જયંતીલાલ શાહના પુત્ર. રૂપાલી તથા નવ્યાના પિતા. દર્શનકુમારના સસરા. રશ્મિકાન્ત તથા અતુલભાઈના ભાઈ. પ્રાર્થનાસભા ૧૨/૭/૨૬ના રોજ ૪ થી ૬. વિશાક એપાર્ટમેન્ટ, ડી ૩૧૩ ત્રીજે માળે, ગાલાનગર, ઓમ ચિલ્ડ્રન હોસ્પિટલ સામે, આચોલે રોડ નાલાસોપારા ઈસ્ટ.

### ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ધાંધલપુર નિવાસી હાલ કાંદીવલી, શશીકાંત હરિલાલ તુરખીયાના પત્ની પ્રેમીલાબેન (ઉં.વ. ૮૦) બુધવાર તા. ૮-૭-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે રાજુ, મનિષ તથા અ.સૌ. જ્યોતિ આશિષકુમાર બાટલીયાના માતૃશ્રી. જેનીશ તથા નિપાના સાસુ. કરણ આયુષ, ક્રિમા, સાહિલ, રિશીના નાની/ દાદી, પાનગઢ નિવાસી સ્વ. શાહ હરજીવનદાસ છગનલાલના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

વંડા પિયા નિવાસી હાલ મુલુંડ, સ્વ. જાદવજી સોમચંદ મહેતાના સુપુત્ર હેમંતભાઈ મહેતા (ઉં. વ. ૭૫) તા. ૦૯/૦૭/૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે રીનાબેનના પતિ. માનસીબેનના પિતાશ્રી. ચંદ્રકાંતભાઈ, મધુકાંતભાઈ, ઉદયભાઇ, ઉષાબેન, રૂપાબેન, સોનલબેનના ભાઈ, શ્વસુરપક્ષે સ્વ. પરમાનંદદાસ ઓધવજી શાહ રાજપરાવાળાના જમાઈ. લૌકિક વહેવાર બંધ છે. શાલની પ્રથા બંધ છે. સ્થાનઃ એલ.૫.,૫૦૩, લોક કેદાર ચેમ્બર્સ, લોક એવરેસ્ટ ચેમ્બર્સની બાજુમાં, જે.એસ.ડી.રોડ.મુલુંડ વેસ્ટ.

### દશા પોરવાડ દેરાવાસી વાણિક જૈન

અમદાવાદ નિવાસી હાલ મુંબઈ, શૈલેશભાઈ (ઉં. વ. ૭૭) તા. ૧૦/૦૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સૂર્યકાંત-કુસુમબેનના સુપુત્ર, અંજુબેનના પતિ. સૌરીન-અમીષાના પિતા. અપર્ણા-તુષારના સસરા. સ્વ. રેખાબેન, વર્ષાબેનના ભાઈ. સ્વ. રમણભાઈ ઠક્કરના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર-૧૨/૭/૨૬ના સાંજે ૫ ૬.૩૦. બિરલા ક્રીડા કેન્દ્ર, ચૌપટી, લૌકિક વહેવાર બંધ છે.

# હિન્દુ મરણ

### ગોભવા મોઢ વણિક

અમરેલી નિવાસી હાલ કાંદિવલી દિનેશચંદ્ર વલ્લભદાસ પરીખ (ઉં.વ. ૮૨) તે સ્વ. ભારતી દિનેશચંદ્ર પરીખના પતિ. તે ધારીણી દિનેશચંદ્ર પરીખ, પુષ્ટી (ઉર્વી) સાગર બિલાણીના પિતા. રાશિ, ઈશા, મંથનના નાના. સ્વ. નટવરલાલ વલ્લભદાસ પરીખ, સ્વ. ચંદુબેન ગીરધરલાલ પારેખ, સ્વ. ભારતીબેન ધીરેન્દ્રકુમાર પરીખ, સ્વ. દીનાબેન સુરેશકુમાર મહેતાના ભાઈ. સ્વ. ચંપાબેન ત્રિભોવનદાસ શાહના જમાઈ તા. ૧૦-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હાલાઇ ભાટિયા

મોના (સંયુબેન) મુકુંદ નેગાંધી (ઉં. વ. ૭૨) તે સ્વ. ગુણવંતી ગોકુળદાસ નેગાંધીના પુત્રવધૂ (જામનગરવાળા) તે સંજયના માતુશ્રી. ચેતના ચંદ્રકાંત (ચંદુભાઇ) ના દેરાણી. તે સ્વ. શાંતિબાઇ દેવીદાસ હીરજી આશરના પુત્રી (જામખંભાલીયાવાળા) ઉદયભાઇ આશરના બેન. વિશાલ અને ચૈતાલીના કાકી. તા. ૮-૭-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હાલાઇ લોહાણા

મુળગામ વરજાગ જાળીયા હાલ મીરારોડ સ્વ. પ્રથમેશ (ઉં. વ. ૪૧) તા. ૯-૭-૨૬ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવનાબેન હરિકૃષ્ણ સુખાણીના સુપુત્ર. તે પુનમના પતિ. કાજલ પ્રિયકકુમાર શાહના ભાઇ. તે સ્વ. મથુરાદાસ મનજી સુખાણીના પૌત્ર. સ્વ. જયકૃષ્ણ તથા પ્રકાશ, નંદલાલના ભત્રીજા. તે પ્રેમકુમાર બહાદુર થાપાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

### દીવ મોઢ વણિક

દીવ નિવાસી હાલ મુંબઇ કુમુદચંદ્ર મોહનદાસ શાહના ધર્મપત્ની યશવંતીબેન શાહ (ઉં. વ. ૮૩) ગુરુવાર તા. ૯-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પ્રભાવંતી તથા મોહનદાસ દેવચંદ શાહના પુત્રવધૂ. સ્વ. મનસુખભાઇ, સ્વ. જશવંતીબેન, ભાનુકાંત, ગં. સ્વ. જયોત્સનાબેન મધુસુદન, ગં. સ્વ. દમયંતીબેન મનહરભાઇ, સ્વ. ધીરજબાળા, ભગવાનદાસ, સ્વ. મૃદુલાબેન વિનોદચંદ્રના ભાભી. સોનલ ભાવીન, અલકા હિમાંશુભાઇ મમતા કશ્યપભાઇના માતા. તે ત્રિશા, ક્રિશ, કૃત, સાંત્વના રૂપલના દાદી-નાની. તે સ્વ. પ્રભાવંતી તથા તુલસીદાસ હીરાચંદ ઠાર (દીવવાળા)ના દીકરી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૧-૭-૨૬ના વિશ્વેશ્વર ભવન, પહેલા માળે, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ), સાંજે ૪થી ૬.

### કપોળ

મહુવા નિવાસી હાલ મલાડ, ગં.સ્વ. કળાબેન બળવંતરાય ગોરડીયા (ઉં. વ. ૯૪) ગુરૂવાર તા. ૮/૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પન્ના (પ્રતિમા) હસમુખરાય દોશી, સ્વ. વિનોદ, દિલીપ, ભારતી (ભાવના) ચંદ્રેશ મહેતા તથા ભરતના માતુશ્રી. હર્ષા તથા બીનાના સાસુ. પિયર પક્ષે રાજુલાવાલા સ્વ. વિઠ્ઠલદાસ થોભણદાસ પારેખના દીકરી, જેનિલ, નમ્રતા વિવેક વાલિયા, આયુષી પ્રણવ જોશીના દાદી, વૈભવીના દાદીસાસુ. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૨/૭/૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળઃ પી ડી ખાખર બેન્કવેટ - એસ્પી ઓડીટોરીયમ, માર્વે રોડ, મલાડ પશ્ચિમ.

### કચ્છ ગુર્જર ક્ષત્રિય

ગામ ખંભરા, હાલ કલ્યાણ નિવાસી ગં.સ્વ. દમયંતીબેન પુરષોત્તમભાઈ રાઠોડ (ઉં. વ. ૮૧) ગુરુવાર તા.૦૯/૦૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પુરુષોત્તમભાઈ અમરસી રાઠોડના ધર્મપત્ની. સ્વ. કાશીબેન અને જીવરામભાઇ મેપાભાઇ સોલંકીની દીકરી. બાબુભાઈ, કિશનભાઇ, હિંમતભાઈ, આત્મારામભાઈ, સુરેશભાઈ અને પ્રમિલાબેનના ભાભી. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૧/૦૭/૨૬ના સાંજના ૪:૩૦ થી ૬:૦૦. શ્રી સ્વામિનારાયણ હોલ, શંકરરાવ ચોક, કલ્યાણ પશ્ચિમ.

### લુહાર સુથાર જ્ઞાતિ

ગામ બગસરાવાળા હાલ મલાડ, ગં.સ્વ. મંગળાબેન વલ્લભભાઈ ક્વા (ઉં. વ. ૮૪) તા. ૦૭/૦૭/૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. વલ્લભભાઈના ધર્મપત્ની, દિલીપભાઈના માતુશ્રી. નયનાગૌરી દિલીપભાઈના સાસુ. શાંતિભાઈ, ચંપાબેન દામજીભાઇ મકવાણા તથા નટુભાઈના ભાભી. સાવરકુંડલાવાળા સ્વ. ધનજીભાઈ હકાભાઈ ચૌહાણના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૧/૦૭/૨૦૨૬ના શનિવારે સાંજે ૫ થી ૭. લુહાર સુતાર વાડી, કાર્ટર રોડ નં. ૩, અંબાજીમંદિર પાસે, બોરીવલી પૂર્વ.

### દીવેચા વાંઝા

બોરીવલી, ભૂપેન્દ્ર દીવેચા (ઉં. વ. ૮૦) ગુરુવાર તા. ૦૯-૦૭-૨૬ના દેવલોક પામ્યા છે. તે સ્વ. છબીલદાસ હીરાચંદ દીવેચા અને સ્વ.પરસનબેન દીવેચાના પુત્ર. સ્વ. સાકરલાલ ચુનીલાલ ગોહિલ અને સ્વ. પુષ્પાબેન ગોહિલના જમાઈ. સ્વ. ભારતીના પતિ. સ્વ. મધુસૂદન, રમેશ, સ્વ. હરીશ, સ્વ. ભદ્રા મુળરાજ, સ્વ. સરલા જસવંતલાલ, સ્વ. ઊર્મિલા હરકિસનદાસ, ગં.સ્વ. મીનાક્ષી પ્રવીણના ભાઈ. સ્વ. સાધના, રમીલા, ગં.સ્વ. ઊર્મિના દીયર, પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૧-૦૭-૨૬ના સાંજના ૪.૩૦ થી ૬.૩૦. સ્થળઃ ગાંધર્વ બેન્કવેટ હોલ, પ્લોટ નં. ૯૧/૯૫, આરડીપી - ૧, સરસ્વતી બંગલો, શિંદે શૂળની નજદીક, સુવિદ્યા સ્ટોપ, ગોરાઈ-૧, બોરીવલી વેસ્ટ.

### દશા નિમા વણિક

બાલાસિનોર નિવાસી પડાલવાળા હાલ બોરીવલી, સ્વ. નયનાબેન તથા સ્વ. અનિલભાઈ કાંતિલાલ દેસાઈના પુત્ર વિપુલભાઈ (ઉં. વ. ૫૨) ૪/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ડિમ્પલના પતિ. ખ્યાતિ તથા જીતના પિતા. કિંજલબેન મયુરકુમાર શાહ તથા પારૂલબેન મનીષકુમાર દેસાઈના ભાઈ. સાસરાપક્ષે બાલાસિનોર નિવાસી સ્વ. ભારતીબેન ઇન્દ્રવદન શાહના જમાઈ. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૧૨/૭/૨૬ના રોજ ૫ થી ૭. કલાલે શાંતિ સાગર હોલ, ચામુંડા સર્કલ પાસે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા સોરઠીયા વણિક

મહુવા નિવાસી હાલ ભાયંદર ઈસ્ટ, પુષ્પાબેન વેણીલાલ મહેતા (તલાટી) (ઉં. વ. ૮૨) તે વેણીલાલ ભીખાલાલ મહેતા (કાથાવાળા) ના ધર્મપત્ની. અશ્વિન, જાગૃતી શાહ, કિરણ મીઠાણી, દેવકા કાચલિયાના માતુશ્રી. સ્વ. ચંદુભાઈ, હિંમતભાઈ, ચીમનભાઈ, સ્વ. ચંપાબેન ગાંધી, સ્વ. જયશ્રીબેન રમેશ કુમાર માંડણીના ભાઈના ધર્મપત્ની. આરતી તથા ભરતકુમાર પ્રવિણભાઈ શાહ, હસમુખકુમાર પ્રભુદાસ મીઠાણી તથા ભાવિનકુમાર દિનેશભાઈ કાચલિયાના સાસુજી. પ્રવિણચંદ્ર બાબુલાલ ગોરસિયા, સ્વ. અરુણાબેન ભુપતરાય માયાણીના બહેન. તા. ૦૮-૦૭-૨૬ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. સાદડી પ્રથા બંધ છે.

### કપોળ

મહુવાવાળા હાલ કાંદિવલી, સ્વ. મગનલાલ જમનાદાસ પારેખના પુત્ર સ્વ. કનૈયાલાલના ધર્મપત્ની ગં.સ્વ. દમયંતીબેન (દીન્તાબેન) પારેખ (ઉં. વ. ૮૫) તા. ૦૯.૦૭.૨૬ ગુરુવારના શ્રિજીચરણ પામેલ છે. તે સ્વ. ગોકુલદાસ જેસંગભાઈ મહેતાના પુત્રી. તે અ.સૌ. દર્શનાબેન જિતેન્દ્ર, અ.સૌ. ચેતનાબેન દીપકભાઈ, અ.સૌ. તૃપ્તિબેન મુકેશકુમાર, અ.સૌ.નીતિક્ષાબેન જીતેશકુમાર, અ.સૌ. યામિનીબેન ધવલકુમારના માતુશ્રી. સૌ. શોભાબેન, સૌ. સરોજબેન, સ્વ. રશ્મિબેન, સ્વ. અનસુયાબેન, ગં.સ્વ. કાંતાબેન, ગં.સ્વ. જયાબેન, જ્યોત્સનાબેન, ગં. સ્વ. ભાવનાબેન તથા રેખાબેનના ભાભી. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૨.૦૭.૨૬ના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (મોટા ઉપાશ્રય), ૫મે માળ, પારેખ લેન કોર્નર, લોહાણા મહાજન વાડીની સાંજે ૫ થી ૭. કાંદિવલી પશ્ચિમ.

## ઈડીએ

દરમિયાન ''અઘોષિત'' વિદેશી સંપત્તિઓ અને બેંક ખાતાઓ સંબંધિત દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. અધિકારીઓએ દાવો કર્યો હતો કે,અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૬માં, યુકે બોર્ડર ફોર્સના અધિકારીઓએ સાંગાણી પાસેથી લગભગ ૭.૪ કિલો અઘોષિત સોનું જપ્ત કર્યું હતું.

સાંગાણી અથવા તેમની કંપનીનો સંપર્ક થઈ શક્યો નથી. ફિલ્મ એકેડેમી તરફથી પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. ■

## ખાદ્ય સુરક્ષા

છ હલકી ગુણવત્તાના હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. તદનુસાર કંપની સામે ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કાયદામાં ગુનાની ગંભીરતાના આધારે ૧ લાખ રૂપિયાના દંડથી લઈને આજીવન કેદ, મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ છે જ. આ કેસમાં યોગ્ય જોગવાઈઓ લાગુ કરવામાં આવશે.'

ઝિરવાલે એમ પણ જણાવ્યું હતું કે ઘીમાં ભેળસેળ કરનારી કંપનીઓના રિટેલ આઉટલેટ તાત્કાલિક બંધ કરવામાં આવશે અને તેમના લાઇસન્સ રદ કરવામાં આવશે. તપાસ અને પ્રયોગશાળાની પુષ્ટિ પછી જો જરૂરી હશે તો ધરપકડ કરવામાં આવશે. એફડીએ નિરીક્ષણ દરમિયાન જ્યાં પણ ઉલ્લંઘન જોવા મળ્યા હતા ત્યાં ફોજદારી કેસ નોંધાઈ ચૂક્યા છે. તપાસમાં ગુનો સાબિત થયા પછી યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. જો કાયદા હેઠળ ધરપકડ જરૂરી હશે, તો ધરપકડ પણ કરવામાં આવશે.' (પીટીઆઈ) ■

## ડૉક્ટરની માતાએ

વાત કરતા, તેમણે કેડીએમસી ની શાસ્ત્રી નગર હોસ્પિટલમાં બનેલી ઘટનાની નિંદા કરી હતી. હોસ્પિટલ કે સમાજમાં ડોક્ટરો પર મારપીટ અને અન્યાય થવાની આ કોઈ પહેલી ઘટના નથી. આપણે વારંવાર આવી ઘટનાઓ જોઈએ છીએ જેમાં તબીબી વ્યાવસાયિકો પર હુમલા થાય છે અને હોસ્પિટલોમાં તોડફોડ કરવામાં આવે છે, તેમ સંગીતાએ કહ્યું હતું. જવાબદારીની માંગણી કરતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જે કોઈ કાનૂની પ્રક્રિયા કરવામાં આવે, તેમાં સંપૂર્ણ પારદર્શિતા હોવી જોઈએ. ■

## કૉંગ્રેસમાં ભળી

બારામતીનાં સંસદસભ્ય એનસીપી (એસપી) અને કોંગ્રેસ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવી રાખી રાજકીય બાબતોમાં નિયમિતપણે સંકલન કરતા રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'હું જ્યારે પણ દિલ્હી જાઉં છું ત્યારે પ્રિયંકા ગાંધીને મળવા માટે સમય માગું છું.અમે મહારાષ્ટ્રમાં રાજકીય, સામાજિક અને આર્થિક વિકાસની ચર્ચા કરીએ છીએ.મહારાષ્ટ્ર સંબંધિત મુદ્દાઓ પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે નિયમિત આપલે પણ કરી હતી. ઘણી સંયુક્ત સંસદીય સમિતિમાં અમે (એનસીપી - એસપી અને કોંગ્રેસ) સાથે મળીને કામ કરી રહ્યા છીએ અને ઘણીવાર વિવિધ મુદ્દાઓ પર અમારું વલણ નક્કી કરીએ છીએ. (પીટીઆઈ) ■

## મૅજિસ્ટ્રેટ ભડક્યાઃ

સોમવારની સાંજે બનેલી આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં ભારે હોબાળો મચ્યો હતો. નાગરિકોનો ગુસ્સો જોતાં અને આઈએમએ દ્વારા દબાણ લાવવામાં આવ્યા પછી વિષ્ણુનગર પોલીસે બુધવારે મ્હાત્રે અને તેના ત્રણ સાથીની ધરપકડ કરી હતી.

ધરપકડ સાથે જ મ્હાત્રેએ છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી, જેને પગલે તેમને થાણેની સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ■

## ગરીબીમાં

વાગ્યાની આસપાસ એકસાથે કાર્યવાહી કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ એટીએસે મુંબઈ, પુણે, નાગપુર, નાલાસોપારા, મીરા રોડ, અકોલા, નાંદેડ, નાશિક અને જળગાંવમાં દરોડા પાડ્યા હતા. ભટ્ટીનું ભારતમાંનું નેટવર્ક તોડી પાડવા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ૧૦૨ જણને તાબામાં લેવાયા હતા. પકડાયેલા યુવકોની વધુ પૂછપરછ એટીએસ કરી રહી છે. એટીએસના જણાવ્યા મુજબ ભટ્ટી અને તેના સાથી આબિદ જાટ ઉર્ફે આબિદ છલ, અજમલ ગુજર, હમ્માદ મેમણ, રાણા હુનેન, અશરફ બશીર આલમ ભારતમાં તેમનું નેટવર્ક ફેલાવી રહ્યા છે. આ માટે સોશિયલ મીડિયાના માધ્યમથી આર્થિક રીતે દુર્બળ અને બેરોજગાર યુવકોને ટાર્ગેટ કરવામાં આવતા હતા. ઑનલાઈન બ્રેનવૉશ કરીને નાણાંની લાલચે યુવકોને દેશવિરોધી પ્રવૃત્તિ માટે ઉશ્કેરવામાં આવતા હતા. ■

## અનિયોજિત શહેરીકરણ

અને સફાલે સહિત પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને લોકો સાથે વાતચીત કરી હતી.પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે લાંબા ગાળાના પૂર નિયંત્રણ પગલાં અમલમાં મૂકવા માટે રેલવે, નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા, રાજ્યના વિભાગો અને નાગરિક વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે ટૂંક સમયમાં એક સંયુક્ત બેઠક બોલાવવામાં આવશે.

તાત્કાલિક રાહત પૂરી પાડવા માટે, પ્રધાને અધિકારીઓને પ્રાથમિકતાના આધારે નુકસાનનું મૂલ્યાંકન કરવાનો નિર્દેશ આપ્યો હતો. સાથે જણાવ્યું હતું કે ઘરવખરી, શૈક્ષણિક સામગ્રી અને આવશ્યક ચીજવસ્તુઓ ગુમાવનારા નાગરિકોને ઝડપથી નાણાકીય સહાય પુરી પાડવામાં આવશે. ■

## બે કોર્પોરેટર

કુલ ચાર નગરસેવકોને મુંબઈ મહાનગરપાલિકામાં ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. શુક્રવારે બે ગેરલાયક જાહેર કરવામાં આવેલા નગરસેવકમાં રોશન શેખ અને બુશરા નદીમ મલિકનો સમાવેશ થાય છે. રોશન શેખ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) તરફથી વોર્ડ નંબર ૧૩૮ થી ચૂંટાયા હતા. તો બુશરા મલિક રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ના હતા અને કુર્લા પૂર્વમાં વોર્ડ નંબર ૧૭૦નું પ્રતિનિધિત્વ કરતા હતા. બંને ઓબીસી શ્રેણી માટે અનામત બેઠકો પરથી ચૂંટાયા હતા. ■

## નેસ્કો કેસ

ક્લાસમેટ, સિક્યોરિટી ગાર્ડ, કોન્સર્ટના આયોજકો અને કથિત ડ્રગ તસ્કરનાં નામ છે. આ કેસમાં પોલીસે બે શકમંદને ફરાર દર્શાવ્યા છે. એક આરોપી દીપેશ હેમવાની (૨૩)ની વનરાઈ પોલીસે ગયા સપ્તાહે જ ધરપકડ કરી હતી. ઉલ્હાસનગરમાં રહેતા હેમવાનીને બે દિવસની પોલીસ કસ્ટડી પછી કોર્ટે અદાલતી કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. કોન્સર્ટમાં મૃત્યુ પામેલા બન્ને સ્ટુડન્ટે ડ્રગ્સનું સેવન કર્યું હતું. આ ડ્રગ્સ વિદેશથી હેમવાનીને ઘેર આવ્યું હતું અને પછી આગળ સપ્લાય થયું હતું. ડ્રગ્સનો મુખ્ય સપ્લાયર હજુ ફરાર હોવાનું પોલીસનું કહેવું છે. ■

## સંતાનોનું

ઑફર્સને સ્વીકારવી નહીં. અજાણી વ્યક્તિ દ્વારા ચીંધવામાં આવેલું કોઈ પણ નાનું-મોટું કામ આતંકવાદી કૃત્યનો ભાગ હોઈ શકે છે. આ બાબત યુવાનોએ ખાસ ધ્યાનમાં રાખવા જેવી હોવાનું એટીએસનું કહેવું છે. વાલીઓએ પણ સંતાનોની સોશિયલ મીડિયા પરની ઍક્ટિવિટી પર નજર રાખવી જોઈએ. ઈન્ટરનેટનો ઉપયોગ કયા ઉદ્દેશથી કરવામાં આવી રહ્યો છે તેનું ધ્યાન રાખવું. સંતાનોનું વર્તન અચાનક બદલાયેલું જણાય કે શંકાસ્પદ જણાય તો તરત નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવો, જેથી સંતાનને આડે રસ્તે જતાં રોકી શકાય, એવી અપીલ એટીએસે કરી છે. ■

## વસઈ-વિરારમાં

નિરીક્ષણ કરવા માટે બોટનો ઉપયોગ કરવો પડ્યો હતો. પૂરથી નુકસાન પામેલા ભૂગર્ભ કેબલ, ટ્રાન્સફૉર્મર, પાવર લાઇન અને થાંભલાઓની વ્યવસ્થિત રીતે તપાસ કરી, જ્યાં જરૂર પડે ત્યાં તાત્કાલિક સમારકામ અને રિપ્લેસમેન્ટ હાથ ધર્યા હોવાનું એમએસઈડીસીએલના અધિકારીએ જણાવ્યું હતું. એમએસઈડીસીએલના અધિકારીના જણાવ્યા મુજબ ૫૨૮ ટ્રાન્સફોર્મર પૂરના પાણીમાં ડૂબી ગયા હતા, જેમાંથી ૬૨ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયા હતા અને તેમને તાત્કાલિક બદલવા પડ્યા હતા. વધુમાં ૯૧ વીજળીના થાંભલા તૂટી પડ્યા હતા, જેના કારણે નવા થાંભલા ઉભા કરવા અને ઓવરહેડ પાવર લાઇન ફરીથી બનાવવા પડ્યા હતા. (પીટીઆઇ) ■

## ખુલ્લા અને તૂટેલા

નાગરિકો વિવિધ ડિજિટલ ચેનલો દ્વારા ખુલ્લા, તૂટેલા ગાયબ થયેલા મેનહોલના ઢાંકણા સંબંધિત ફરિયાદ અને અન્ય નાગરિક ફરિયાદો સરળતાથી નોંધાવી શકશે. આ સુવિધાનો ઉપયોગ કરવા માટે નાગરિકોએ સંબંધિત વોટ્સએપ નંબર પર સંદેશ મોકલીને વાતચીત શરૂ કરવાની રહેશે. પછી 'ફરિયાદ સબમિટ કરો' એવો વિકલ્પ પસંદ કરીને ઘટનાનું સ્થાન શેર કરવાનું રહેશે. સાથે જ સમસ્યાનો ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેશે. ફરિયાદ નોંધણી પૂર્ણ થયા પછી, નાગરિકને વધુ ફોલો-અપ માટે ફરિયાદ નોંધણી નંબર પ્રાપ્ત થશે.

**માય બીએમસી માર્ગ પર કરો ફરિયાદ**

નાગરિકોએ પહેલા 'માય બીએમસી માર્ગ' એપ ખોલવાની રહેશે અને તેમના મોબાઇલ નંબર અને ઓટીપીથી લોગ ઇન કરવાનું રહેશે પછી 'ન્યુ રજિસ્ટ્રેશન' આ વિકલ્પ પસંદ કરવાનો રહેશે. બાદમાં ફરિયાદનો પ્રકાર પસંદ કરવાનો રહેશે. જો જરૂરી હોય તો સમસ્યાનું ટૂંકું વર્ણન આપવાનું રહેશે. સંબંધિત સ્થાનનો હાલનો ફોટોગ્રાફ અપલોડ કરવો અથવા જીઓ-ટેગ કરેલો ફોટોગ્રાફ લઈને તેને અપલોડ કરવાનો રહેશે.

**અહીં પણ ફરિયાદ કરી શકો છો**

મુંબઈગરા 'માય બીએમસી માર્ગ' ની સાથે જ મેનહોલ ચેટબોટ ઉપરાંત વોટ્સએપ ચેટબોટ (૮૯૯૯૨૨૮૯૯૯), સત્તાવાર વેબસાઇટ અને ૧૯૧૬ હેલ્પલાઇન દ્વારા પણ ફરિયાદ નોંધાવી શકે છે. વોટ્સએપ ચેટબોટ (૮૯૯૯૨૨૮૯૯૯) પર ફરિયાદનું સ્થાન અને ફોટોગ્રાફ મોકલીને ફરિયાદ નોંધાવી શકાય છે. ખાડાઓ અંગે ફરિયાદ નોંધાવવા માટે, 'ખડ્ડા' અથવા 'ખ' સંદેશ મોકલવાનો રહેશે, જ્યારે ગટરના કવર અંગે ફરિયાદો માટે, 'મેનહોલ' અથવા 'મ' સંદેશ મોકલવાનો રહેશે. નાગરિકો પાલિકાની વેબસાઇટ ઙ્ઘ્રાફિંહ.ળભલળ.લ્ઙ્ગદ.શક્ષ પર ફરિયાદ નોંધાવી શકે છે.૧૯૧૬ હેલ્પલાઇન પર કોલ કરીને અને ફરિયાદની વિગતો આપીને પણ ફરિયાદ નોંધાવી શકાય છે.જ્યાં ફોટોગ્રાફની જરૂર હોય, ત્યાં નાગરિકોને જીઓ-ટેગ કરેલ ફોટોગ્રાફ અપલોડ કરવા અથવા લેવા માટે એક લિંક મોકલવામાં આવે છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# લેફ્ટી-રાઇટીની રામાયણઃ

## બૅટિંગ લાઇન-અપમાં સંતુલન જરૂરી

સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@
bombaysamachar.com

**ભારતની** વર્તમાન ટી-૨૦ બૅટિંગ લાઇન-અપ પર નજર તો કરો!...વૈભવ સૂર્યવંશી (લેફ્ટ-હૅન્ડ), અભિષેક શર્મા (લેફ્ટ-હૅન્ડ), ઇશાન કિશન (લેફ્ટ-હૅન્ડ), કૅપ્ટન શ્રેયસ ઐયર (રાઇટ-હૅન્ડ), શિવમ દુબે (લેફ્ટ-હૅન્ડ), તિલક વર્મા (લેફ્ટ-હૅન્ડ), વૉશિંગ્ટન સુંદર (લેફ્ટ-હૅન્ડ), અક્ષર પટેલ (લેફ્ટ-હૅન્ડ). અગાઉ ક્યારેય ડાબોડી બૅટ્સમેનોથી ભરેલી ભારતની આવી બૅટિંગ લાઇન-અપ કદી જોઈ હતી? જોઈ હશે તો પણ ગુરુવારે ટીમ ઇન્ડિયાએ જે નામોશી જોવી પડી એવી અગાઉ ક્યારેય જોઈ હતી?

ક્રિકેટમાં સામાન્ય રીતે લેફ્ટ-રાઇટી બૅટ્સમેનનું કૉમ્બિનેશન સારું મનાય છે, કારણકે એમાં બોલરનું રિધમ ખોરવાઈ જાય છે અને હરીફ ટીમના કૅપ્ટને વારંવાર ફીલ્ડિંગમાં ફેરફાર કરવો પડે છે. જોકે ગુરુવારે આપણે બ્રિટિશરોને વિજય જાણે તાસક પર જ ધરી દીધો. પહેલા આઠમાંથી સાત બૅટ્સમેન લેફ્ટ-હૅન્ડ હતા એટલે બ્રિટિશ બોલર્સને આક્રમણ જાળવી રાખવામાં ખાસ કંઈ તકલીફ ન પડી અને કૅપ્ટન હૅરી બ્રૂકને પણ ફીલ્ડિંગ પ્લેસમેન્ટમાં રાહત મળી હતી. પરિણામ એ આવ્યું કે આ વખતની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં ૨૦૦-પ્લસના સ્કોર અનેક વખત જોનાર ભારતીય ખેલાડીઓ ગુરુવારે સાત વિકેટે માંડ ૧૫૮ રન બનાવી શક્યા. આઠમાંથી એકમાત્ર રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન શ્રેયસ ઐયર (અણનમ ૮૦) સારું રમ્યો અને સાતેસાત લેફ્ટ-હૅન્ડ બૅટસમેન ટીમને સારો ફાળો આપવામાં નિષ્ફળ ગયા હતા. આયરલૅન્ડમાં સિરીઝની પ્રથમ મૅચમાં પણ પહેલા આઠમાંથી છ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન હતા.

એક સમય હતો જ્યારે ભારતની બૅટિંગ લાઇન-અપમાં ટોચના આઠમાંથી સાત રાઇટ-હૅન્ડ બૅટ્સમેન હતા અને ફક્ત એક લેફ્ટી હતો. સુનીલ ગાવસકર (રાઇટ-હૅન્ડ), ચેતન ચૌહાણ (રાઇટ-હૅન્ડ), દિલીપ વેન્ગસરકર (રાઇટ-હૅન્ડ), ગુંડપ્પા વિશ્વનાથ (રાઇટ-હૅન્ડ), યશપાલ શર્મા (રાઇટ-હૅન્ડ), કપિલ દેવ (રાઇટ-હૅન્ડ), સૈયદ કિરમાણી (રાઇટ-હૅન્ડ) અને કરસન ઘાવરી (લેફ્ટ-હૅન્ડ). એ રાઇટી-બૅટ્સમેનવાળી બૅટિંગ લાઇન-અપ એવી હતી કે અમુક દેશોને હરાવવા એટલે તેમના માટે ડાબા હાથનો ખેલ હતો. જોકે એ ટેસ્ટની વાત થઈ, પરંતુ ત્યારની તુલનામાં હાલમાં ટી-૨૦ ફૉર્મેટના વર્લ્ડ ચૅમ્પિયન ભારતે બૅટિંગ લાઇન-અપની બાબતમાં દાટ વાળ્યો છે. જાણે કોઈ ધારાધોરણ જ નથી. જાણે સીધું આઇપીએલને જ લક્ષમાં રાખીને ટીમ નક્કી કરાય છે. ગાવસકર-વેન્ગસરકરના સમયમાં ભારત પાસે લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેનો જ ઓછા હતા અને હવે એનાથી ઊલટું છે. લેફ્ટી બૅટ્સમેનોની ભરમાર છે ત્યારે ટીમને (લેફ્ટી-રાઇટીના ફૉર્મેશનમાં) સંતુલિત રાખવામાં અક્ષમ છીએ.

ભારતના ભૂતપૂર્વ બૅટ્સમૅન અને અવ્વલ દરજ્જાના ફીલ્ડર મોહમ્મદ કૈફે તાજેતરમાં પોતાની યુટ્યૂબ ચૅનલ પર બહુ સરસ વાત કરી હતી. તેણે કહ્યું, 'ભારતે ચાર મહિના પહેલાં વર્લ્ડ કપમાં જે ભૂલ કરી એ ફરી કરી રહ્યું છે. ત્યારે બે લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન અભિષેક શર્મા અને ઇશાન કિશન દાવની શરૂઆત કરતા હતા. જોકે ઑફ-સ્પિનર સામે રમવામાં તેમને મુશ્કેલી થતાં તેઓ વહેલી વિકેટ ગુમાવી બેસતા હતા. ભારત મોટા માર્જિનથી હાર્યું એટલે રાઇટ-હૅન્ડ સંજુ સૅમસનને રમાડવામાં આવ્યો હતો અને તેણે અણનમ ૯૭ રન, ૮૯ રન અને ૮૯ રનની દમદાર ઇનિંગ્સથી ભારતને વર્લ્ડ કપ ટ્રોફી અપાવી હતી. જોકે તાજેતરમાં આયરલૅન્ડમાં ભારતની ૦-૨થી નામોશી થઈ એટલે ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો, પણ અભિષેક (લેફ્ટ-હૅન્ડ) અને સૅમસન (રાઇટ-હૅન્ડ)ની જોડી ફરી તોડવામાં આવી છે. ઇંગ્લૅન્ડ સામે અભિષેક (લેફ્ટ-હૅન્ડ) અને વૈભવ સૂર્યવંશી (લેફ્ટ-હૅન્ડ)ને ઓપનિંગમાં ઉતારવામાં આવી રહ્યા છે અને તેઓ ફ્લૉપ પર ફ્લૉપ જઈ રહ્યા છે. ઓપનિંગમાં તો રાઇટી-લેફ્ટી જોડી જ હોવી જોઈએ.'



જાણે આઈપીએલની આતશબાજીને જ ધ્યાનમાં રાખીને બૅટિંગ-ઑર્ડર નક્કી કરી દેવાય છેઃ આયરલૅન્ડ પછી ઈંગ્લૅન્ડમાં પણ દાટ વળ્યો




અભિષેક શર્મા ઘણા મહિનાઓથી ટી-૨૦માં નંબર-વન હતો, પણ હવે તેણે એ રૅન્ક ગુમાવી દીધી છે.

ઇશાન કિશન નવો નંબર-વન થઈ ગયો છે, પણ તેનું નબળું ફૉર્મ ટીમ ઇન્ડિયા માટે મોટી ચિંતા છે.

વૈભવના કિસ્સામાં 'ગાજ્યા મેઘ વરસ્યા નહીં'. ૧૪, ૧૩, ૧૫ રન સાથે શરૂઆત કરી.

ભારતીય બૅટ્સમેનો હજી ચાર મહિના પહેલાં (માર્ચમાં) સતત બીજી વખત ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યા હતા, પણ ત્યાર પછી આઇપીએલની આંટીઘૂંટીમાં તેમણે જાણે બધી શક્તિ વાપરી નાખી હતી. ત્યાર બાદ આયરલૅન્ડમાં ટીમ ઇન્ડિયા માંડ ૧૫૦ રનની આસપાસનો લક્ષ્યાંક મેળવવામાં પણ ચક્કર ખાઈ ગઈ હતી અને હવે ઇંગ્લૅન્ડ સામે આપણી ટીમ ચાર ટી-૨૦માંથી એક પણ વખત ૨૦૦ રનની નજીક પણ નથી જઈ શકી અને શનિવારની અંતિમ મૅચ પહેલાં સિરીઝ ૦-૩થી હારી બેઠી. મુદ્દો એ છે કે ભારતીય બૅટ્સમેનો ક્રીઝમાં ટકી રહેવાની સમજદારી ગુમાવી બેઠા છે. આઇપીએલની ટી-૨૦ મૅચોની તેમના માનસ પર એવી ખરાબ અસર થઈ છે કે માર્ચ, ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપ વિજયને પણ તેમણે ભુલાવી દીધો છે. ધીરજ ગુમાવો એટલે ખરાબ શૉટ સિલેક્શન થવાનું જ છે અને એમાં ભારતીયો સસ્તામાં વિકેટ ગુમાવી રહ્યા છે. આઇપીએલમાં ભારતની સપાટ પિચ પર ફટકાબાજી કરવા ટેવાયેલા ભારતીય બૅટ્સમેનો આયરલૅન્ડની અને હવે ઇંગ્લૅન્ડની પિચો પરની પરીક્ષામાં નાપાસ થયા. તેમનું રિઝલ્ટ તો જુઓ કેટલું બધુ ખરાબ આવ્યું! ભૂતકાળમાં ઇંગ્લૅન્ડ સામે દસમાંથી આઠ ટી-૨૦ સિરીઝ જીતનાર અને બે સિરીઝ ડ્રૉ કરાવનાર ભારતે આ વખતે પહેલી વખત આ ફૉર્મેટમાં બ્રિટિશરો સામે પરાજય સહન કરવો પડ્યો. ૨૦૧૮ બાદ ભારત ક્યારેય ટી-૨૦ ફૉર્મેટમાં બૅક-ટુ-બૅક સિરીઝ નહોતું હાર્યું, પણ ગુરુવારે એ ખરાબ રેકૉર્ડ પણ બની ગયો.

ટૂંકમાં, આઇપીએલનું જ્યાં સુધી મગજ પર ભૂત સવાર હશે અને ફાસ્ટ બોલર્સને ઉચ્ચ કક્ષાના સ્વિંગ અને સીમ અપાવતી વિદેશી પિચો પર ભારતીયો જ્યાં સુધી સારું નહીં રમે ત્યાં સુધી ઇંગ્લૅન્ડમાં ગુરુવારે થઈ એવી નાલેશી થતી જ રહેશે. ભારતીય બૅટ્સમેનો ભારતની પિચો પર આઇપીએલમાં ભલે શૂરવીર સાબિત થાય, પણ વિદેશી પિચો પર તેમની નબળાઈ અને કચાશ ઉઘાડી પડતી જ રહેશે. (ઓપનિંગમાં તેમ જ મિડલ-ઑર્ડરમાં) રાઇટ-લેફ્ટી બૅટ્સમેનોનું સચોટ કૉમ્બિનેશન મેદાન પર ઉતારવામાં પણ કૅપ્ટન અને હેડ-કોચની સમજદારી હોવી જરૂરી છે જેમાં આ વખતે કૅપ્ટન શ્રેયસ ઐયર અને હેડ-કોચ ગૌતમ ગંભીરની નીતિ બુમરૅન્ગ સાબિત થઈ છે. ■

---

અરાઉન્ડ ધ વર્લ્ડ

# આલ્નેસ લાઇટહાઉસમાં કુદરત ને આર્ટની કૉમ્પિટિશન...

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com





**નૉર્વે** એક પછી એક શહેર અને ગામ સાથે વ્યૂ જનરેટિંગ મશીન જેવું લાગવા માંડ્યું હતું. જે પણ દિશામાં જુઓ તે સુંદર હશે કે નહીં તેની કોઈ ચર્ચા પણ બાકી રહેતી નહોતી. તેમાંથી પેટ્રોલ પંપ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ સ્ટેશનો પણ બાકાત ન હતાં અને એવાં દૃશ્યોની વચ્ચે રહીને પણ તેની એવી આદત પડી જાય કે પછી માણસને પોતે જે સ્થળે છે તે કેવું દેખાય છે તેની અવેરનેસ બે-ત્રણ દિવસમાં તો જતી જ રહે છે. એવામાં પોતાને એ પરિસ્થિતિથી બહાર કાઢવા સતત અણધાર્યાં દૃશ્યોનો ઝટકો આપ્યા કરવાનું જરૂરી બનતું જાય. આલેસુન્ડનો પેનોરમા વ્યૂ અને ત્યાંનું હાર્બર જ કોઈને પણ તે દિવસે ફ્યોર્ડને ખોળે વસેલું તે સુંદર શહેર જોઈને ધરાઈ ગયાં એવો સંતોષ આપી શકે, પણ જ્યારે ત્યાં સૂર્ય આથમતો ન હોય અને બધાં એનર્જીથી અધીરાં ગાડીમાં પાછાં બેસી ગયાં હોય, પછી નજીકમાં વધુ એક સ્થળ આપોઆપ નીકળી આવતું હોય તેવું લાગે.

આલ્નેસ લાઇટહાઉસનો રૂટ આલેસુન્ડથી ઘણો સરળ લાગતો હતો. માંડ ત્રીસેક મિનિટની ડ્રાઇવ હતી. ફરી એક પછી એક ટનલ આવવાની ચાલુ થઈ અને લાગ્યું કે જાણે ટનલનો કોઈ અંત જ નહીં આવે. વળી ટનલની બહાર બંને તરફ દરિયો કે ફ્યોર્ડ હાજર હતાં. છતાંય ક્યાંય દૂર સુધી લાઇટહાઉસ નજરે નહોતું પડતું. અંતે ગોડોયા ટાપુનું પાર્કિંગ આવી ગયું પણ લાઇટહાઉસને હજી ચાલીને શોધવું પડે તેવું હતું. જોકે ત્યાં લાઇટહાઉસની દિશામાં જતાં તે ટાપુ જેવા વિસ્તારનો વ્યૂ ફરી પાછાં કોઈ કોમ્પ્લેસન્ટ પ્રવાસીને હચમચાવી દે તેવાં હતાં. આવી જગ્યાએ માણસ મેડિટેટ કરવા પહોંચી જાય તો બાકીની દુનિયા ક્યાંય ભૂલીને જાણે કુદરત સાથે એક થઈ જઈ શકે. તેમાંય લાઇટહાઉસ દેખાયા પછી તો લાગ્યું કે અહીં માત્ર આ સમયે બહારથી જોઈને કામ નહીં ચાલે. તેને અંદરથી જોવા દિવસ દરમ્યાન પાછું આવવું પડશે.


સૂર્ય ન આથમવાની એક ઇફેક્ટ એ હતી કે અમે ભૂલી જતાં હતાં કે રાત્રે સાડાદસ વાગ્યે ઑફિસ અવર્સમાં ચાલતી ઇમારતો ખુલ્લી ન હોય. આ કોઈ નાનકડું મોન્યુમેન્ટ ન હતું. અંદર આર્ટથી માંડીને ત્યાંનો ઇતિહાસ અને વારસો ઘણી માવજતથી લોકો સામે પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. વળી આ લાઇટહાઉસ અમારા તે સમયના ટેમ્પરરી ઘરથી ખાસ દૂર ન હતું, અમે ફરી દિવસમાં ત્યાં જવા માટે સજ્જ હતાં. અને અંદર સ્થાનિક કલાકારોનું સર્જન અહીં પાછું આવવા માટે જરૂર પ્રેરણા આપે તેવું હતું.

અમે ત્યાં દિવસની બીજી મુલાકાત દરમ્યાન ૨૨ મીટર ઊંચા ટાવરની ચઢાઈથી શરૂઆત કરી. ઉપર કુદરતના વ્યૂ સાથે લોકલ આર્ટને પણ એટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. આટલે ઊંચેથી જ્યાં અનંત દરિયાનો વ્યૂ હોય ત્યાં પેઇન્ટિંગ કરવા માટે લોકો પ્રેરાય તે સમજી શકાય તેવું હતું, પણ તે સમયે બીજા કલાકારોનાં પેઇન્ટિંગ જોવા માટે એક સમયે તો કલાકારને કુદરતની સામે ત્યાંનાં મુલાકાતીનું ધ્યાન ખેંચવા માટે કૉમ્પિટિશનમાં રાખવામાં આવી હોય તેવું લાગતું હતું. જોકે અમે પણ આજના જમાનાનાં ડિસ્ટ્રેક્ટેડ ટૂરિસ્ટ છીએ, એટલે થોડી વાર થાય અને બધાંનો અટેન્શન સ્પેન કુદરત હોય કે આર્ટ, કશુંક નવું જોવા માટે અલગ દિશામાં જોયા કરતો હતો.

રેડ ઍન્ડ વ્હાઇટ સ્ટ્રાઇપ્સવાળું લાઇટહાઉસ તેનાં લોકેશનના કારણે વધુ જાણીતું બન્યું હતું. અહીં નાનકડા ફિશિંગ વિલેજ ગોડોયામાં આમ તો છેક ૧૮૫૧થી લાઇટહાઉસ બંધાયેલું હતું. તે લાકડાની નાનકડી દીવાદાંડીથી આજના કૉર્પોરેટ લાઇટહાઉસ સાથે આર્ટ ગૅલેરીનું સ્વરૂપ કઈ રીતે પામ્યું તે પણ મજાની ઐતિહાસિક વાત છે. લાઇટહાઉસની હિસ્ટ્રી માટે ત્યાં અંદર જ એક અલગ પરમેનેન્ટ એક્ઝિબિશન છે. મજાની વાત છે, અહીં ગામના ડેવલપમેન્ટની સાથે સાથે લાઇટહાઉસનું પણ કૉર્પોરેટ સ્ટાઇલ ડેવલપમેન્ટ થયું હોય તેવું લાગતું હતું. અંદર એક મજેદાર કાફે પણ હતું જ અને ત્યાંની લાઇટહાઉસ કેક ત્યાં બેસીને ખાવા માટે કે સુવિનિયર તરીકે સાથે લઈ જવા માટે વેચાતી હતી. ઘણાં જાણીતાં લાઇટહાઉસને હવે હોટલમાં પણ પલટવામાં આવ્યાં છે, પણ આ આલ્નેસ લાઇટહાઉસ જાણે મલ્ટી ટાસ્ક કરવા માટે એક્સપર્ટ હોય તેમ અલગ અલગ પ્રવૃત્તિઓથી ભરેલું હતું.

અત્યાર સુધીમાં જ્યારે પણ કોઈ લાઇટહાઉસ ગયેલાં, તેનો બહારથી ફોટો પાડી, તેની સાથે ફોટો પાડીને ત્યાંથી ચાલતી પકડી હતી. આ પહેલી વાર એવું બન્યું હતું કે ક્યાંક લાઇટહાઉસની અંદર આટલો બધો સમય વિતાવ્યો હોય. લોકોને રસ પડે તેવો માહોલ બનાવવાનું આ ઝાંકીએ એવું શીખી લીધું છે કે આલ્નેસ નૉર્વેનું સૌથી લોકપ્રિય લાઇટહાઉસ બની ગયું છે. અને મજાની વાત છે કે આજની જીપીએસ સિસ્ટમના કારણે તેનો લાઇટહાઉસ તરીકે ઉપયોગ થતો નથી, છતાં પણ તેને બૅક-અપ સિસ્ટમ તરીકે ઍક્ટિવ રાખવામાં આવ્યું છે. આજે પણ આ લાઇટહાઉસની લાઇટ રાતના શિયાળામાં જ્યારે અંધારું થાય છે ત્યારે દરિયાના પાણીને ચમકાવતી હોય છે. અને સાથે આ નાનકડા ગામને વધુ રસપ્રદ બનાવતી હોય છે. હવે એ તો માત્ર કલ્પના જ કરવાની રહી કે નૉર્ધર્ન લાઇટ્સની સાથે આ લાઇટહાઉસ કેવું લાગતું હશે.

આ ટચૂકડું ગામ પણ તેનાં રંગીન ઘરો સાથે પોતાની અલગ ઓળખ બનાવીને બેઠું હતું. જ્યાં પણ જુઓ ત્યાં ફોટોજેનિક ઘરોની હારમાળા કાં તો દરિયાનું કાં તો લાઇટહાઉસનું બૅકગ્રાઉન્ડ બનાવીને ગોઠવાયેલી હતી. અમે ત્યાં સંતોષ થાય એટલો સમય વિતાવ્યો. નૉર્વેમાં ક્યાંય હડબડી કરવાનું બનતું જ ન હતું. જાણે આખો દેશ સ્લો ટ્રાવેલને પ્રોત્સાહન આપતો હોય તેમ ધીમી ગતિએ ચાલી રહ્યો હતો. હવે અમારે નાટકીય ટ્રોલ ટૂન્ગા પાસ જવાનું હતું. ■



# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૫

**ઓહ, માય ગોડ સનત, ખરેખર એમ થાય છે કે, તમારા ગાલ પર કીસ કરી લઉં, પણ તેમ કરતાં તમે ડીસ્ટર્બ થઈ જશો.**

'તમે એક ટેક્સિ ડ્રાઈવરની વાત સાંભળીને મને આતંકવાદી સમજી બેઠા? રાતે મેં તમને કહેલું ને કે તમે હોશિયાર છો પણ હિંમતવાન નથી. તમને ખ્યાલ આવે છે કે, ટેન્શનને કારણે કોઈને ઈર્ષ્યા આવે એવી ક્ષણોની પણ તમે નોંધ નથી લીધી.'

'ત્યાં સંખ્યાબંધ પોલીસને જોઈ મેં ડ્રાઈવરની વાત સાચી માની લીધી' એ પોલીસ તો કોઈ રાજકીય કારણસર હતી.

સોનલ ગંભીર ચહેરે પલાંઠીવાળી બેડ પર બેઠી હતી. એની સામે બેઠેલા સનતે માથું હલાવ્યું. પોતાની ભૂલ કબૂલતો હોય તેમ તેણે કહ્યું, 'સોનલ આઈ એમ સો સોરી. આઈ ફીલ ગીલ્ટી અબાઉટ માય બિહેવીયર.'

'ઇટ્સ ઓકે. કદાચ તમે ક્યારેય અટપટી સ્થિતિમાં ઘેરાયા નથી. બીજું કે, તમને તમારા પરિવારનો ખૂબ પ્રેમ મળેલો છે. સનત તમે લકી છો.'

સોનલ એક નિસાસો નાખી બંધ બારીને જોઈ રહી. આખા દિવસના ઉકળાટ પછી ભારતની પાટનગરી દિલ્હી ઉપર રાતે પોતાનો શ્યામલ પાલવ નાખ્યો હતો. હોટેલ સિલ્વર લાઈનના ૩૦૫ નંબરના રૂમની હવા એ.સી.ને કારણે ઠરી ગઈ હતી. સનતને અત્યારે સોનલ જુદી લાગતી હતી. થોડી થાકેલી અને થોડી નિરાશ. એની મલાખી આંખોમાં ન પરખાય તેવી ઉદાસી છવાયેલી હતી. સનતે કલ્પના પણ કરી ન હતી કે, આવી સુંદર છોકરી સાથે રાત વિતાવવાની થશે. સહજ રીતે બેઠેલી સોનલને જોઈ એને વિચાર આવ્યો કે, સોનલ હિંમતવાન છે એની ના નહીં. પણ આમ કોઈ પુરુષ સાથે રાત રહેવું તેનો આત્મવિશ્વાસ છે કે, આંધળુકિયાં કરવાનો એનો સ્વભાવ છે.

'હવે કંઈ બોલો તો ખરા. મને ખબર છે કે, હું તમારી આડમાં મને બચાવી રહી છું. પણ તમારો આ ઉપકાર હું ક્યારેય ભુલીશ નહીં. જો આપણે સાથે અહીં આવ્યા હોત તો હું હોલમાં આવત નહીં. મેં કર્યો એ ડ્રામા કરવો ન પડત. પણ એ સિવાય બીજો કોઈ રસ્તો ન હતો.'

'તમારા કારણે મારું માન કેટલું વધી ગયું. જોયું નહીં બધા કેવા મારી સાથે હસી હસીને વાતો કરતા હતા. મને ખબર છે એમને મારામાં નહીં, તમારામાં રસ હતો.'

'હા પણ એક ખૂબસૂરત યુવાન છોકરીને શું વેઠવું પડતું હોય છે તે તમે ન સમજી શકો. રૂપાળા હોવાની એક પીડા દરેક છોકરી પોતાના કપાળ પર લખાવીને આવતી હોય છે. અને ક્યારેક એ પીડાને જ હથિયાર બનાવી લેતી હોય છે.'

એટલે ? સનતના મનમાં એક જુદો જ વિચાર દોડી ગયો.

સોનલ હસી પડી, તેણે સનતની આંખોમાં આંખ નાખતા પૂછ્યું, 'સાચું કહેજો તમારા મનમા પઝેશન જાગ્યું છે ને?'

'હા, તમે એને પઝેશન કહી શકો છો.'

'ઓકે, તમારે એને જે કહેવું હોય તે કહો. પણ તમને જે વિચાર આવ્યો છે એવું ક્યારેય કશું નથી બન્યું.'

'મને શું વિચાર આવ્યો છે?'

તમે ચતુર નથી તો શા માટે બનવાનો પ્રયત્ન કરો છો? તમે ખરેખર એક સરળ ઈન્સાન છો. મને તમારી આ સરળતા સ્પર્શી ગઈ છે. તમે આદર્શવાદી છો એટલે કડવાં સત્યોથી મોઢું ફેરવી જાઓ છો. વાસ્તવિકતાને સ્વીકારતા તમને વાર લાગે છે. હું વાસ્તવિકતાને તરત સ્વીકારી લઉં છું. એટલે ભયંકર પરિસ્થિતિમાં પણ રસ્તો કરી લઉં છું.

'કઈ રીતે રસ્તો કરી લ્યો છો? આખરે તો તમારા ફિગર પાવરનો ઉપયોગ કરીને જ?'

'તમે પુરુષો એક તરફ સ્ત્રીને આદર્શના બંધનમાં બાંધી રાખવા માગો છો. તમે પણ મારા શરીરને કારણે જ ખેંચાયા ને? એક અર્થમાં મારા શરીરનો મોહ જાગ્યો તો ખરો ને? અમને છોકરીઓને ખબર હોય છે કે, પુરુષને રૂપાળી છોકરીમાં રસ હોય છે. સંકટ સમયની બારી તરીકે ક્યારેક અમે સામેથી એ રસ્તો પસંદ કરીએ તો એમાં શું ખોટું?'

સનત તાકી જ રહ્યો. સોનલ ઝવેરી! કેવું કાવ્યાત્મક નામ છે. નામ સાંભળીને એમ લાગે જાણે તે કેટલીય ઈમોશનલ હશે. પણ આની દલીલોનો કોઈ જવાબ નથી. એનું થીંકિંગ જલ્દી પચે તેવું પણ નથી.

'જવા દો, આમ એક બીજા સામે દલીલો કરશું તો રાત નીકળી જશે. મારે તો તમારી કથા જાણવામાં રસ છે. તમારી કથા પણ તમારી જેમ હટકે જ હશે.'

'હટકેની ખબર નથી પણ ઝટકે જરૂર છે. બાય ધ વે, તમને એ ચિંતા નથી કે, બેડ એક છે અને આપણે બે છીએ.'

'આપણે સૂવાનું જ નથી. મારે તો તમારી વાત જાણવામાં રસ છે.'

'કેમ મારી બાજુમાં સૂવામાં બીક લાગે છે?' સોનલ શરારતી આંખે સનતને જોઈ રહી.

'બીક તો નથી લાગતી પણ...' સનત મુંઝાઈને સોનલ સામે જોઈ રહ્યો.

'પણ શું બોલોને. એક વાત સમજી લ્યો તમે ગમે તે વાત કરશો મને પચી જશે.'

'સાચું કહું તો મને જરા સંકોચ થાય છે. આવી કલ્પના મેં કરી નથી.'

સોનલે સીસકારો કરી માથું ધુણાવતા કહ્યું. 'ઓહ, માય ગોડ, કેટલા ભોળા છો તમે. સનત ખરેખર તમે બહુ જ સારા છો. એમ થાય છે કે, તમારા ગાલ પર કીસ કરી લઉં. પણ તેમ કરતાં તમે ડીસ્ટર્બ થઈ જશો. યુ આર સો ગુડ મેન'

સનત સોનલને અપલક જોઈ રહ્યો. તેને થયું કે, તે કહી દે. કાશ તું જ મારી પત્ની હોત. તેને પણ શરારત કરવાનું મન થયું, 'તેમ છતાં તમે કરી લેશો તો મને વાંધો નથી. કહો તો હું મોં ધોઈ આવું.'

'બસ ને? લક્ષ્મી ચાંદલો કરવા આવી ત્યારે જ તમને મોં ધોવાનું યાદ આવ્યું?'

સનતને પોતાની ભૂલ સમજાઈ. તેમ છતાં તેણે વાત લંબાવી, 'આ તો મને થયું કે, તમારી ઈચ્છા અધૂરી ન રહેવી જોઈએ.'

'હું મારી ઈચ્છા પૂરી કરી જ લઉં છું, તમને આજે સિગારેટ પીવાની ઈચ્છા નથી?'

સોનલના બોલવાની સાથે તેને સિગારેટ પીવાની ઈચ્છા જાગી. એને યાદ આવ્યું કે, ગઈ કાલે રાતે સોનલની સામે સિગારેટ પીધા પછી યાદ જ નથી આવી. તેણે એ.સી. સામે જોતા કહ્યું, 'અહીં સિગારેટ પીશ તો રાતભર તમને વાસ આવ્યા કરશે. આ તો તમે યાદ કરાવ્યું, બાકી હું તો ભૂલી જ ગયો હતો.'

'હું કેમ ભૂલી જાઉં? આપણી ઓળખાણમાં સિગારેટની જ ભૂમિકા છે. જો તમને સિગારેટ પીવાની ઈચ્છા ન થઈ હોત તો તમે ત્યાં આવ્યા ન હોત. મને જોઈ ન હોત. અને આપણો પરિચય થયો ન હોત.'

'ખરેખર અદ્‌ભુત પરિચય થયો. હોં. આવો પરિચય ભાગ્યે જ કોઈને થતો હશે. તમને નથી લાગતું કે જો કાલે હું આ વાત કોઈને કહું તો એ માને ખરો?'

'કેમ? એમાં ન માનવા જેવું શું છે?'

સનત જોરથી હસી પડ્યો. તેણે પોતાની શોલ્ડર બેગમાંથી સિગારેટ કેશ કાઢી સળગાવી. એક ઊંડો કસ લઈ આંખો ઝીણી કરી સોનલ સામે જોઈ રહ્યો. સોનલે પૂછ્યું, 'કેમ આવી રીતે જોઈ રહ્યા છો? કે પછી સિગારેટના પીતી વખતે વિચારે ચડી જવાની આદત છે?'

'હું વિચારું છું કે, તમે ભારતમાં ખોટા જન્મ્યા છો. તમારે યુરોપ અથવા અમેરિકામાં જન્મ લેવો જોઈતો હતો.'

'તમારી વાત તો સાચી છે. મને પણ એવું અનેકવાર લાગ્યું છે. છતાં તમને એવું શેના પરથી લાગ્યું કે, મારે ભારતમાં નહીં યુરોપમાં જન્મ લેવો જોઈતો હતો?'

'તમે કહ્યું ને કે, એમાં ન માનવા જેવું શું છે એના પરથી. મને હજુ એ ખબર નથી કે, તમે કેવા વાતાવરણમાં ઉછર્યા છો, પણ દુનિયા કઈ રીતે જીવે છે અને શું વિચારે છે તે હજુ તમને ખબર નથી.'

'બધી જ ખબર છે સનત. આપણું આજે આ રીતે એક જ રૂમમાં રહેવું, કાલે છૂટા થઈ જવું, આ બધું કોઈ એટલા માટે ન માને કે કોઈ છોકરી આ રીતે અજાણ્યા છોકરા સાથે રાત ગાળી જ ન શકે, અને કદાચેય રહે તો તે કોરી તો બહાર નીકળે. એમ તમે કહેવા માગતા હતા ને?'

'બોલવામાં પાવરધા છો. માણસને ઉઘાડો કરી નાખતા સારી રીતે આવડે છે.'

'કારણ કે હું સાઈકોલોજીની સ્ટુડન્ટ રહી ચુકી છું. સામેવાળાના મનમાં શું ચાલે છે તે હું પારખી જાઉં છું સનત.'

'ઓહ તમે સાઈકોલોજી ભણ્યા છો એમ? તેય અંગ્રેજીમાં? સાયકોલોજી ભણેલા માણસ સાથે વાત કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ.'

'વખાણ માટે આભાર. તમને એવો અફસોસ નથી ને કે આ બધું કર્યા પછી મને મળશે શું?'

'માની લો કે મને એવો કોઈ અફસોસ હોય તો તમે શું કરી શકો?'

સોનલ જોઈ રહી. સનતના પ્રશ્નનો કોઈ ઉત્તર એની પાસે નહોતો. રૂમમાં ગોલ્ડ ફ્લેકના ધુમાડાની એક ચોક્કસ વાસ ભરાઈ ગઈ હતી. એસી રૂમની બહાર દુનિયાની નજર જેના પર રહેતી હોય છે એવા દિલ્હી શહેરમાં અનેક જાતની ઊથલપાથલ થઈ રહી હતી. જેનો જરા સરખો અવાજ રૂમ નંબર ૩૦૫માં પહોંચતો નહોતો. સોનલના જવાબની રાહ જોયા પછી સનતે સવાલ બદલ્યો. 'તમે કહેતા હતા કે આપણને એક રૂમ મળશે તો તમે મને તમારી હિસ્ટરી કહેશો. તમારે ઘર છોડવાની શા માટે જરૂર પડી. કમ સે કમ મને સંતોષ થાય કે મેં કટોકટીમાં તમને મદદ કરી હતી. ચાલો મને તમારી વાર્તા કહો.'

'ઓકે. પણ એ પહેલા મારે નાહવાની ઈચ્છા છે. આ કપડાં મેં ગઈ કાલે પહેર્યા છે. આટલો લાંબો સમય મેં કપડાં બદલાવ્યાં ન હોય એવું બન્યું નથી. મને અકળામણ થાય છે.'

'એટલા તો ફીટ પણ નથી કે અકળામણ થાય' સનતે સોનલના ટી શર્ટ પર નજર ફેરવી.

'તમે છોકરી નથી એટલે તમને નહીં સમજાય. બૂટ પહેરવાની મને ટેવ નથી અને બ્રા અમારી મજબૂરી હોય છે સમજ્યા?' કહીને સોનલ ગાઉન અને ટુવાલ લઈને બાથરૂમમાં ચાલી ગઈ. સનતની આંખો સામે એક સુડોળ અનાવૃત દેહ છવાઈ ગયો.

(ક્રમશઃ)■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઈલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પૃચ્છા | માફક |
| પૃષ્ઠ | આંટો |
| પેચ | માટે |
| પેટે | પાનું |
| પેઠે | સવાલ |

## જાણવા જેવું

શિશુ એટલે જન્મથી એક વર્ષ સુધીનું બાળક. જન્મના પ્રથમ વર્ષના સમયગાળાને શૈશવ કહે છે. જન્મના પ્રથમ મહિનામાં તેને નવજાત કહે છે. આ સમયગાળામાં લેવાતી સંભાળ બાળકના સમગ્ર જીવનને અસર કરે છે. અલ્પવિકસિત દેશોમાં નવજાત શિશુમાં માંદગી અને મૃત્યુનું પ્રમાણ વધુ રહે છે. ભારતમાં નવજાત શિશુનું સરેરાશ વજન ૨.૮ કિગ્રા. હોય છે જ્યારે વિકસિત દેશોમાં તે ૩ કિગ્રા. જેટલું હોય છે.

## ગુજરાત મોરી મોરી રે

રંગભૂમિના યાદગાર નાટક 'અમે લઈ ગયા તમે રહી ગયા'માં કયા અભિનેતાએ ચાર રોલ કરી નાટકની સફળતામાં ચાર ચાંદ લગાવ્યા હતા?

અ) મહેન્દ્ર જોશી
બ) પરેશ રાવલ
ક) શર્મન જોશી
ડ) સનત વ્યાસ

## નોંધી રાખો

*પ્રશંસા કરવી અને ટીકા કરવી એમાં પ્રમાણભાન જળવાઈ રહેવું જોઈએ. ટીકા કરતી વખતે આપણા અજ્ઞાનનું પ્રદર્શન ન થાય એનું ધ્યાન રાખવું જોઈએ.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ૮ | | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | ૧૩ | | |
| | | | | ૧૪ | ૧૫ | | ૧૬ | | |
| ૧૭ | | | | | ૧૮ | | | | ૧૯ |
| | | | ૨૦ | ૨૧ | | | ૨૨ | | |
| | ૨૩ | ૨૪ | | ૨૫ | | | | | |
| ૨૬ | | ૨૭ | ૨૮ | | | ૨૯ | | ૩૦ | ૩૧ |
| ૩૨ | ૩૩ | | ૩૪ | | | | | ૩૫ | |
| ૩૬ | | | | | | ૩૭ | | | |

### આડી ચાવી

૧ આખી પૃથ્વી (૪)
૪ બોલવામાં ચતુર (૪)
૭ નસ (૨)
૮ ટાપટીપ, ભપકો (૪)
૯ અનુકૂળ સમય, લાગ (૨)
૧૦ આનંદભર્યો કલબલાટ (૪)
૧૨ એક ગ્રહ (૨)
૧૪ પથારી (૨)
૧૬ વૃદ્ધાવસ્થા, ઘડપણ (૨)
૧૭ નિગ્રહ, દમન (૩)
૧૮ મીણબત્તી (૨)
૨૦ ચીડ, ગુસ્સો (૨)
૨૨ લાગણી વિનાનું, નિષ્ઠુર (૩)
૨૩ શિક્ષા (૨)
૨૫ અવસર, સારો નરસો પ્રસંગ (૨)
૨૭ શોક, દુ:ખ (૨)
૨૯ કોલાહલ (૪)
૩૨ એક શિકારી પક્ષી (૨)
૩૪ મધ બનાવનારી માખી (૪)
૩૫ --- થઈને ચીભડાં ગળે (૨)
૩૬ તરફદારી (૪)
૩૭ તિરસ્કાર, ઘૃણા (૪)


### ઊભી ચાવી

૧ મંતરેલી ભસ્મ, મોહિની (૩)
૨ શુભ, કલ્યાણકારક (૩)
૩ બબડાટ (૩)
૪ વાણીના દેવ, બૃહસ્પતિ (૩)
૫ આબરૂ (૨)
૬ ટોળી (૩)
૧૧ હંમેશાં (૩)
૧૩ પોતાનું (૨)
૧૫ કીર્તિ, સિદ્ધી (૨)
૧૭ --- ત્યાં જંપ (૨)
૧૯ બીમાર, માંદું (૨)
૨૧ બાવા સાધુઓ માથે રાખે તે વાળનું ઝૂંડ (૨)
૨૨ નવરું, નકામું (૩)
૨૪ યજ્ઞ (૨)
૨૬ બરબાદી, પાયમાલી (૩)
૨૮ દુરાગ્રહ, હઠ (૩)
૨૯ મોજમજા કરનારું (૩)
૩૦ એક શાક (૩)
૩૧ લડાઈ (૩)
૩૩ એકઠું, ભેગું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | બ | ૨ ર | | | મ | | ૪ આ | હા | ૫ ર |
| ત | | ૬ હે | લી | | ૭ હે | ૮ તા | ળ | | ત્તા |
| ૯ ર | ૧૦ સ | મ | | ન | શ્વ | ર | | ૧૨ થા | ક |
| પ | ર | | ફિ | ક | ર | | ૧૫ ક | | ર |
| ૧૬ ટ | પા | લી | | લી | | ૧૮ પા | વ | ન | |
| | ૨૦ વ | મ | ળ | | પ | | ન | વ | સ |
| ૨૪ મી | | ડો | | ૨૫ હ | ર | ણ | | રા | મ |
| ન | શો | | ૨૮ ન | ફૂ | ચો | | ૨૯ આ | શ | કા |
| મે | | સં | ગ | મ | | ૩૧ ભે | દ | | લી |
| ખ | ડ | ગ | | ત | | | મ | દ | ન |

## ઓળખાણ પડી?




આ વર્ષની આઈપીએલ સ્પર્ધામાં નોંધપાત્ર દેખાવ કરી તાજેતરની આયર્લેન્ડ વિરુદ્ધની સિરીઝમાં ભારત વતી રમનારા બોલરની ઓળખાણ પડી?

અ) અશોક શર્મા બ) સૌરભ દુબે
ક) પ્રિન્સ યાદવ ડ) પ્રફુલ હિંજે

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સિંચાઈથી ખેતી શક્ય બનાવનાર સ્ક્રૂના ગ્રીક સંશોધકનું નામ જણાવો. આ સ્ક્રૂની મદદથી પાણી નીચલી સપાટીએથી ઉપલી સપાટી પર જઈ શક્યું.

અ) પાયથાગોરસ બ) એરિસ્ટોટલ ક) આર્કિમિડીઝ ડ) પેક્સીનોસ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૬, ૨૩, ૩૨, ૪૩, ૫૬ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૫૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૬૭ બ) ૭૧ ક) ૭૭ ડ) ૮૩

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૧ | | ૭ | ૪ | | ૯ | |
| ૯ | | ૬ | | | | | | |
| | | | ૬ | | ૫ | | | |
| ૩ | | | ૪ | | | ૮ | | |
| | ૭ | | | ૮ | | | ૪ | |
| | | ૨ | | | ૯ | | | ૧ |
| | | | ૨ | | ૮ | | | |
| | | | | | | ૯ | | ૮ |
| | ૬ | | ૯ | ૪ | | ૭ | ૧ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૭ | ૧ | ૯ | ૬ | ૩ | ૮ |
| ૭ | ૧ | ૬ | ૩ | ૨ | ૮ | ૪ | ૫ | ૯ |
| ૩ | ૯ | ૮ | ૬ | ૫ | ૪ | ૧ | ૨ | ૭ |
| ૨ | ૬ | ૧ | ૯ | ૮ | ૭ | ૫ | ૪ | ૩ |
| ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ | ૨ | ૭ | ૧ |
| ૫ | ૭ | ૪ | ૨ | ૩ | ૧ | ૯ | ૮ | ૬ |
| ૧ | ૮ | ૩ | ૫ | ૪ | ૬ | ૭ | ૯ | ૨ |
| ૬ | ૪ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૪ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પૂર્ણાહુતિ | અંત |
| પૂર્તિ | ઉમેરણ |
| પૂર્વજ | વડવા |
| પૂંજી | દોલત |
| પૂંજો | કચરો |

ગુજરાત મોરી મોરી રે:
દાદુ

ઓળખાણ પડી?
કેપ્લર વેસલ્સ

માઈન્ડ ગેમ :
૨૫૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
ગેલીલિયો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભરત કજરિયા (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) મહેશ સંઘવી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) મીનલ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મુલરાજ કપૂર (૧૭) કિશોરકુમાર જીવણદાસવેદ (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) ભાવના કર્વે (૨૬) અંજુ ટોલિયા (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હિનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) વિજય આસર (૩૫) અરવિંદ કામદાર (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) પ્રવીણ વોરા (૪૩) મહેશ દોશી (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) શીરીન ઔરંગાબાદવાલા (૪૬) મહેશ દોશી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૫૦) નંદુભાઈ ગોઠી (૫૧) ભાવિબેન અંતિમભાઈ શેઠ

એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# કુછ દિન તો ગુજારો વડનગર મેં...

## મહેસાણા જિલ્લાનું આ શહેર હાટકેશ્વર મંદિર, તાનારીરીનું સ્મારક અને વડા પ્રધાનના જન્મસ્થાન સિવાય કલાત્મક સ્થળ તરીકે પણ જોવું - જાણવું જોઈએ


વડનગર..... કાનામાત્રનો ભાર ઝીલ્યા વિનાનું આ પાંચ અક્ષરી શહેર અનેક વર્ષો સુધી મહદંશે અજાણ્યું રહ્યા બાદ હવે પાંચમાં પુછાવા લાગ્યું છે. હાટકેશ્વર મંદિર અને તાના - રીરી નામની બે બહેનના ઐતિહાસિક સ્મારકના સ્થળ તરીકે વર્ષો સુધી ઓળખાયેલા આ શહેરને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું જન્મસ્થાન હોવાથી છેલ્લાં કેટલાંક વર્ષોમાં વ્યાપક પ્રસિદ્ધિ મળી છે. ત્રણ દિવસ આ નગરમાં ફર્યા પછી એની ઓળખનો વિસ્તાર ખ્યાલમાં આવ્યો. વડનગરનો પરિચય હાટકેશ્વર, તાના - રીરી અને નરેન્દ્ર મોદી પૂરતો સીમિત ન રહેવો જોઈએ બલકે ત્રીસેક હજારની વસતિ ધરાવતું આ સ્થળ એક જોવાલાયક કલાક્ષેત્ર તરીકે પણ જાણવું જોઈએ - સમજવું જોઈએ.



વડનગરના વિવિધ પ્રાચીન નામ

### ઈતિહાસ

માનવકુળના આદિપુરુષ મનુના પૌત્ર આનર્તના નામ પરથી આ નગરનું નામ આનર્તનગર પડ્યું હોવાની માહિતી ઉપલબ્ધ છે. સ્કંદપુરાણના ઉલ્લેખ અનુસાર આનર્ત પ્રદેશના રાજા ચમત્કારએ આ નગરની સ્થાપના કરી હતી. વાયકા અનુસાર રાજા ચમત્કાર કોઢની તકલીફથી પરેશાન હતા. શંખતીર્થ જળકુંડમાં સ્નાન કરવાથી રાજા રોગમુક્ત થયા અને અહીં ચમત્કારપુરની સ્થાપના કરી. આનર્તપુર પરથી આ નગરનું નામ આનંદપુર પડેલું હોવાનો ઉલ્લેખ પણ મળે છે. એક સમયે વડનગરનું નામ 'વિપ્રપુર' હતું. વિપ્ર એટલે બ્રાહ્મણ અને વડનગરના નાગર બ્રાહ્મણોની પ્રસિદ્ધિ અને પ્રભુત્વને કારણે નગરને આ નામ મળ્યું હશે એમ માનવામાં આવે છે. પુરાણમાં વડનગરનું એક નામ વૃદ્ધનગર હોવાનો ઉલ્લેખ છે. એના પરથી વડનગર નામ આવ્યું હોવું જોઈએ. સાતમી સદીમાં ભારતમાં આવેલ ચીની મુસાફર શ્યેન ચાંગે આનંદપુરની મુલાકાત લીધી હોવાનો ઉલ્લેખ છે.



તાના - રીરી ઉદ્યાનમાં દર વર્ષે દિવાળી પછી સંગીત મહોત્સવનું આયોજન થાય છે

### તાના - રીરી ગાર્ડનઃ

સંગીતજ્ઞ બહેનોના આ ઉદ્યાન પાસે પહોંચીએ એ પહેલા નરસિંહ મહેતાનું એક સરસ મજાનું સ્મારક આવે. લોકવાયકા અનુસાર તાના-રીરી નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઈની દીકરી શર્મિષ્ઠાની દીકરીઓ હતી. આદિ કવિ જાણે આપણને આવકારતા હોય એવું પ્રતીત થાય. ઉદ્યાનની બહાર એક તકતી છે જેના પર અંગ્રેજીમાં તાના - રીરીની કથા ટૂંકમાં આલેખવામાં આવી છે. લોકવાયકા છે કે શહેનશાહ અકબરની શાહજાદીની દીપક રાગ સાંભળવાની હઠ પૂરી કરવા સંગીત સમ્રાટ તાનસેને દરબારમાં રાગ રજૂ કર્યો ખરો, પરંતુ તેમના શરીરમાં દાહ પ્રગટ્યો. દાહનું શમન કરવા મલ્હાર રાગ ગાઈ શકે એવા કુશળ ગાયકની શોધમાં તાનસેન નીકળ્યા. ફરતાં ફરતાં તે વડનગર પહોંચ્યા. પાણી પીવા તાનસેન વડનગરના શર્મિષ્ઠા તળાવ પર ગયા એ વખતે તાના-રીરી પાણી ભરતી હતી ત્યારે ઘડામાંથી સંગીતમય સૂર નીકળતા સંભળાયા. તાનસેન તે તરફ આકર્ષાયા. શાસ્ત્રીય સંગીતમાં નિપુણ બંને બહેનોને ખ્યાલ આવી ગયો કે તાનસેન દીપક રાગના દાહથી પીડાઈ રહ્યા છે. નગરના પ્રાચીન હાટકેશ્વર મહાદેવના મંદિરમાં તાના-રીરીએ મલ્હાર રાગ રજૂ કર્યો. રાગ જેમ જેમ ગવાતો ગયો તેમ તેમ આકાશમાં વાદળાં ઘેરાતાં ગયાં અને જોતજોતાંમાં મુશળધાર વરસાદ નગર પર તૂટી પડ્યો. તાનસેન દાહમાંથી મુક્ત થયા. બંને બહેનોએ તાનસેન પાસેથી વચન લીધું કે બાદશાહને કોઈ વાતની જાણ ન કરવી. તાનસેન દાહમાંથી કેવી રીતે મુક્ત થયા એનું રહસ્ય જણાવવાની બાદશાહે તાનસેનને ફરજ પાડી. વાત જાણી બંને બહેનોને દરબારમાં રજૂ કરવા બાદશાહે સૈનિકો વડનગર મોકલ્યા. સૈનિકોના આગમનની જાણ થતા તાના-રીરી ગુપ્ત રસ્તે નગર છોડીને બહાર જતી રહી અને સૈનિકોને વશ થવાને બદલે જળસમાધિ લીધી.


તાના - રીરીની દેરીઓમાં શાસ્ત્રીય સંગીતના ૧૦ રાગને માણી શકાય છે

### તાના - રીરી સંગીત સન્માનઃ

અહીં ઉદ્યાન સિવાય એક ઓપન ઓડિટોરિયમ છે. બંને બહેનોએ આપેલા બલિદાનની સ્મૃતિમાં દર વર્ષે દિવાળી પછી કારતક સુદ નોમ - દસમને દિવસે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ઓડિટોરિયમમાં શાસ્ત્રીય સંગીતની ગાયન સ્પર્ધા - ક્લાસિકલ સિંગિંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવે છે. તાના - રીરી સંગીત સન્માન અવૉર્ડ પણ આપવામાં આવે છે. તાનારીરી ફેસ્ટિવલનો પ્રારંભ નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે ૨૦૦૭માં થયો હતો. ૨૦૧૦માં નરેન્દ્ર મોદીએ જ મહોત્સવમાં તાના - રીરી સંગીત સન્માન અવૉર્ડ આપવાની શરૂઆત કરી હતી. પહેલે વર્ષે મંગેશકર બહેનો લતાજી અને ઉષાજીને અવૉર્ડથી નવાજવામાં આવ્યાં હતાં. ત્યારબાદ આશા ભોસલે, પ્રભા અત્રે, કિશોરી આમોનકર સહિત અન્ય માનવંતા સિંગર્સને આ અવૉર્ડ એનાયત થયો છે.

### તાના-રીરીની દેરીઓઃ

વડનગર સંગીત, વિદ્યા અને વેપારનું મોટું ધામ હતું એ વખતે અહીંના લગભગ ૪૦૦ પરિવાર રંગભૂમિ, નૃત્યકળા અને સંગીત સાથે પેઢી દર પેઢી સંકળાયેલા હતા. આ કલાકારોમાં શાસ્ત્રીય સંગીતમાં નિપુણ તાના અને રીરી બહેનોની સ્મૃતિમાં વડનગર ખાતે શર્મિષ્ઠા તળાવના કિનારે દેરીઓ (સ્મારક) બનાવવામાં આવી છે. બહેનોને ઋતુ અનુસાર ચોક્કસ રાગ લલકારવાની કુશળતા પ્રાપ્ત હતી. એમાંય રાગ મેઘ મલ્હારમાં નિપુણતા હતી. ભારતીય શાસ્ત્રીય સંગીતની પરંપરામાં મહત્ત્વ ધરાવતા ૧૦ રાગમાં ૧) કેદાર, ૨) વૃન્દાવણી, ૩)યમન, ૪) બહાર, ૫) બસંત, ૬) પહાડી, ૭) દરબારી, ૮) દીપક, ૯) ભૈરવી અને ૧૦) મલ્હારનો સમાવેશ છે. આ રાગોની અનુભૂતિ કરી શકાય એ માટે અને શાસ્ત્રીય સંગીત સાથેના પરંપરાગત જોડાણને જીવંત કરવાના આશય સાથે વડનગરના શર્મિષ્ઠા તળાવને કાંઠે શાસ્ત્રીય સંગીતના ૧૦ રાગને જીવંત કરતો થીમ પાર્ક પણ તૈયાર કરવામાં આવ્યો છે. હેડફોનથી દરેક રાગ સાંભળી શકવાની સુવિધા પણ છે.

### કુછ દિન તો...

ત્રણ દિવસના વડનગર મુકામનો પહેલો દિવસ આનંદદાયક રહ્યો. બાકીના બે દિવસના મજેદાર અનુભવ આગામી હપ્તામાં. ગુજરાતમાં પર્યટકોને આકર્ષવાના આશય સાથે ૨૦૧૦માં ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીના આગ્રહને માન આપી અમિતાભ બચ્ચને 'કુછ દિન તો ગુજારો ગુજરાત મેં' કેમ્પેન કર્યું હતું. સત્તાવાર માહિતી પ્રમાણે આ જાહેર વિનવણીના ત્રણ વર્ષમાં ગુજરાત આવતા સહેલાણીઓની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો થયો હતો. આવો પ્રયાસ વડનગર માટે કરવો જોઈએ જેથી આ શહેરની ઓળખ કેવળ હાટકેશ્વર મંદિરનું નગર, તાના - રીરીનું સ્મારક કે નરેન્દ્ર મોદીના જન્મસ્થાન પૂરતુ સીમિત ન રહેતા એનો વિસ્તાર થાય. સાથે સાથે આ શહેરની કલાત્મક સમૃદ્ધિથી વધુ લોકો વાકેફ થાય અને 'કુછ દિન તો ગુજારો વડનગર મેં - વડનગર જોવા જેવું છે' એ વાક્ય વાયુવેગે ફેલાઈ જાય - વાયરલ થઈ જાય. ■

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# શ્રીમંતોનું વૃદ્ધાવસ્થા રોકવાનું કારસ... કે ફારસ?

## સમયસર ગુજરી જવામાં આખરે વાંધો શું છે?




છેલ્લાં સાત-આઠ વર્ષથી ભારતનો ફિટનેસ આઇકોન બની ચૂકેલો એક સમયનો સુપર મૉડેલ મિલિન્દ સોમણ રનિંગ, સ્વિમિંગ, સાયકલિંગ અને મેરાથોન જેવી પ્રવૃત્તિઓમાં સક્રિય છે. ૬૦ વર્ષના આ માણસે હમણાં મે મહિના દરમિયાન યુરોપથી આફ્રિકા સુધીની જિબ્રાલ્ટરની ૧૫ કિલોમીટરની ખાડી તરીને પાર કરી.

એક સમય હતો જ્યારે વ્યક્તિને ઉંમર પ્રમાણે વર્તવાની સલાહ અપાતી. પણ હવે આ વ્યવસ્થા બદલાઈ રહી છે. ખાસ કરીને પામતા-પહોંચતા વર્ગમાંથી આવતા પુરુષો વધતી ઉંમરને હરાવવા પાછળ ખાસ્સા પ્રયત્નો કરે છે અને પરિણામ પણ મેળવે છે. મિલિન્દ સોમણ તો વર્ષોની શારીરિક કેળવણી બાદ પોતાનું શરીર સૌષ્ઠવ જાળવી શક્યો, પણ બીજા અનેક ધનિકો તો અબજો ડૉલર્સ ખર્ચીને તરેહ તરેહના ઉપાયો અજમાવી રહ્યા છે.

છેલ્લા અઢી-ત્રણ દાયકા દરમિયાન વિશ્વના અનેક ઉદ્યોગ સાહસિકો નવી ટેક્નોલોજીસને પ્રતાપે સુપર રિચ બન્યા, જે આજકાલ 'ટેકનો ટાઈટન' તરીકે ઓળખાય છે. ટેકનો ટાઈટન્સ આમે ય ટેકનોલોજી અને નવી શોધખોળોથી સતત અપડેટ રહેતા હોવાના, એટલે એમને બાયોસાયન્સમાં રસ પડે એ સ્વાભાવિક ગણાય. આ ટેકનો ટાઈટન્સ હવે બાયોટેકનોલોજીના ઉપયોગ થકી પોતાની વીતેલી જુવાની પાછી મેળવવા-ટકાવી રાખવા માટે અબજો રૂપિયા પાણીની જેમ ખર્ચી રહ્યા છે.

'એમેઝોન' કંપનીના સ્થાપક જેફ બેઝોસે અલ્ટોસ લેબ નામક બાયોટેક કંપનીમાં અબજો ડૉલર્સનું ઇન્વેસ્ટમેન્ટ કર્યું છે. આ કંપની સેલ્યુલર રિપ્રોગ્રામિંગ પર કામ કરે છે, જેથી વૃદ્ધ કોષોને યુવાન અને સ્વસ્થ સ્થિતિમાં પાછા લાવવાની ટેક્નોલોજી વિકસાવી શકાય. જો આવું શક્ય બને તો ઉંમર સંબંધિત રોગો, ઇજાઓ અને શારીરક પંગુતા ઉપર લગામ કસાય. સાથે જ શરીરના કોષોની તાકાત આયુષ્ય પણ વધારી શકાય.

OpenAIના સેમ ઓલ્ટમેન પણ આ દોડમાં આગળ પડતા છે. સેમે તો આયુષ્ય લાંબું કઈ રીતે કરવું એનું સંશોધન કરવા માટે રેટ્રો બાયોસાયન્સ નામની ખાસ કંપની સ્થાપી. એટલું જ નહિ, એમાં પોતાના ગજવામાંથી અધધ ૧૮૦ મિલિયન ડૉલર્સ ઇન્વેસ્ટ કર્યા! સેમને પોતાના જેવાં જ બીજા ઉદ્યોગપતિઓ તરફથી પણ આ કંપની માટે ધૂમ ફંડિંગ પ્રાપ્ત થયું, જે બતાવે છે કે ટેક જાયન્ટ્સને લાંબું જીવવાની કેવી લ્હાય છે! સેમની કંપની સ્ટેમ સેલ થેરપી, સેલ રિપ્લેસમેન્ટ સહિતની અનેક અટપટી ટેકનોલોજીઝ પાછળ ખાઈ-પીને લાગી છે.

આ ઉદ્યોગપતિઓ નવા સંશોધનો પાછળ અબજો ડૉલર્સ ખર્ચે એ તો ખરું જ, સાથે રોજિંદા ખોરાક અને જીવનશૈલી સુધારવા-વ્યવસ્થિત રાખવા પાછળ પણ ભરપૂર પ્રયત્નો કરતાં રહે છે.

આવો જ એક વેન્ચર કેપિટાલિસ્ટ છે બ્રાયન જ્હોન્સન નામનો અમેરિકન. પોતાનું શારીરિક આયુષ્ય ઘટાડવા માટે આ માણસ અનેક જાતની પરેજીઓ પાળે છે અને શરીર સાથે અનેક પ્રકારના પ્રયોગો કરતો રહે છે. લાંબું અને યૌવનસભર જીવન જીવવા માટે એણે નિષ્ણાંતોની મદદથી વૈજ્ઞાનિક ઢબે ઘડાયેલી વિશિષ્ટ જીવન પદ્ધતિ વિકસાવી છે. એનો આ પ્રોજેક્ટ બ્લ્યુ પ્રિન્ટ અથવા 'ડૉન્ટ ડાય' પ્રોજેક્ટ તરીકે પ્રખ્યાત છે. સખત પરેજી અને ડાયેટનું રૂટિન ચુસ્તપણે પાળતો બ્રાયન રોજ રાત્રે સાડા આઠ વાગ્યે ઊંઘી જાય છે. ભલે આખી દુનિયા ભાડમાં જાય, બેડરૂમની લાઇટ્સ સ્વિચ ઓફ કરી જ દેવાની.

બ્રાયનને આ બધાનો ફાયદો ય થયો. એના દાવા મુજબ એની ઉંમરની સરખામણીએ ત્વચા નવ વર્ષ નાની છે. કિડની, લીવર સહિતના અંગો પણ વાસ્તવિક ઉંમર કરતા ઓછી આયુના એટલે કે પ્રમાણમાં યુવાન હોવાનો દાવો કેટલો સાચો છે, એ તો રામ જાણે. પણ એનો એક પ્રયોગ જરા ચર્ચાસ્પદ બન્યો.

બ્રાયન જોન્સને પોતાના બ્લ્યુ પ્રિન્ટ પ્રોજેક્ટના ભાગ તરીકે પ્લાઝમા એક્સચેન્જના પ્રયોગો કરેલા. ૨૦૨૩માં એણે વિશ્વની પ્રથમ મલ્ટી-જનરેશનલ પ્લાઝમા એક્સચેન્જ થેરપી કરાવી. જે અંતર્ગત બ્રાયન પોતાના વૃદ્ધ થઇ રહેલા પ્લાઝમાને બદલે કોઈ યુવાન વ્યક્તિના પ્લાઝમા શરીરમાં દાખલ કરવા માગતો હતો. આ માટે એણે પોતાના જ સત્તર વર્ષના યુવાન પુત્રના પ્લાઝમાનો ઉપયોગ કર્યો. જો કે આ અખતરાનો કોઈ સ્પષ્ટ ફાયદો ન મળ્યો. કુલ છ વખત આવી ટ્રીટમેન્ટ કરાવ્યા બાદ બ્રાયને પ્રયોગ પડતો મૂક્યો.

યુવાની અને લાંબું જીવન ટકાવી રાખવા માટેની શ્રીમંતોની ઘેલછા જોઈને આપણને પુરાણોમાં આવતી યયાતિ રાજાની વાત યાદ આવ્યા વિના ન રહે, જેણે યૌવનના મોહમાં પોતાના જ પુત્રની યુવાની માગી લીધેલી. મુદ્દાની વાત એ છે કે કદાચ આમાંનો કોઈ વિરલો પૈસાને જોરે ચિરયૌવન મેળવી ય લેશે, તો એ લાંબી જિંદગીનું કરશે શું? ધન તો અત્યારે ય સાત પેઢી મોજથી ખાય એટલું છે, એટલે કમાવાની ચિંતા તો છે જ નહિ. સખત પરેજી પાળવાની હોવાથી ખાણી-પીણીનો આનંદ માણી નહિ શકે... મોટા ભાગની શક્તિઓ અને સમય તો શરીર સાચવવામાં જ ખર્ચાઈ જશે તો એવી જિંદગીને કે યુવાનીને શું ધોઈ પીવાના?


ફિરાક ગોરખપુરીના એક શેર સાથે વિરમીએ :

*પાલ લે એક રોગ નાદાં ઝીન્દગી કે વાસ્તે*
*સિર્ફ સેહત કે સહારે ઉમર તો કટતી નહિ* ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# શું કરવું આ નટખટ વરસાદનું...?




સાચી વાત છે. મુંબઈવાળા એક સાથે બોલશે કે હવે તો અટકે તો સારું ભાઈ!

વરસાદના એટલા પ્રકારો છે કે હવામાન ખાતાવાળા પણ કન્ફ્યુઝ થઈ જાય કે આ ચોમાસું ચાલે છે કે કોઈ કોમેડી શો!

ચાલો આજે શનિવારની નિરાંતે, ચા-ભજિયાંની પ્લેટ સાથે, વરસાદના આવા જ કેટલાક અતરંગી, સતરંગી અને રમૂજી પ્રકારોની સફરે નીકળીએ.

**મુંબઈનો 'લોકલ ટ્રેન' વરસાદ**

તમે બરાબર પકડ્યું. મુંબઈનો વરસાદ એટલે મુંબઈગરો પોતે. સવારે ૮:૪૫ ની ચર્ચગેટ ફાસ્ટ લોકલ પકડવાની હોય એમ જ વરસાદ આકાશમાંથી નીકળે. એને કોઈ આળસ નથી, કોઈ ઉતાવળ નથી. એનું ટાઈમટેબલ ફિક્સ છે. એ ક્યારેય એવું નહીં વિચારે કે 'લાવને આજે શનિવાર છે તો અડધો કલાક મોડો પડું.' ના, એ ઓફિસ ટાઈમે જ આવશે, બરાબર ટ્રાફિક જામ કરશે, લોકલ ટ્રેનના ટ્રેક ડુબાડશે અને છતાં મુંબઈગરો છત્રી ખોલીને, એક હાથમાં છત્રી અને બીજા હાથમાં વડાપાઉં દબાવીને પાણીમાં ચાલતો થઈ જશે. આ વરસાદ અને માણસ વચ્ચે એક અનોખો કરાર (MOU) થયેલો છેઃ 'તું તારું કામ કર, હું મારું કામ કરું!'

**સૌરાષ્ટ્રનો 'ડાયરા સ્ટાઈલ' વરસાદ છે. બકાજીકીવાળો**

સૌરાષ્ટ્રનો વરસાદ ખરેખર થોડો આળસુ છે, પણ એથીય વધુ એ એ 'ટેશડા' (મોજીલો) વાળો છે. એને તમે ગમે ત્યારે ન બોલાવી શકો. એ તો કાઠિયાવાડી ડાયરાના કલાકાર જેવો છે. મોજ આવશે તો રાત્રે બાર વાગ્યે એવો મંડાશે કે સવાર સુધી હેલી કરી નાખશે અને જો મૂડ નહીં હોય, તો આખું આકાશ કાળું-ડીબાંગ થઈને ડરાવશે, પવન ફૂંકાશે, એવું લાગશે કે હમણાં પૂર આવશે... અને પછી વરસાદના નામે માત્ર બે ટીપાં પડશે એ પણ તમારી નવી ધોયેલી ગાડી પર! જાણે કહી રહ્યો હોયઃ 'આવવું હોય તો આવીએ હોં ભઈલા.'

**કચ્છનો 'અણધાર્યો મહેમાન' જેવો વરસાદ છે.**

કચ્છનો વરસાદ એટલે શિયાળામાં આવતા મામા-ફોઈ જેવા મહેમાન. આવે ત્યારે આખું ઘર (એટલે કે આખું રણ) રાજી રાજી થઈ જાય. પણ આ મહેમાનની એક તકલીફ છે એને જવાનું મન જ નથી થતું! એકવાર ખાવડા કે ભુજ પર મન મૂકીને વરસે, પછી પાછો ન જાય. ધણી (ઘરના માલિક)ને ચિંતા થવા માંડે કે 'ભલા માણસ, હવે અનાજ ખૂટશે હવે તો વિદાય લે!' છતાં, કચ્છવાસીઓ એને એટલો પ્રેમ કરે છે કે એ જાય ત્યારે આંખમાં પાણી અને હૃદયમાં 'આવજો'નો સાદ રહી જાય છે.

**અમદાવાદનો 'કંજૂસ' વરસાદ**

હવે વાત કરીએ અમદાવાદની. અમદાવાદનો વરસાદ પક્કો અમદાવાદી છે. એ ક્યારેય એકસાથે બધું પાણી નહીં વાપરી નાખે. એ બજેટ જોઈને વરસે. આકાશમાં વાદળો એ રીતે ગોઠવાશે જાણે જીએસટી (GST)ની ગણતરી ચાલી રહી હોય.

'જો ભાઈ, પશ્ચિમ અમદાવાદ (સેટેલાઈટ, વસ્ત્રાપુર)માં અડધો કલાક પડીશું, એટલે પૂર્વ અમદાવાદ (બાપુનગર, નિકોલ)નો કોટા આવતા અઠવાડિયે ક્લિયર કરીશું.'

અમદાવાદમાં એવું બને કે નહેરુનગર સોસાયટીના નાકે ધોધમાર વરસાદ પડતો હોય અને સોસાયટીના છેલ્લે મકાનવાળો ધાબા પર કપડાં સૂકવતો હોય! આ વરસાદ 'વેલ્યૂ ફોર મની'માં માને છે જેટલો ટેક્સ, એટલો જ વરસાદ!

**સુરતનો 'લોચો અને ઘારી' જેવો વરસાદ છે.**

સુરતનો વરસાદ એકદમ લક્ઝુરિયસ છે. એ આવે એટલે રસ્તા પર પાણી કરતાં સુરતીઓનો આનંદ વધુ છલકાય. આ વરસાદ પલાળવા માટે ઓછો અને ડુમસ રોડ પર લોચો ખાવા જવા માટેની સિઝન ક્રિએટ કરવા માટે વધુ આવે છે. સુરતના વરસાદનો સ્વભાવ એકદમ રંગીલો છે. એ વરસીને જતો રહે પછી પણ હવામાં એવો ભેજ મૂકતો જાય કે માણસને કપડાં બદલવાનું મન થાય અને પછી લાગે, 'ચાલ, આજે કંઈક નવું ખાઈએ!'

જોકે આ વખતે સુરતને અડધું ડુબાડી દીધું છે.

**વડોદરાનો 'આર્ટિસ્ટિક અને સંસ્કારી' વરસાદ છે.**

વડોદરાનો વરસાદ એકદમ કલ્ચરલ છે. એ ક્યારેય તોફાની બનીને કોઈનું નુકસાન ન કરે (વિશ્વામિત્રી નદીના મગરને બાદ કરતાં!). એ શાંતિથી, કવિતાની જેમ વરસે. એ કળાના શોખીન જેવો છે. વડોદરામાં વરસાદ પડે એટલે નવરાત્રીના ગરબાના સ્ટેપ યાદ આવવા માંડે. ફાઈન આર્ટસના સ્ટુડન્ટ્સ છત્રી લઈને પેઈન્ટિંગ કરવા નીકળી પડે. આ વરસાદમાં એક ગ્રેસ (ગૌરવ) છે, એ ક્યારેય કાદવ-કીચડ કરીને પોતાનું સ્તર નીચું નથી કરતો.

**કોર્પોરેટ ઓફિસનો 'શનિ-રવિ' વરસાદ છે.**

આ વરસાદનો કોઈ ભૌગોલિક વિસ્તાર નથી, આ આખી દુનિયાના નોકરિયાત વર્ગનો દુશ્મન છે. સોમવારથી શુક્રવાર સુધી આકાશમાં કાળઝાળ ગરમી હશે, સૂર્યનારાયણ ૧૦૦ની સ્પીડે તપતા હશે. પણ જેવો શનિવારની સાંજનો ઓફિસ છૂટવાનો સમય થાય એટલે આ ભાઈ આકાશમાંથી ટપકી પડે.

શનિવાર રાત્રેઃ ધોધમાર વરસાદ (તમારો વિકેન્ડ પ્લાન કેન્સલ).

રવિવાર આખો દિવસઃ ઝરમર ઝરમર (તમે પથારીમાંથી બહાર ન નીકળી શકો).

સોમવાર સવારે ૮:૦૦ વાગ્યેઃ આકાશ એકદમ સાફ, કૂતરાં પણ તડકામાં સૂતા હોય!

આ વરસાદ જાણે કોર્પોરેટ કંપનીઓ સાથે ટાઈ-અપ કરીને આવ્યો હોય એમ જ બિહેવ કરે છે.

**હાઈવેનો 'દગાબાજ' વરસાદ**

તમે ક્યારેય લોન્ગ ડ્રાઈવ પર ગયા છો? હાઈવે પર એક એવો વરસાદ મળે છે જે માત્ર તમને હેરાન કરવા જ બનેલો છે. તમે ગાડી એકદમ ચકાચક ધોઈને નીકળ્યા હોવ. હાઈવે પર ગાડી ૮૦ની સ્પીડે જતી હોય અને અચાનક આકાશમાંથી માત્ર ૨૦ સેકન્ડ માટે ધોધમાર વરસાદ તૂટી પડે. તમારી ગાડી પર આજુબાજુની ટ્રકો કાદવ ઉડાડે, વિન્ડસ્ક્રીન ગંદી થઈ જાય. તમે જેવા વાઈપર ચાલુ કરો, ત્યાં જ વરસાદ ગાયબ! આગળ જાવ એટલે રસ્તો સુકોભઠ્ઠ! આ વરસાદ માત્ર અને માત્ર વાઈપરની ક્ષમતા ચેક કરવા માટે જ આવતો હોય છે.

**અંતે, વરસાદી ફિલોસોફી પણ જાણી લો...**

વરસાદ ગમે તેવો હોય મુંબઈનો ટાઈમસર, સૌરાષ્ટ્રનો મોજીલો, કચ્છનો વ્હાલો કે અમદાવાદનો કંજૂસ પણ એ જ્યારે આવે છે ત્યારે આપણને એ જ શીખવે છે કે જિંદગીમાં ભલે ગમે તેટલી આપાધાપી હોય, ગમે તેટલી ઉતાવળ હોય, ક્યારેક ક્યારેક થોડું આળસુ બની જવામાં, ક્યારેક મહેમાનની જેમ રોકાઈ જવામાં અને ક્યારેક મુંબઈગરાની જેમ પોતાની મસ્તીમાં વહી જવામાં જ સાચો આનંદ છે. ■

**વિચાર વાયુ**

*બહાર નીકળતા છત્રી ઘરે ભૂલી જજો, કારણ કે ક્યારેક પ્લાન વગર પલળવાની મજા જ કંઈક અલગ હોય છે!*

# મહારાષ્ટ્રના રાજકારણમાં 'ઓપરેશન ટાઈગર ૩'ની હિલચાલ તેજ

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ થોડા દિવસો પહેલા જ 'ઓપરેશન ટાઇગર' ચલાવીને ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ૬ સાંસદો અને વિધાન પરિષદના ધારાસભ્ય સચિન અહીરને પોતાની તરફ ખેંચી લીધા હતા. આ મોટા ઝટકાને કારણે ઠાકરેની પાર્ટીમાં મોટું ગાબડું પડ્યું છે. આ ઝટકો હજુ તાજો જ છે ત્યાં, હવે શિંદેની શિવસેના ફરી એકવાર 'ઓપરેશન ટાઇગર ૩' ની તૈયારીમાં હોવાની અત્યંત ચોંકાવનારી માહિતી સૂત્રો પાસેથી સામે આવી છે.

આ નવા અભિયાન અંતર્ગત ઉદ્ધવ ઠાકરેની શિવસેના સહિત શરદ પવારની એનસીપીના ધારાસભ્યો અને સાંસદો સત્તાધારી શિંદેના રડાર પર છે. બંને પાર્ટીના અનેક મોટા નેતાઓ સાથે છેલ્લા કેટલાક દિવસોથી સતત ગુપ્ત બેઠકો અને મુલાકાતો ચાલી રહી હોવાની માહિતી છે.

શિંદેની શિવસેનાના વિશ્વસનીય સૂત્રો દ્વારા કરાયેલા દાવા અનુસાર, ઠાકરે જૂથના અંદાજે ૧૦ ધારાસભ્યોનું શિંદેની શિવસેનામાં જોડાવા માટે નક્કી જ છે. જો કે,

(જુઓ પાનું ૪) ▶▶

## કૉંગ્રેસમાં ભળી જવાની વાટાઘાટ નથી: સુપ્રિયા સુળે

પુણે: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ શુક્રવારે તેમના પક્ષનું કોંગ્રેસમાં વિલીનીકરણ અંગેની અટકળોને ફગાવી જણાવ્યું હતું કે બંને પક્ષ વચ્ચે કોઈ દરખાસ્તની આપ-લે થઈ નથી અને તેઓ સાથી પક્ષ તરીકે સાથે કામ કરવાનું ચાલુ રાખશે. એનસીપી (એસપી) અને કોંગ્રેસ મહારાષ્ટ્રમાં વિપક્ષી ગઠબંધન મહા વિકાસ આઘાડી (એમવીએ) અને રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા બ્લોકના ઘટકો છે. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સુપ્રિયા સુળેએ એમ પણ જણાવ્યું હતું કે અમને કોંગ્રેસ તરફથી કોઈ પ્રસ્તાવ મળ્યો નથી અને ન તો અમે તેમને વિલીનીકરણ અંગે કોઈ પ્રસ્તાવ આપ્યો છે.પુણે જિલ્લાના

(જુઓ પાનું ૪) ▶▶

# અંધેરીમાં બેસ્ટની બસનું બ્રેક ફેઈલ: અનેક વાહનોને અડફેટમાં લીધાં

## સાતથી વધુ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરીમાં પૂરઝડપે દોડી રહેલી બેસ્ટની બસ બ્રેક ફેઈલ થઈ જતા તેણે અનેક વાહનોને અડફેડમાં લીધાં હતાં. લગભગ ૧૪ જેટલાં વાહનોને નુકસાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે. આ ઍક્સિડન્ટમાં સાતથી વધુ લોકો જખમી થયા હતા અને તેમને ખાનગી તથા કૂપર હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

બેસ્ટના પ્રવક્તાના જણાવ્યા મુજબ શુક્રવારે સાંજના લગભગ ૬.૧૦ વાગ્યાની આસપાસ બેસ્ટની ૨૪૨ નંબરની બસ મિલ્લત નગરથી અંધેરી (પશ્ચિમ)માં જઈ રહી હતી ત્યારે અંધેરી સબવે પાસે સીઝર રોડથી જમણી તરફ ટર્ન લઈને એસ.વી. રોડ તરફ જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરનું બસ પરથી નિયંત્રણ છૂટી ગયું હતું અને તેણે આગળ રહેલી

(જુઓ પાનું ૪) ▶▶

# ઈડીએ મુંબઈ સ્થિત ફિલ્મ નિર્માતા સામે તપાસ શરૂ કરી

નવી દિલ્હી/મુંબઈ : અભિનેતા શેખર સુમન સાથે જોડાયેલા મુંબઈ સ્થિત ફિલ્મ નિર્માતા અને તેમની કંપની સામે અઘોષિત વિદેશી સંપત્તિ રાખવા અને અન્ય કથિત ગેરરીતિઓના આરોપસર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (એફઇએમએ) હેઠળ તપાસ શરૂ કરી છે.

કેન્દ્રીય એજન્સીએ ગુરુવારે મુંબઈમાં એફઇએમએ હેઠળ કલાની ઇમ્પેક્સ લિમિટેડ અને તેના ડિરેક્ટર ધર્મેશ સાંગાણી સામે તપાસ શરૂ કરી છે. સાંગાણી સુમન દ્વારા પ્રમોટ કરાયેલી ફિલ્મ એકેડેમીના સહ-સ્થાપક છે.

અધિકારીઓએ આક્ષેપ કર્યો હતો કે તપાસ દરમિયાન સાંગાણીએ બિલ્ડિંગના ૧૩ મા માળેથી પોતાનો મોબાઈલ ફોન ફેંકી દીધો હતો, જે બાદમાં તપાસકર્તાઓને હાથ લાગ્યો હતો. પુરાવાનો નાશ કરવાના આરોપસર ઇડીએ આ ઘટના અંગે મુંબઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલની તપાસ સાંગાણી અને તેમની પેઢીની ભૂમિકા પૂરતી સીમિત છે.

તેમણે આરોપ લગાવ્યો હતો કે ચોક્કસ વિદેશી ખરીદદારો પાસેથી નિકાસની રકમ વસૂલ કરવામાં આવી નહોતી અને કંપનીએ અધિકૃત ડીલર બેંક પાસેથી સમયનો વધારો મેળવ્યો ન હતો. તેમણે જણાવ્યું હતું કે તપાસ

(જુઓ પાનું ૪) ▶▶

# બે કોર્પોરેટરના જાતિ પ્રમાણપત્ર ગેરલાયક ઠેરવવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના બે કોર્પોરેટરના જાતિ પ્રમાણપત્ર ગેરલાયક ઠેરવવામાં આવતા બંનેના નગરસેવક પદ માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. શુક્રવારે સામાન્ય સભામાં મેયરે રીતુ તાવડેએ તેની જાહેરાત કરી હતી.

એક એઆઈએમઆઈએમ અને એનસીપીના એક એમ કુલ બે નગરસેવકના શુક્રવારે તેમના જાતિ માન્યતા પ્રમાણપત્રોને અમાન્ય જાહેર કરવામાં આવ્યા બાદ તેમને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. મેયર પાલિકાની સામાન્ય સભા દરમ્યાન આ જાહેરાત કરી હતી. એ સાથે જ એક મહિનાના સમયગાળામાં સમાન કારણોસર

(જુઓ પાનું ૪) ▶▶

# કાંદિવલીમાં શંકાશીલ પ્રેમીએ ચાકુથી સગીર પ્રેમિકાનું ગળું ચીર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અન્ય યુવકના સંપર્કમાં હોવાની શંકા પરથી પ્રેમીએ સગીર વયની પ્રેમિકાની ચાકુથી ગળું ચીરી કરપીણ હત્યા કરી હોવાની ઘટના કાંદિવલીમાં બની હતી. સગીરાનો મૃતદેહ જંગલ પરિસરમાંથી મળી આવ્યાના ગણતરીના કલાકોમાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

સમતાનગર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ સૂરજ મારુતિ વાઘમારે (૨૧) તરીકે થઈ હતી. કાંદિવલી પૂર્વના દામુનગર ખાતેની સરસ્વતી ચાલમાં રહેતો વાઘમારે એ જ

(જુઓ પાનું ૪) ▶▶

# મૅજિસ્ટ્રેટ ભડક્યા: વીડિયો કોન્ફરન્સિંગની ના પડાતા નગરસેવકને ભારે સલામતી વચ્ચે કોર્ટમાં લવાયા

## ડૉક્ટરોની મારપીટ કરનારા નગરસેવકને ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં લવાયા: ત્રણ દિવસની કસ્ટડી

થાણે: કેડીએમસી સંચાલિત ડોમ્બિવલીની હૉસ્પિટલમાં ડૉક્ટરો અને મેડિકલ સ્ટાફ સાથે કથિત મારપીટ કરવાના કેસમાં ધરપકડ કરાયેલા શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેને વીડિયો કોન્ફરન્સિંગથી હાજર કરવાની અરજી પર મૅજિસ્ટ્રેટ ભડકી ઊઠ્યા હતા અને નગરસેવકને કોર્ટ સમક્ષ હાજર કરવાનો આદેશ પોલીસને આપ્યો હતો. છાતીમાં દુખાવા સાથે હૉસ્પિટલમાં દાખલ મ્હાત્રેને આખરે ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં લવાયા હતા. કોર્ટે મ્હાત્રે અને તેના ત્રણ સાથીને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ડોમ્બિવલીની હૉસ્પિટલમાં નગરસેવક અને તેના સાથીઓએ કરેલી મારપીટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં મેડિકલ ઑફિસર ડૉ. વૈભવ સાળુંખેને લાફા અને પંચ મારતા મ્હાત્રે નજરે પડે છે. એ સિવાય મ્હાત્રેએ રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સૃષ્ટિ બાવિસ્કર સાથે ઉદ્ધત વર્તન કરી તેને પણ ફટકારી હતી.

કલ્યાણ-ડોમ્બિવલી મહાપાલિકા સંચાલિત શાસ્ત્રી નગર હૉસ્પિટલમાં

(જુઓ પાનું ૪) ▶▶

## ડૉક્ટરની માતાએ તબીબો માટે સુરક્ષાની માગ કરી

થાણે : થાણે જિલ્લાની પાલિકા સંચાલિત હોસ્પિટલમાં શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રે દ્વારા હુમલાનો ભોગ બનેલા બે તબીબોમાંના એક એવા ડો. સૃષ્ટિ બાવિસ્કરની માતા સંગીતા બાવિસ્કરે તબીબી વ્યાવસાયિકો માટે રાજ્ય સરકાર તરફથી સુરક્ષાની ખાતરીની માગ કરી છે. કલ્યાણમાં પત્રકારો સાથે

(જુઓ પાનું ૪) ▶▶

# ગરીબીમાં સબડતા યુવકોને દેશવિરોધી પ્રવૃત્તિ માટે ટાર્ગેટ કરવાનો શહજાદ ભટ્ટીનો કારસો

## સંવેદનશીલ અને ગુપ્ત માહિતી ભેગી કરી ગેરકાયદે શસ્ત્રોની તસ્કરી માટે સ્લીપર સેલ બનાવવાનો મનસૂબો: એટીએસે રાજ્યમાંથી ૧૦૨ને તાબામાં લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશની સંવેદનશીલ અને ગુપ્ત માહિતી ભેગી કરી ગેરકાયદે શસ્ત્રોની તસ્કરી સહિતનાં અન્ય કામો માટે સ્લીપર સેલ અથવા એજન્ટ તૈયાર કરવાનો મનસૂબો ધરાવતા પાકિસ્તાની ગૅન્ગસ્ટર શહજાદ ભટ્ટીએ ગરીબીમાં સબડતા યુવકોને ટાર્ગેટ કરીને તેમને દેશવિરોધી પ્રવૃત્તિ માટે ટાર્ગેટ કરવાનો કારસો ઘડ્યો હતો. એટીએસે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં દરોડા પાડી તાબામાં લીધેલા ૧૦૦થી વધુ યુવાનોની પૂછપરછમાં આ રહસ્યસ્ફોટ થયો હતો. પાકિસ્તાની ગૅન્ગસ્ટર સહજાદ ભટ્ટી અને તેના સાથીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી રાજ્યના યુવકોના સંપર્કમાં હોવાની માહિતી મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ને મળી હતી. માહિતીને આધારે એટીએસના ૧૪ યુનિટની ૫૮ ટીમે શુક્રવારની સવારે સાત

(જુઓ પાનું ૪) ▶▶

## સંતાનોનું વર્તન બદલાય તો તરત સંપર્ક સાધો: પોલીસની અપીલ

મુંબઈ: સોશિયલ મીડિયા પર સતત ચોંટેલાં રહેતાં સંતાનો પર નજર રાખવાની સલાહ આપી એટીએસે વાલીઓને અપીલ કરી હતી કે તેમના વર્તનમાં ફેરફાર જણાય અથવા શંકાસ્પદ લાગે તો તરત પોલીસનો સંપર્ક સાધવો.

દેશની આંતરિક સુરક્ષા અને ભવિષ્ય સુરક્ષિત રાખવા માટે એટીએસે યુવાનોને સલાહ આપી છે કે સોશિયલ મીડિયા પર કોઈ પણ અજાણી વ્યક્તિ અથવા શંકાસ્પદ વ્યક્તિનો સંપર્ક ટાળવો. ઓછી મહેનતે વધુ નાણાં પ્રાપ્ત કરનારી અથવા કોઈ પણ ગેરકાયદે કામો માટે આપવામાં આવતી

(જુઓ પાનું ૪) ▶▶

## નેસ્કો કેસ: ૩,૫૦૦ પાનાંની ચાર્જશીટ દાખલ

મુંબઈ: ગોરેગામના નેસ્કો સેન્ટરના હૉલમાં આયોજિત મ્યુઝિક કોન્સર્ટમાં ડ્રગ્સના કથિત ઓવરડોઝને કારણે એમબીએના બે સ્ટુડન્ટનાં મૃત્યુના કેસમાં વનરાઈ પોલીસે ૩,૫૦૦ પાનાંનું આરોપનામું કોર્ટમાં દાખલ કર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ૧૩માંથી ૧૨ આરોપી વિરુદ્ધ ગુરુવારે ચાર્જશીટ દાખલ કરાઈ હતી, જેમાં માસ્ટરમાઈન્ડ આયુષ વિકી સાહિત્ય અને મહેશ ખેમલાનીનો સમાવેશ થાય છે. કોન્સર્ટમાં આવેલા મૃતકોના અમુક ક્લાસમેટ્સ સહિત ૧૧૦ સાક્ષી ચાર્જશીટમાં નોંધવામાં આવ્યા છે.

ચાર્જશીટમાં આરોપી તરીકે એક

(જુઓ પાનું ૪) ▶▶

# ખુલ્લા અને તૂટેલા તથા ગાયબ મેનહોલના ઢાંકણાની ફરિયાદ નોંધાવો: બીએમસી

## મેનહોલની ફરિયાદ માટે સ્વતંત્ર વોટ્સએપ ચેટબૉટ નંબર શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ગયા અઠવાડિયે કુર્લામાં ખુલ્લા મેનહોલમાં સિનિયર સિટિઝન પડી જવાથી તેમના થયેલા મૃત્યુને પગલે ચોતરફથી ટીકાનો ભોગ બનેલી રેઢિયાળ કારભાર કરનારી મુંબઈ મહાનગરપાલિકાએ હવે પોતાની જવાબદારી પણ મુંબઈગરાને માથે નાખી દીધી છે. ખુલ્લા, તૂટેલા અને ગાયબ થઈ ગયેલા મેનહોલ દેખાય તો તેની ફરિયાદ કરવાની અપીલ મુંબઈના નાગરિકોને કરી છે. તે માટેની ફરિયાદ કરવા માટે અલાયદો વોટ્સઍપ ચેટબૉટ નંબર શરૂ કરવામાં આવ્યો છે.

મેનહોલની ફરિયાદો માટે અલગ વોટ્સએપ ચેટબોટ (૯૩૨૪૫૦૦૬૦૦) શરૂ કરવામાં આવ્યો છે. પાલિકા પ્રશાસને નાગરિકોને ફરિયાદની ઝડપી નોંધણી અને તાત્કાલિક નિવારણ માટે વધુ કાર્યક્ષમ અને પારદર્શક ફરિયાદ કરવા વ્યવસ્થા ઊભી કરી આપી છે, જેમાં

(જુઓ પાનું ૪) ▶▶

# વસઈ-વિરારમાં બે લાખથી વધુ ગ્રાહકોનો વીજ પુરવઠો પૂર્વવત્

મુંબઈ: પૂરગ્રસ્ત વસઈ-વિરારના બે લાખથી વધુ ગ્રાહકોનો આખરે વીજ પુરવઠો પૂર્વવત્ કરવામાં મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન (એમએસઈડીસીએલ)ને સફળતા મળી છે. વિતરણ કંપનીએ પૂરગ્રસ્ત વિસ્તારમાં પૂરના પાણી ઓસરી ગયાના ૧૨ કલાકની અંદર ગ્રાહકોનો વીજ પુરવઠો પુનઃસ્થાપિત કર્યો હતો.

પાંચ દિવસ વસઈ-વિરારમાં ભારે મુશળધાર વરસાદને કારણે એમએસઈડીસીએલે સુરક્ષાનાં પગલાં તરીકે અસ્થાયી રૂપે પુરવઠો સ્થગિત કરવાની ફરજ પડી હતી અને બુધવારથી હવામાન સાફ થતાં તેમણે વીજપુરવઠો પૂર્વવત્ કરવાની કામગીરી શરૂ કરી હોવાનું કલ્યાણ રિજનના ડેપ્યુટી ચીફ પબ્લિક રિલેશન્સ ઓફિસર અજિત ઇગતપુરીકરે જણાવ્યું હતું. ઘણા પાણીમાં ડૂબેલા વિસ્તારોમાં એમએસઈડીસીએલની ટીમે ડૂબેલાં સાધનોનું

(જુઓ પાનું ૪) ▶▶

## અનિયોજિત શહેરીકરણ અને અતિક્રમણ પૂર માટે જવાબદાર

પાલઘર : મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વસઈ-વિરાર વિસ્તારમાં તાજેતરમાં આવેલા પૂરનું કારણ માત્ર ભારે વરસાદ નહીં, પરંતુ અવ્યવસ્થિત શહેરીકરણ અને કુદરતી જળનિકાલના માર્ગો પર થયેલું અતિક્રમણ છે, તેમ વન અને પાલક પ્રધાન ગણેશ નાઈકે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે સેટેલાઇટ અને ડ્રોન સર્વેક્ષણનો ઉપયોગ કરીને ૧૫ થી ૨૦ દિવસમાં પૂર નિયંત્રણ માટેની એક વ્યાપક યોજના તૈયાર કરવામાં આવશે. નાઈકે ગુરુવારે નાલાસોપારા, નાયગાંવ, સાસુનવઘર

(જુઓ પાનું ૪) ▶▶

## ખેડૂત લોન માફીમાં વિલંબ

મહારાષ્ટ્ર: મહાયુતિ સરકારે જાહેર કરેલી 'પુણ્યશ્લોક અહલ્યાબાઈ હોળકર ખેડૂત દેવા માફી યોજના' અંગે ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી ખેડૂત દેવા માફીની અમલવારી ફરી એકવાર પાછી ઠેલાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર તરફથી ડેટા આવ્યા પછી જ દેવા માફીના નિર્ણયનો વાસ્તવિક અમલ કરવામાં આવશે.

સરકારે કેન્દ્ર પાસે ઇન્કમ ટેક્સ

(જુઓ પાનું ૪) ▶▶

# ખાદ્ય સુરક્ષા કાયદામાં કડક જોગવાઈઓ છે, પરંતુ તેનો અમલ આસાન નથી: એફડીએ પ્રધાન

મુંબઈ: મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) પ્રધાન નરહરિ ઝિરવાલે શુક્રવારે જણાવ્યું હતું કે હાલના કાયદામાં ખાદ્ય ભેળસેળ સામે કડક જોગવાઈઓ છે, પરંતુ અમલીકરણ અને પ્રયોગશાળા સંબંધિત અવરોધોને કારણે ઘણીવાર વિલંબ થાય છે. વિધાનસભામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓને આજીવન કેદ અથવા મૃત્યુદંડની માગણીનો જવાબ તેઓ આપી રહ્યા હતા. જાલનામાં કથિત રીતે ભેળસેળમાં સંડોવાયેલા ઘી ઉત્પાદન એકમ સામે લેવામાં આવેલા પગલાં અંગે ભાજપના વિધાનસભ્ય પ્રકાશ સોલંકેના પ્રશ્નના જવાબમાં ઝિરવાલે કહ્યું કે સરકાર આવા કિસ્સાઓમાં કાર્યવાહી થાય એની તકેદારી રાખશે.

ઝિરવાલે વધુમાં જણાવ્યું હતું કે 'જાલના ફેક્ટરીમાંથી એકત્રિત કરેલા આઠ નમૂનામાંથી

(જુઓ પાનું ૪) ▶▶

# થાણેમાં પાણી ઉકાળીને પીઓ: પાલિકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ચોમાસાની ઋતુ ચાલી રહી હોવાથી, પીવાના પાણી દ્વારા ફેલાતા પાણીજન્ય રોગોનું જોખમ વધવાની શક્યતા છે. સાવચેતીના પગલા તરીકે, થાણે પાલિકા પ્રશાસન દ્વારા નાગરિકોને પીવાના પાણીને ઉકાળીને ફિલ્ટર કરવાની અપીલ કરવામાં આવી છે.

ચોમાસા દરમ્યાન પાણીજન્ય રોગો ફેલાવાની શક્યતા હોય છે, તેથી નાગરિકોએ તેમની બિલ્ડિંગની તથા મકાનોમાં રહેલી અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીઓ નિયમિતપણે સાફ કરવાની રહેશે. પાણીની ટાંકીઓની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવાની પણ અપીલ કરવામાં આવી છે. આરોગ્યની દ્રષ્ટિએ સાવચેતીના પગલા તરીકે, ઘરગથ્થુ ઉપયોગ અને પીવા માટે વપરાતું પાણી ઉકાળીને ફિલ્ટર કરીને તેનો ઉપયોગ કરવાથી પાણીજન્ય રોગો ફેલાતા અટકશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે. ■

# 'કેગ' રિપોર્ટમાં મહારાષ્ટ્રની બિનકાર્યક્ષમતા છતી થઈ

## ૬૨ કેસમાં કુલ ₹ ૨૯,૭૪૨.૫૧ કરોડની પૂરક જોગવાઈઓ સંપૂર્ણપણે બિનજરૂરી

મુંબઈ: કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના ૨૦૨૪ - ૨૫ માટેના અહેવાલમાં મહારાષ્ટ્રના બજેટ અમલીકરણની ઝીણવટથી તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં નોંધપાત્ર બજેટરી બિનકાર્યક્ષમતા, એકાઉન્ટિંગ અનિયમિતતાઓ અને મુખ્ય ખાદ્ય સૂચકાંકોના ઓછા અંદાજને રજૂ કરવામાં આવતા રાજ્યના નાણાકીય વ્યવસ્થાપન પર ચિંતા ઉભી થઈ હતી.

શુક્રવારે વિધાનસભામાં રજૂ કરાયેલા આ અહેવાલમાં જણાવાયું છે કે ૬૨ કેસમાં કુલ રૂ. ૨૯,૭૪૨.૫૧ કરોડની પૂરક જોગવાઈઓ સંપૂર્ણપણે બિનજરૂરી સાબિત થઈ કારણ કે વાસ્તવિક ખર્ચ મૂળ બજેટ ફાળવણી સુધી પણ પહોંચવામાં નિષ્ફળ રહ્યો હતો. રિપોર્ટમાં એમ પણ નોંધવામાં આવ્યું છે કે રાજ્યના વાર્ષિક ખર્ચના લગભગ ૨૩.૪૦ ટકા ફક્ત માર્ચ ૨૦૨૫ માં જ ખર્ચાયા હતા. આ બાબત વર્ષના અંતમાં બજેટ જોગવાઈઓ પૂર્ણ કરવા માટે ઉતાવળ દર્શાવે છે.

ઓડિટમાં રાજ્યની રાજકોષીય સ્થિતિને વિકૃત કરતી અનેક નાણાકીય અનિયમિતતાઓ પ્રકાશિત થઈ. ૪,૦૬૯.૯૧ કરોડ રૂપિયાના મહેસૂલ ખર્ચને ખોટી રીતે મૂડી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો હતો, જ્યારે વ્યાજ ધરાવતી થાપણો અને અનામત ભંડોળ પર રૂ. ૭૬૨.૪૯ કરોડની વ્યાજ જવાબદારીઓ બાકી રહી હતી એમ પણ તેમાં જણાવાયું છે. રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમમાં રૂ. ૩,૨૭૭.૫૮ કરોડના ટૂંકા યોગદાન અને મુખ્યત્વે શિક્ષણ અને રોજગાર ગેરંટી માટે એકત્રિત કરાયેલા રૂ. ૧,૫૧૫.૨૩ કરોડના સેસને નિયુક્ત ભંડોળમાં ટ્રાન્સફર કરવામાં નિષ્ફળતા તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

## વિધાનસભાનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી

મુંબઈ: મહારાષ્ટ્રના રાજ્યપાલ જીષ્ણુ દેવ વર્માએ શુક્રવારે રાજ્ય વિધાનસભાના બંને ગૃહોના સત્ર સમાપ્ત થયાની જાહેરાત કરી હતી, જેની સાથે જ લગભગ ત્રણ અઠવાડિયા સુધી ચાલેલા ચોમાસુ સત્રનો અંત આવ્યો હતો. વિધાનસભાનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી નાગપુરમાં યોજાશે.

સત્ર સમાપ્તિનો આ આદેશ વિધાનસભામાં સ્પીકર રાહુલ નાર્વેકર દ્વારા અને વિધાન પરિષદમાં અધ્યક્ષ રામ શિંદે દ્વારા વાંચી સંભળાવવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર વિધાનસભાનું ચોમાસુ સત્ર ૨૨ જૂનથી મુંબઈમાં શરૂ થયું હતું. (પીટીઆઈ)■

# મુંબઈની ઓસી વગરની ૧૯ હજારથી વધુ બિલ્ડિંગને ફાયદો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ:મુંબઈ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ ઓક્યુપન્સી સર્ટિફિકેટ (ઓસી)ની અભય યોજનાને મંજૂરી આપતા મુંબઈમાં લગભગ ૧૯,૦૦૦ બિલ્ડિંગને ફાયદો થવાની શક્યતા છે. ઘણા વર્ષોથી પ્રલંબિત રહેલા ઓક્યુપન્સી સર્ટિફિકેટના મુદ્દાની સમસ્યાનો ઉકેલ આવશે.

વિવિધ ટેકનિકલ ભૂલો, બાંધકામમાં અનિયમિતતાઓ તેમજ વહીવટી પ્રક્રિયાઓને કારણે ઘણી ઇમારતોને અંતિમ ઓસી મળી શક્યું નથી. આવી જ એક સમસ્યા તાડદેવમાં વિલિંગ્ડન હાઇટ્સની પણ છે. આ ઈમારતના રહેવાસીઓને ઓસી ન હોવાથી બેઘર બનવાની ફરજ પડી હતી. સ્થાનિક વિધાનસભ્યની મદદથી વિલિંગ્ડન હાઇટ્સના રહેવાસીઓ સાથે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા અને તેમને સમગ્ર વિગત જણાવી મુદ્દાનો વ્યૂહાત્મક ઉકેલ શોધવા વિનંતી કરી. આ બાબતને ગંભીરતાથી લઈને ફડણવીસે સંબંધિત એજન્સીઓને જરૂરી પગલાં લેવા સૂચના આપી હતી. ■

# આર્થિક ગુનાઓમાં ફરાર આરોપીની સાંતાક્રુઝની હોટેલમાંથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છ જેટલા આર્થિક ગુનાઓમાં સુનાવણી દરમિયાન કોર્ટમાં હાજર ન રહેતા ફરાર આરોપીને પોલીસે સાંતાક્રુઝની ફાઈવ સ્ટાર હોટેલમાંથી પકડી પાડ્યો હતો. વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈની આર્થિક ગુના શાખાએ મેસર્સ એ ઍન્ડ એ શેલ્ટરના ડિરેક્ટર અભિષેક વ્યાસની ગુરુવારે ધરપકડ કરી હતી. આવશ્યક અહેવાલ સાથે તેને કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. આર્થિક ગુના શાખાએ કંપની, તેના ડિરેક્ટર અભિષેક વ્યાસ અને અન્યો વિરુદ્ધ છ ગુના નોંધ્યા હતા. તપાસ બાદ પોલીસે વ્યાસની ધરપકડ કરી હતી. તેની વિરુદ્ધ પોલીસે કોર્ટમાં આરોપનામું પણ રજૂ કર્યું હતું. જોકે જામીન પર છૂટ્યા પછી ૨૦૧૮થી વ્યાસ કોર્ટમાં હાજર રહેતો નહોતો.મુંબઈની એક્સપ્લેનેડ કોર્ટે ૨૦૧૮માં વ્યાસ વિરુદ્ધ બિનજામીનપાત્ર વૉરન્ટ જારી કર્યા હતા. ત્યારથી પોલીસ તેની શોધ ચલાવી રહી હતી. ■

# વૃક્ષ પડવાથી મૃત્યુ પામેલાના પરિવારને વળતરના પ્રયાસ

થાણે: થાણેમાં ઝાડ પડવાની ઘટનામાં મૃત્યુ પામેલા વ્યક્તિના પરિવારને થાણે મહાનગરપાલિકાના શાસક પક્ષ શિવસેનાના નેતાઓએ સહાયનું વચન આપ્યું છે, જેમાં મૃતકના નાણાકીય વળતરની સાથે જ પીડિતના કાનૂની વારસદારને નોકરી આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. થાણેના ૬૪ વર્ષના પાંડુરંગ ભુવડને છ જુલાઈના રોજ એક ઝાડ પડવાથી ગંભીર ઈજા થઈ હતી અને ગુરુવારે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. ■




# ફિફા વર્લ્ડ કપઃ ફ્રાન્સ સતત ત્રીજી વખત સેમિ ફાઇનલમાં, બ્રાઝિલના મોટા વિક્રમોની બરાબરી કરી

બૉસ્ટનઃ ફ્રાન્સે (ભારતીય સમય અનુસાર ગુરુવાર મધરાત બાદ) ૨૩મા ફિફા વર્લ્ડ કપની પ્રથમ ક્વૉર્ટર ફાઇનલમાં આફ્રિકા ખંડના મોરોક્કો દેશની ટીમને ૨-૦થી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

એ સાથે, ફ્રાન્સે વર્લ્ડ કપમાં સતત ત્રીજી વખત સેમિ ફાઇનલમાં પ્રવેશ કરીને તેમ જ કુલ આઠમી વાર સેમિ ફાઈનલ પ્રવેશ મેળવીને બ્રાઝિલની આ બંને સિદ્ધિની બરાબરી કરી લીધી છે અને બ્રાઝિલ સાથે બીજા નંબર પર જોડાઈ ગયું છે. જોકે આ રેકૉર્ડ બુકમાં જર્મની પ્રથમ સ્થાને છે. આ વખતે બ્રાઝિલ અને જર્મની બન્ને દેશ વહેલા સ્પર્ધાની બહાર થઈ ગયા છે.

બ્રાઝિલ ૧૯૯૪થી ૨૦૦૨ સુધીમાં ઉપરાઉપરી ત્રણ વખત સેમિમાં પહોંચ્યું હતું, જ્યારે ફ્રાન્સે ૨૦૧૮થી ૨૦૨૬ દરમ્યાનના ત્રણ વર્લ્ડ કપમાં આ સિદ્ધિ મેળવી છે. જર્મનીએ ૨૦૦૨થી ૨૦૧૪ દરમ્યાન સતત ચાર વખત સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

બ્રાઝિલની જેમ હવે ફ્રાન્સ પણ આઠ વખત વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચવામાં અને બીજું સ્થાન મેળવવામાં સફળ થયું છે. આ રેકૉર્ડમાં જર્મની ૧૨ સેમિ ફાઈનલ પ્રવેશ સાથે મોખરે છે.

## છ મિનિટમાં ફ્રાન્સના બે વિજયી ગોલ

ગુરુવારની ક્વૉર્ટર ફાઇનલમાં ફ્રાન્સ અને મોરોક્કો ૬૦મી મિનિટ સુધી ૦-૦ની બરાબરીમાં હતા. ફ્રાન્સનો કીલિયાન ઍમ્બપ્પે એક પેનલ્ટી કિકના શૉટમાં નિષ્ફળ રહ્યો હતો, પરંતુ તેણે સેકન્ડ હાફમાં ૬૦મી મિનિટમાં ગોલ કરીને એ નિષ્ફળતા ભુલાવી દીધી હતી. ફ્રાન્સે ત્યારે ૧-૦થી સરસાઇ મેળવી અને છઠ્ઠી મિનિટમાં (કુલ ૬૬ મિનિટમાં) ડેમ્બેલેએ ગોલ કરીને ફ્રાન્સની સરસાઇ વધારીને ૨-૦ કરી હતી. મોરોક્કોના ખેલાડીઓનું ડિફેન્સ અને આક્રમણ ધાર્યા કરતા નબળા હતા જેનો લાભ ફ્રાન્સના ખેલાડીઓ લઈ ગયા હતા.

## છેલ્લી બે ક્વૉર્ટર ફાઇનલ કોની વચ્ચે?

ભારતીય સમય અનુસાર છેલ્લી બે ક્વૉર્ટર ફાઇનલ નોર્વે-ઇંગ્લૅન્ડ (આજે મધરાત બાદ ૨.૩૦) અને આર્જેન્ટિના-સ્વિટ્ઝરલૅન્ડ (રવિવારે સવારે ૬.૩૦) વચ્ચે રમાવાની છે. ■



# યોગરાજ સિંહ જ્યારે પિસ્તોલ લઈને કપિલ દેવના ઘરે પહોંચી ગયા હતા!

## કપિલે કહ્યું, 'મને કડવા સ્વભાવ કરતાં ખુશમિજાજી લોકો વધુ ગમે'

નવી દિલ્હીઃ ભારતના મહાન ક્રિકેટર કપિલ દેવ અને સાધારણ કારકિર્દી ધરાવતા પેસ બોલર યોગરાજ સિંહ ભારત વતી ઘણી મૅચો સાથે રમ્યા હતા, તેમના નાનપણના એક જ કોચ (દેશ પ્રેમ આઝાદ) હતા, પરંતુ તેમને અલગ અલગ સ્તરની સફળતા મળી હતી અને ત્યાર બાદ બન્ને ભૂતપૂર્વ પેસ બોલર પોતાના અંગત જીવનમાં વ્યસ્ત થઈ ગયા, પરંતુ યોગરાજ સિંહે ઘણી વખત કપિલ દેવ વિશે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે જેનો કપિલે એક મુલાકાતમાં જવાબ આપ્યો છે.

યોગરાજ સિંહે તો પોતાના પુત્ર યુવરાજ સિંહની કરીઅરને અસ્તવ્યસ્ત કરી નાખવાનો એમએસ ધોની સામે આક્ષેપ કર્યો હતો, પણ તેમની પોતાની જ વાત કરીએ તો એક મુલાકાતમાં તેમણે (યોગરાજ સિંહે) કહેલું કે 'કપિલ જ્યારે ભારતનો, નૉર્થ ઝોનનો અને હરિયાણાનો કૅપ્ટન બન્યો હતો ત્યારે તેણે કારણ વિના મને ટીમમાંથી કાઢી મૂક્યો હતો.'

યોગરાજ સિંહે થોડા સમય પહેલાં એક મુલાકાતમાં એવું પણ કહ્યું હતું કે 'મારી પત્ની (યુવીની મમ્મી) ઇચ્છતી હતી કે હું કપિલ પાસે જઈને કેટલાક સવાલના જવાબ માગું. મેં ત્યારે મારી વાઇફને કહ્યું કે હું કપિલના ઘરે જઈને તેને પાઠ ભણાવીશ.

મેં મારી પિસ્તોલ લીધી અને સેક્ટર નંબર-૯માં કપિલના ઘરે પહોંચી ગયો હતો. મેં બૂમ મારી ત્યારે તે તેની મમ્મી સાથે બહાર આવ્યો હતો. મેં તેને એક ડઝન ગાળ આપી હતી. મેં તેને સંભળાવી દીધું કે તારા કારણે મેં સારો મિત્ર ગુમાવ્યો છે એટલે તારે એની આકરી કિંમત ચૂકવવી પડશે.'

પુત્ર યુવરાજ સિંહ એક ઇન્ટરવ્યૂમાં પિતા યોગરાજ સિંહ વતી કપિલ દેવની માફી માગતા નિવેદનો આપ્યા હતા. જોકે કપિલ દેવે યુવી વિશે કહ્યું, 'તેણે આવી માફી માગવાની કોઈ જરૂર નથી. જીવનમાં આવું તો બન્યા કરે. યુવી એવો મહાન ક્રિકેટર છે કે તેને લીધે આ રમતની લોકપ્રિયતા વધી હતી.'

યોગરાજ તમને એક મિત્ર તરીકે મળીને ભેટવા માગે છે, એવું કહેવામાં આવતાં કપિલે કહ્યું, 'હું કટુતાવાળા લોકોને મળવાનું પસંદ નથી કરતો. મને તો ખુશમિજાજી લોકોને મળવાનું જ મન થાય. તો પણ, જો તે મને મળીને ભેટવા માગે છે તો મને કોઈ વાંધો નથી.'

# ભારત પહેલી વખત ઈંગ્લૅન્ડ સામે ટી-૨૦ સિરીઝ હાર્યું, આજે નંબર-વન રૅન્ક પણ ગુમાવી શકે

બ્રિસ્ટલઃ ગુરુવારે ટી-૨૦ સિરીઝની ચોથી મૅચમાં ભારત (૨૦ ઓવરમાં ૭/૧૫૮)ને યજમાન ઇંગ્લૅન્ડે (૧૩.૫ ઓવરમાં ૧/૧૫૯) નવ વિકેટે હરાવીને ૩-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી એ ઇંગ્લૅન્ડ માટે નવા ઇતિહાસ સમાન છે અને ભારત માટે મોટી નામોશી છે. હાલત એવી છે કે ભારતે હવે (આજે ૦-૪થી વાઈટવૉશ થશે તો) ઘણા મહિનાઓથી સાચવી રાખેલી ટી-૨૦ની નંબર-વન રૅન્ક ઇંગ્લૅન્ડને સોંપી દેવી પડશે.

ટી-૨૦ ફૉર્મેટમાં ઇંગ્લૅન્ડ પહેલી જ વખત ભારત સામે શ્રેણી જીત્યું છે. ભારતે ૨૦૧૯ની સાલ પછી (સાત વર્ષે) પહેલી વખત ઉપરાઉપરી બે ટી-૨૦ સિરીઝમાં પરાજય જોવો પડ્યો છે. હવે આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી લાઇવ) પણ ભારત હારશે તો ઇંગ્લૅન્ડ ૪-૦ની ક્લીન સ્વીપ સાથે ટ્રોફી પર પોતાનું નામ લખાવી લેશે અને ભારતની ટી-૨૦ની નંબર વન રૅન્ક ઇંગ્લૅન્ડના કબજામાં જતી રહેશે.

વધુ ચિંતાજનક વાત એ છે કે શ્રેયસ ઐયર જેવા કાબેલ બૅટ્સમૅનની કેપ્ટન્સીમાં પહેલી બંને સિરીઝમાં ભારતની હાર થઈ. આયરલૅન્ડે ભારતને પહેલી વખત મૅચમાં અને પછી સિરીઝમાં પરાજિત કરીને પોતાની ક્રિકેટમાં નવો ઇતિહાસ રચ્યો અને હવે ઇંગ્લૅન્ડ પહેલી જ વખત ટી-૨૦માં ભારત સામેની સિરીઝની ટ્રોફી જીતવામાં સફળ થયું. આ અગાઉની ૧૦માંથી આઠ સિરીઝ ભારતે જીતી લીધી હતી અને બે સિરીઝ ડ્રોમાં ગઈ હતી.

ટેસ્ટ ક્રિકેટમાં ઇંગ્લૅન્ડની ટીમની હાલત (બેન સ્ટોક્સની ઓચિંતી નિવૃત્તિને કારણે) ખરાબ છે, કારણકે તાજેતરમાં જ બ્રિટિશ ટીમે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં ૧-૨થી પરાજય ખમવો પડ્યો હતો. જોકે ટી-૨૦માં હૅરી બ્રૂકના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડની ટીમ નવા જોશ અને ઉમંગ સાથે ઉભરી રહી છે.

## હૅરી બ્રૂકના સુકાનમાં બાવીસમાંથી ૧૯ જીત

ટી-૨૦ ફૉર્મેટમાં બૅટ્સમૅન હૅરી બ્રૂક ઇંગ્લૅન્ડનો સૌથી સફળ કેપ્ટન છે. તેના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડ છેલ્લા એક વર્ષમાં ૨૨માંથી ૧૯ ટી-૨૦ મૅચ જીત્યું છે.

## હૅરી બ્રૂક સફળ, શ્રેયસ નિષ્ફળ

હૅરી બ્રૂકને ગયા વર્ષે કેપ્ટન્સી સોંપવામાં આવી હતી અને તે ખૂબ સફળતા મેળવી રહ્યો છે. બીજી તરફ, ભારતના સિલેક્ટરોએ વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટન સૂર્યકુમાર યાદવ પાસેથી કેપ્ટન્સી પાછી લઈ લેવા ઉપરાંત તેને પ્લેયર તરીકે પણ ટીમમાં ન જાળવી રાખ્યો અને હવે શ્રેયસ ઐયરના સુકાનમાં ભારત બૅક-ટૂ-બૅક સિરીઝ હાર્યુ છે.

## ભારત પહેલી વખત સતત પાંચ ટી-૨૦ હાર્યું

૨૦૦૭ના પ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપનું અને ૨૦૨૪ તથા ૨૦૨૬ના છેલ્લા બંને ટી-૨૦ વિશ્વ કપનું વિજેતા ભારત બે દાયકા જૂના ટી-૨૦ના ઇતિહાસમાં પહેલી વખત લાગલગાટ પાંચ મૅચ હારી ગયું. શ્રેયસ ઐયરની કેપ્ટન્સી તો હવે જોખમમાં છે જ, હેડ-કોચ ગૌતમ ગંભીરની ગાદી પણ નિશાન બની શકે.

## શ્રેયસના ૮૦ રન પાણીમાં, સોલ્ટ-બ્રુકની ૧૪૬ની ભાગીદારી

ભારતે પ્રથમ બૅટિંગ પસંદ કર્યા પછી વૈભવ સૂર્યવંશી (૧૫ રન), અભિષેક શર્મા (૧૬ રન), ઈશાન કિશન (૪ રન), અને તિલક વર્મા (૧૧ રન) તેમ જ શિવમ દુબે (૨૨ રન) ફરી સારું પર્ફોર્મ કરવામાં નિષ્ફળ ગયા હતા. ખુદ કેપ્ટન શ્રેયસ ઐયર (૮૦ અણનમ, ૪૯ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર) ઘણા દિવસે સારું રમવામાં સફળ થયો પણ તેની આ ઇનિંગ્સ એળે ગઈ હતી. વૈભવ સૂર્યવંશી સતત બીજી મૅચમાં જોફ્રા આર્ચરનો શિકાર થયો. જોફ્રા આર્ચર અને જૉશ ટન્ગે સૌથી વધુ બે-બે વિકેટ લીધી હતી.

ભારતના ૭/૧૫૮ના જવાબમાં ઇંગ્લૅન્ડે ૧૩.૫ ઓવરમાં (૩૭ બૉલ બાકી રાખીને) ૧/૧૫૯ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. ઇંગ્લૅન્ડની એકમાત્ર જૉસ બટલરની વિકેટ અર્થદીપ સિંહ મેળવી હતી.

## હૅરી બ્રૂક મૅન ઑફ ધ મૅચ

ઇંગ્લૅન્ડના ૧૫૯ રનમાં ઓપનર ફિલ સોલ્ટ (૫૯ અણનમ, ૪૨ બૉલ, એક સિક્સર, નવ ફોર) અને હૅરી બ્રૂક (૭૯ અણનમ, ૩૫ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર)ની ૧૪૬ રનની અતૂટ ભાગીદારીનો સૌથી મોટો ફાળો હતો. હૅરી બ્રૂકને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

# ગૌતમ ગંભીર ટી-૨૦ ટીમના ખેલાડીઓ પર ખૂબ ગુસ્સે છે

*અમિત શાહ*

બ્રિસ્ટલઃ માર્ચમાં ભારત ત્રીજી વખત ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બન્યું એ સિદ્ધિનો ભારતીયો મન ભરીને પૂરો જશન કરે એ પહેલાં તો ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) શરૂ થઈ ગઈ અને એ ટૂર્નામેન્ટ પૂરી થઈ ત્યાં તો વર્લ્ડ નંબર-વન ભારતે બબ્બે ટી-૨૦ સિરીઝમાં નામોશી જોવી પડી એટલે વિશ્વવિજેતાપદ તો જાણે ભુલાઈ જ ગયું છે. ભારતીય ટી-૨૦ ટીમને એવા બે ઝટકા લાગ્યા કે જેને પગલે હેડ-કોચ ગૌતમ ગંભીર ભારતીય ટીમ પર ખફા છે.

આયરલૅન્ડ સામે ભારતીયો પહેલી જ વખત ક્રિકેટ મૅચ હાર્યા અને પછી ૦-૨થી સિરીઝ પણ હારી બેઠાં ત્યાં હવે ઇંગ્લૅન્ડ પહેલી જ વખત ભારત સામે ટી-૨૦ શ્રેણી જીતવામાં સફળ થયું એટલે ભારતીય ટીમ પર ગૌતમ ગંભીર ખૂબ ગુસ્સે છે. હૅરી બ્રૂકની ટીમે ગુરુવારે ભારત સામે ૩-૦થી વિજયી સરસાઈ મેળવી ત્યાર બાદ હવે શનિવારે અંતિમ મૅચ પણ જીતીને તેઓ ભારતનો ૪-૦થી વાઇટવૉશ કરવાના મૂડમાં છે. દરમ્યાન ભારતીય ટીમ ઇંગ્લૅન્ડમાં બે જૂથમાં પ્રવાસ કરી રહી છે. શનિવારની અંતિમ ટી-૨૦ મૅચ (સાંજે ૭.૦૦ વાગ્યાથી લાઇવ) સાઉધમ્પ્ટનમાં છે. ભારતીય સ્ક્વૉડના સભ્યો અને કોચિંગ સ્ટાફના અડધા મેમ્બર સાઉધમ્પ્ટન પહોંચ્યા હતા અને કોચિંગ સ્ટાફના બીજા અડધા ભાગના મેમ્બર બર્મિંગમ પહોંચ્યા હતા જ્યાં ઇંગ્લૅન્ડ સામે મંગળવાર, ૧૪મી જુલાઈએ શરૂ થનારી વન-ડે શ્રેણીમાં રમનારા ખેલાડીઓ પણ પહોંચી રહ્યા છે. રોહિત શર્મા તેમ જ વિરાટ કોહલી આ વન-ડે શ્રેણીમાં રમશે. વન-ડે ટીમના અમુક ખેલાડીઓ શનિવારે બપોરે ૧.૩૦ વાગ્યે એજબૅસ્ટનમાં પ્રૅક્ટિસ કરશે.

વન-ડે ટીમનો કૅપ્ટન શુભમન ગિલ તેમ જ જસપ્રીત બુમરાહ અને કે. એલ. રાહુલ સહિતના ખેલાડીઓ મંગળવારે શરૂ થનારી શ્રેણી માટેની પ્રૅક્ટિસનો આરંભ કરશે. જોકે વન-ડે ખેલાડીઓ યુ.કે.માં પોતપોતાની રીતે પ્રૅક્ટિસ કરવાના છે. ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં ૦-૩થી પતન થયા બાદ હવે વન-ડે ટીમ બ્રિટિશરોને હરાવવા વધુ મક્કમ છે. ખાસ કરીને રોહિત-કોહલી (રો-કો) બ્રિટિશરોની ધરતી પર છેલ્લી વખત રમવાના છે. ■

# મેલબર્નમાં મોદીએ સ્ટીવ વૉને આ ગિફ્ટ આપીને ચોંકાવી દીધો!



મેલબર્નના મેદાન પર ગઈ કાલે સ્ટીવ વૉને તસવીરની ભેટ આપતી વખતે ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન ઍન્થની ઍલ્બનીઝ તથા મહિલા ક્રિકેટર લિસા સ્થલેકર અને અન્ય સાથે નરેન્દ્ર મોદી. વડા પ્રધાને આ મેદાન પર ચાહકોને ઑટોગ્રાફ આપ્યા હતા. (પીટીઆઇ)

મેલબર્નઃ ઑસ્ટ્રેલિયાના પ્રવાસ દરમ્યાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે ઐતિહાસિક મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) પર ગયા ત્યારે ત્યાં ઑસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર સ્ટીવ વૉ સાથે તેમની મુલાકાત થઈ હતી જે દરમ્યાન મોદીએ વૉને એક જૂનો ફોટોગ્રાફ ભેટ આપ્યો હતો જે જોઈને સ્ટીવ વૉને સુખદ આશ્ચર્ય થયું હતું. આ તસવીર બે દાયકા પહેલાંની હતી. ત્યારે મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા અને ત્યારે સ્ટીવ વૉ સાથે તેમનું પહેલી વાર મળવાનું થયું હતું અને ગુજરાત રાજ્ય માટેની એ મીટિંગ સમયની તસવીર બક્ષિસમાં આપીને મોદીએ સ્ટીવ વૉને ચોંકાવી દીધો હતો.

માર્ચ, ૧૮૭૭માં (૧૪૯ વર્ષ પૂર્વે) સૌપ્રથમ ટેસ્ટ મૅચ મેલબર્નમાં રમાઈ હતી જેમાં ઑસ્ટ્રેલિયાએ ઇંગ્લૅન્ડ સામે ૪૫ રનથી વિજય મેળવ્યો હતો. મેલબર્નમાં પીએમ મોદીની મુલાકાત વખતે ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન ઍન્થની ઍલ્બનીઝ તેમ જ ભારતીય મૂળની ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર લિસા સ્થલેકરની પણ હાજરી હતી.

ભારત અને ઑસ્ટ્રેલિયાએ શુક્રવારે બન્ને દેશ વચ્ચેના સ્પોર્ટ્સ કૉલેબોરેશન રોડમૅપનું અનાવરણ કર્યું હતું. આ સહકાર-યોજના હેઠળ ડિસેમ્બરમાં ચેન્નઈમાં પહેલી જ વખત ઑસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)ની મૅચ રમાશે. બિગ બૅશની નવી સીઝનની એ પહેલી મૅચ હશે જે મેલબર્ન રેનેગેડ્સ અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન પર્થ સ્કોર્ચર્સ વચ્ચે રમાશે. સૌથી લોકપ્રિય લીગ ટૂર્નામેન્ટોમાં આઇપીએલ પછી બીજો નંબર બિગ બૅશનો છે.

પીએમ મોદીએ મેલબર્નની સ્પીચમાં કહ્યું, 'બિગ બૅશ લીગની મૅચ ભારતમાં (ચેન્નઈમાં) રમાશે એ બદલ હું ખૂબ ખુશ છું. ભારતમાં કોઈ પણ ખેલકૂદ લીગ ટૂર્નામેન્ટની મૅચ રમાય તો એને વ્યાપક સ્તરે જબરદસ્ત વ્યૂઅરશિપ મળે એની ખાતરી છે.' રોડમૅપમાં ખેલકૂદને લગતી તાલીમ તથા ક્ષમતાનો વિકાસ કરવા વિશે એકમેકને સહકાર આપવો, સ્પોર્ટ્સ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજીની આપ-લે તેમ જ સ્પોર્ટ્સ ઇન્ડસ્ટ્રી તથા ઇન્વેસ્ટમેન્ટ જેવી બાબતોનો સમાવેશ છે. બન્ને દેશ યુથ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું આયોજન પણ કરશે.

મોદીએ મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા બદલ ઑસ્ટ્રેલિયાને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે 'બન્ને દેશ માટે આ મહત્ત્વનો દાયકો છે. ૨૦૩૦માં ભારતમાં કૉમનવેલ્થ ગેમ્સનું અને ઑસ્ટ્રેલિયામાં ૨૦૩૨માં બ્રિસ્બેન ઑલિમ્પિક્સનું આયોજન થશે.' ■

# ગૌતમ વિશે બીસીસીઆઇ ગંભીર, નોકરી ખતરામાં

બ્રિસ્ટલઃ માર્ચ, ૨૦૨૬માં ભારત સૂર્યકુમાર યાદવની કૅપ્ટન્સીમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યું, પણ ત્યાર પછી પહેલી જ ટી-૨૦ સિરીઝની ટીમમાંથી સિલેક્ટરોએ સૂર્યકુમાર યાદવનું નામ ટીમ ઇન્ડિયાની યાદીમાંથી ગાયબ કરી નાખ્યું ત્યાર બાદ હવે ભારતના બૅક-ટુ-બૅક ટી-૨૦ સિરીઝ-પરાજયને પગલે હેડ-કોચ ગૌતમ ગંભીરની ગાદી પણ હાલકડોલક થવા લાગી છે. એક અહેવાલ અનુસાર બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા ઉપરાઉપરી બે સિરીઝના પરાજયની તાકીદે સમીક્ષા થઈ રહી છે અને હેડ-કોચ ગૌતમ ગંભીર સહિતના કોચિંગ સ્ટાફમાં કેટલાકની નોકરી પર તવાઈ આવી શકે એવા સંજોગો નિર્માણ થયા છે. સિલેક્ટરો ટી-૨૦ ટીમના અમુક ખેલાડીઓને પણ નિશાન બનાવશે એવી સંભાવના છે.



# લૉર્ડ્સની મહિલા ટેસ્ટમાં ભારતના ૨૮૫ રનઃ સ્મૃતિની સિદ્ધિ

લંડનઃ લૉર્ડ્સના ઐતિહાસિક મેદાન પર શુક્રવારે પહેલી જ વખત મહિલા ટેસ્ટ મૅચ શરૂ થઈ છે જેમાં ઇંગ્લૅન્ડ સામે ભારતીય ટીમ બૅટિંગ મળ્યા બાદ રાત્રે ૨૮૫ રન પર ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં ઓપનર અને વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૮૩ રન, ૧૦૮ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. તે ક્રિકેટના મક્કા ગણાતા આ મેદાન પર ટેસ્ટની હાફ સેન્ચુરી કરનાર પ્રથમ મહિલા ખેલાડી બની હતી. જોકે સ્મૃતિ ઐતિહાસિક સેન્ચુરીથી વંચિત રહી હતી. ૧૮૮૪માં (૧૪૨ વર્ષ પહેલાં) પહેલી વાર પુરુષોની ટેસ્ટ લૉર્ડ્સમાં રમાઈ હતી અને એમાં ઇંગ્લૅન્ડ સામે ઑસ્ટ્રેલિયાના જ્યોર્જ ગિફેન (૬૩ રન) હાફ સેન્ચુરી ફટકારનાર પ્રથમ બૅટ્સમૅન બન્યા હતા. કૅપ્ટન હરમનપ્રીત કૌર (૫૮ રન, ૧૨૧ બૉલ, સાત ફોર) પણ હાફ સેન્ચુરી પૂરી કર્યા બાદ આઉટ થઈ હતી. દીપ્તિ શર્મા (૫૭ રન, ૮૭ બૉલ, સાત બૉલ)એ અને જેમિમા રૉડ્રિગ્સે ૩૫ રન બનાવીને મિડલ-ઑર્ડરને થોડો મજબૂત બનાવ્યો હતો. આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં ઇંગ્લૅન્ડે ૧૩ રનમાં એક વિકેટ ગુમાવી હતી. ■

# આઇટી શૅરોના કરંટ સાથે સેન્સેક્સે ૮૨૭ પોઇન્ટની જમ્પ લગાવી ૭૭,૫૫૦ની સપાટી પાર કરી, નિફ્ટી ૨૪૨૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઇરાન વચ્ચે ભયંકર મિસાઇલ અને ડ્રોન હુમલા શરૂ થઇ ગયા હોવા સાથે શાંતિ મંત્રણા સામે જોખમ ઊભું થઇ ગયું હોવાના અહેવાલ છતાં ક્રૂડ ઓઇલના ભાવ ઘટાડા અને ટીસીએસના સારા પરિણામ બાદ આઇટી શેરોમાં આવેલા ચમકારાને આધારે શુક્રવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં એકાદ ટકાનો મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ દિવસ દરમિયાન ૯૦૦.૪૧ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા વધીને ૭૭,૬૪૨.૨૩ પોઈન્ટ સુધી ઊંચે ગયા બાદ અંતે ૮૨૭.૫૭ પોઈન્ટ અથવા ૧.૦૮ ટકા ઉછળીને ૭૭,૫૬૯.૩૯ પોઈન્ટની સપાટી પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૪૪.૧૦ પોઈન્ટ અથવા ૧.૦૨ ટકા વધીને ૨૪,૨૦૬.૯૦ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ અને નિફ્ટીમાં ૦.૨ ટકા સુધીનો ઘટાડો થયો છે.

સેન્સેક્સ પેકમાંથી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટેક મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એક્સિસ બેંક, ટાટા સ્ટીલ અને ઇન્ફોસિસ મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા.જ્યારે બ્લુ-ચિપ પેકમાંથી સૌથી વધુ ઘટેલા શેરોમાં ઇટર્નલ, ભારતી એરટેલ, સન ફાર્મા અને ટ્રેન્ટનો સમાવેશ હતો. આઇટી શેરો ઉપરાંત રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇસીઆઇસીઆઇ બેંક અને એચડીએફસી બેંક સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં લેવાલી રહેતા બેન્ચમાર્કને તેનો ટેકો પણ મળ્યો હતો.

ટીસીએસના શેર મજબૂત પરિણામને કારણે બીએસઇ પર ૪.૧૧ ટકા ઉછળીને રૂ. ૨૧૩૨ બોલાયા હતા. ટીસીએસએ જૂન ૨૦૨૬ ક્વાર્ટરમાં ૪.૬૧ ટકાના વધારા સાથે રૂ.૧૩,૩૪૯ કરોડનો ચોખ્ખા નફો નોંધાવ્યો છે. શેરદીઠ ડિવિડંડ રૂ. ૧૨ નક્કી થયું છે, જે માટે રેકોર્ડ ડેટ ૧૫મી જુલાઇ ૨૦૨૬ અને પેમેન્ટ ડેટ ૩૧મી જુલાઇ જાહેર થઇ છે. સ્ટેટ બેન્કે એસબીઆઇ ફંડ મેનેજમેન્ટના આઇપીઓ અગાઉ તેમાંનો ૧.૪૨ ટકા હિસ્સો રૂ. ૧૬૫૫ કરોડમાં વેચ્યો છે.

ટેલિકોમ ગિઅર ઉત્પાદક એચએફસીએલને ઓપ્ટિબલ ફાઇબર કેબલનો રૂ. ૪૯૫ કરોડનો નિકાસ ઓર્ડર મળ્યો છે. રાઠી સ્ટીલ એન્ડ પાવર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૭ ના પહેલા ક્વાર્ટરમાં કુલ ૨૮,૩૭૨ મેટ્રિક ટન વેચાણ વોલ્યુમ નોંધાવ્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના ૨૧,૮૬૪ મેટ્રિક ટન સામે વાર્ષિક ધોરણે લગભગ ૩૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ત્રિમાસિક ગાળા માટે આવક રૂ. ૧૯૩ કરોડને વટાવી ગઈ છે , જે પાછલા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરની તુલનામાં વાર્ષિક ધોરણે ૨૪ ટકા જેવી વૃદ્ધિ દર્શાવે છે.



માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ટૂંકા ગાળાના સુધારા પછી, બજાર મજબૂત રિકવરી માટે ટ્રેક પર હોય તેવું લાગે છે. બેંકો તરફથી સકારાત્મક વ્યવસાયિક અપડેટ્સ, ઇન-લાઇન અંદાજો દ્વારા સંચાલિત આઇટી ક્ષેત્ર માટે રચનાત્મક દૃષ્ટિકોણ, વૈશ્વિક ખર્ચમાં સંભવિત રિકવરી અને એઆઇ-સંબંધિત તકોએ પ્રથમ ક્વાર્ટરની કમાણી સીઝનની આશાવાદી શરૂઆત માટેનો તબક્કો સેટ કર્યો છે. અપેક્ષા કરતાં વધુ સારા કંપની પરિણામો ચાલુ રહેવાથી ભવિષ્યની કમાણી વૃદ્ધિ અંગેની ચિંતાઓ દૂર કરવામાં મદદ મળશે. આમ, વર્તમાન અપટ્રેન્ડને આગળ વધી શકે છે, જેને વ્યાપક-આધારિત રેલી દ્વારા સમર્થન મળ્યું છે અને તેમાં રિયલ એસ્ટેટ અને ધાતુઓ જેવા ક્ષેત્રોની મજબૂત ભાગીદારી છે.

વૈશ્વિક સ્તરે, તેલના ભાવમાં ઘટાડો અને ટેકનોલોજી ક્ષેત્રમાં રિકવરીથી ભારત પ્રત્યેની ભાવનામાં વધુ સુધારો થયો છે, જે એફઆઇઆઇ પ્રવાહમાં રિકવરી દેખાઇ રહી છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, એફઓએમસી મીટિંગનો આક્રમક સ્વરનો વૈશ્વિક બજારો પર ભાર આવ્યો નથી, કારણ કે તાજેતરના ડેટા સૂચવે છે કે ફુગાવાના દબાણમાં ઘટાડો થવાની સંભાવના છે. તે જ સમયે, યુએસ, યુરોપિયન સંઘ અને ચીનના ધીમા આર્થિક ડેટા સૂચવે છે કે કેન્દ્રીય બેંકો આગળ જતાં ઓછા આક્રમક વલણ અપનાવી શકે છે.

વ્યાપક બજારોએ બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કર્યો, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૧.૪ ટકાનો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. બંને સૂચકાંકોએ નવી રેકોર્ડ ઊંચી સપાટી બનાવી હતી. નિફ્ટીમાં સૌથી વધુ વૃદ્ધિ જિયો ફાઇનાન્શિયલ, એચડીએફસી લાઇફ, અદાણી એન્ટરપ્રાઇઝ, એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં થઈ હતી, જ્યારે ટોપ લુઝર્સમાં ડો. રેડ્ડીઝ લેબ્સ, ઇટરનલ, ભારતી એરટેલ, નેસ્લે અને સન ફાર્માનો સમાવેશ થાય છે.

ક્ષેત્રીય કામગીરી વ્યાપકપણે હકારાત્મક રહી, જેમાં તમામ મુખ્ય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા. રિયલ્ટી શેરો ટોચના પ્રદર્શનકર્તા તરીકે ઉભરી આવ્યા, જેમાં નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ ૩.૫ ટકા વધ્યો, ત્યારબાદ નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સ આવે છે, જેમાં ત્રણ ટકાનો વધારો થયો. ટીસીએસના ઉછાળાની મદદથી નિફ્ટી આઇટી ઇન્ડેક્સ બે ટકા સુધી વધ્યો હતો.

અન્ય સેક્ટરલ બેન્ચમાર્કમાં, નિફ્ટી મેટલ ઇન્ડેક્સ ૧.૫ ટકા વધ્યો, નિફ્ટી બેંક ૧.૪ ટકા વધ્યો, જ્યારે ઓઇલ એન્ડ ગેસ, પ્રાઇવેટ બેંક, એનર્જી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ એક ટકાથી ૧.૩ ટકા વધ્યા. ઓટો ઇન્ડેક્સમાં ૦.૭૨ ટકાનો વધારો થયો. બીએસઇ પર લગભગ ૧૪૦ શેરો તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા, જેમાં કેપ્રી ગ્લોબલ, જેકે બેંક, એથર ઇન્ડસ્ટ્રીઝ, આનંદ રાઠી, ઓરેકલ ફિન સર્વિસીસ, નુવામા વેલ્થ, સોના બીએલડબલ્યુ, વેલ્સપન કોર્પ, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ, સ્ટાર હેલ્થ, નાયકા, દિલ્હીવેરી, જિંદાલ શો વગેરેનો સમાવેશ થાય છે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૩૦ ટકા ઘટીને ૭૬.૦૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ વધ્યો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચા મથાળે ગબડ્યો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૫૩૨.૮૬ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર વેચ્યા હતા.■

# ચાંદીમાં ₹ ૩૪૦૪ની અને સોનામાં ₹ ૨૮૮ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધવાની સાથે ક્રૂડતેલના ભાવમાં ધીમા પરંતુ મક્કમ ગતિએ થઈ રહેલા વધારાને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી તંગ નાણાનીતિ જાળવી રાખે તેવી ભીતિ હેઠળ આજે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૦૪ની અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૭થી ૨૮૮ની પીછેહઠ જોવા મળી હતી.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૪૦૪ના ઘટાડા સાથે રૂ. ૨,૨૦,૩૯૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહેતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૭ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૭૯૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૮ના ઘટાડા સાથે રૂ. ૧,૪૩,૩૬૮ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં ઘટાડો આવ્યો હોવા છતાં વધુ ઘટાડાના આશાવાદે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ સુસ્ત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૦૫.૯૭ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૪૧૧૪.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધુ ૧.૧ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૫૯.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં અમેરિકાના ઈરાન પર અને ઈરાનના અમેરિકાના સહયોગી દેશો પર થઈ રહેલા હુમલાઓને કારણે તેલના ભાવમાં તેજીનો અન્ડરટોન રહે તેવી શક્યતા અને ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ અપનાવે તેમ હોવાથી સોનાના ભાવ ફરી ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની મનોવૈજ્ઞાનિક સપાટીએ પહોંચે તેવી શક્યતા બાયબીટના વિશ્લેષક હૅન ટૉને જણાવતા ઉમેર્યું હતું કે ક્રૂડ તેલના ભાવ વધતા ફુગાવામાં વધારો થતો હોય છે અને ફુગાવો નિયંત્રણમાં રાખવા કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદર વધારતી હોવાથી સોના અને ચાંદી જેવી કિંમતી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી નિરસ રહેતી હોય છે.

આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૮ ટકા શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે. જોકે, હવે રોકાણકારોની નજર ક્રૂડતેલના ભાવની વધઘટ ઉપરાંત આગામી સપ્તાહે જાહેર થનારા અમેરિકાના ફુગાવાના ડેટા અને ફેડના ચેરમેન કેવિન વાર્શની ટેસ્ટીમનીના વક્તવ્ય પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સ્ચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદાના ભાવમાં ૮૩ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના નિરુત્સાહી અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજરમાં દેશી અને આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં રિફાઈનરોની પાંખી હાજરી વચ્ચે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૬૪૫ અને ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૬૫૫, એવીઆઈના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦થી ૧૪૬૫, ગોલ્ડન એગ્રીના રેડી ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૫૦૦ અને ઑગસ્ટ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૩૦માં અને રાજકોટ મથકે ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલ ખાતે આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૦૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૦માં થયા હતા. તેમ જ આજે રાજકોટ ખાતે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે હાજર બજારમાં ૧૦૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૫, સિંગતેલના રૂ. ૧૬૩૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૬૬૦ના મથાળે રહ્યા હતા. ■

# નિકલ અને કોપરની અમુક વેરાઈટીઓમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી યુદ્ધના મંડાણ થવાની સાથે વૈશ્વિક સ્તરે પુરવઠા ચેઈન ખોરવાઈ જવાની ભીતિ હેઠળ લંડન ખાતે કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે કોપર વાયરબાર સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે માત્ર કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૯નો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ અને ટીનમાં પાંખાં કામકાજે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૨૮૦, રૂ. ૧૨૭૦ અને રૂ. ૧૬૨૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૨૭૦,



કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૨૫૮, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૩૦ અને રૂ. ૩૦૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૮૧ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૦૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૯ના ઘટાડા સાથે રૂ. ૧૩૧૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ શીટ કટિંગ્સ અને ટીનમાં છૂટાછવાયા કામકાજ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૦૦ અને રૂ. ૫૨૩૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■


# ડૉલર અને ક્રૂડતેલમાં નરમાઈ તથા ઈક્વિટી માર્કેટના સુધારા સાથે રૂપિયામાં નવ પૈસાનો સુધારો

મુંબઈ: વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવની સ્થિતિ હોવા છતાં આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો નવ પૈસાના સુધારા સાથે ૯૫.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, પશ્ચિમ એશિયાની કટોકટીના ઉકેલની અનિશ્ચિતતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

ગત ગુરુવારે અમેરિકાએ ઈરાન પર કરેલા હવાઈ હુમલાના વળતા જવાબમાં તહેરાને પશ્ચિમ એશિયન દેશો પર હુમલા કરતાં વચગાળાના શાંતિના કરાર જોખમમાં મુકાઈ ગયા છે. વધુમાં ગુરુવારે ઈરાને પણ બહેરીનથી અમે અમેરિકાના નૌકાદળનાં પાંચમાં કાફલાના વડા મથક પર સતત સાયરનના અવાજો ગૂંજતા રહ્યા હતા. તેમ જ કુવૈત અને કતાર પર પણ હુમલા કર્યા હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૪૭નાં બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૨૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૨ અને ઉપરમાં ૯૫.૨૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે નવ પૈસાના સુધારા સાથે ૯૫.૩૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો આવ્યો હતો.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં સત્ર દરમિયાન રૂપિયો ૯૫.૨૨ સુધી



મજબૂત થયો હતો. જોકે, ત્યાર બાદ તેલ કંપનીઓની અને આયાતકારોની લેવાલી રહેતાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાળીએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૦૪ ટકા ઘટીને ૧૦૦.૮૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૨ ટકા ઘટીને બેરલદીઠ ૭૫.૮૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૨૭.૫૭ પૉઈન્ટનો અને ૨૪૪.૧૦ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૪૦થી ૪૧૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૨૦૨થી ૪૨૯૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૪૩૦૦થી ૪૩૯૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૯૦થી ૪૨૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૨૭૦થી ૪૩૨૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# ચાઈનીઝ સ્ટીમલેસ ટ્યૂબ અને પાઈપ પરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની મુદત લંબાવાઈ

નવી દિલ્હી: સ્થાનિક ઉત્પાદકોના હિતને ધ્યાનમાં લેતા ભારતે ચીનથી સસ્તા ભાવથી આયાત થતાં અમુક ટ્યૂબ્સ અને પાઈપ્સ પરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની મુદત આગામી ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૭ સુધી લંબાવી હોવાનું નાણાં મંત્રાલયે એક નોટિફિકેશનમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે સીમલેસ ટ્યૂબ્સ, પાઈપ્સ અને એલોય અથવા તો નોન એલોય આયર્નના હોલો પ્રોફાઈલ પર ગત ૨૮મી ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ પાંચ વર્ષ માટે ડ્યૂટી લાદવામાં આવી હતી.

સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ(સીબીઆઈસી)એ આજે નોટિફિકેશનમાં સુધારો કરતાં જણાવ્યું હતું કે અમે લાદવામાં આવેલી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની મુદત આગામી ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૭ સુધી લંબાવી છે, સિવાય કે પાછી ખેંચવામાં આવે કે મુદત પહેલા તેમાં કોઈ સુધારા-વધારા ન કરવામાં આવે. નોંધનીય બાબત એ છે કે હાલમાં ડ્યૂટીની રેન્જ ૯૬૧.૩૩થી ૧૬૧૦.૬૭ ડૉલરની છે.

સીબીઆઈસીએ આ ઉપરાંત મલયેશિયા, દક્ષિણ આફ્રિકા અને અમેરિકાથી ભારતમાં નિકાસ થતાં નોર્મલ બ્યુટાનોલ અથવા તો એન બ્યુટાઈલ આલ્કોહોલ પરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી જાળવી રાખવાની જાહેરાત કરી હતી. ■

# ભારતમાં રૂફ ટોપ સોલાર પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા વિશ્વ બૅન્કના જૂથની ૮૯ કરોડ ડૉલરની પ્રતિબદ્ધતા

નવી દિલ્હી: દેશનાં કરોડો ઘરમાં ક્લિન એનર્જી પહોંચાડવાનાં ભારતનાં સોલાર રૂફ ટોપ માટેનાં રાષ્ટ્રીય કાર્યક્રમને ટેકો આપવા અને રિન્યૂએબલ એનર્જી ઉત્પાદન, ઈન્સ્ટોલેશન અને સર્વિસીસની વૅલ્યૂચેઈન મારફતે ૧૭ લાખ રોજગારનું નિર્માણ થવાનું હોવાથી વર્લ્ડ બૅન્ક ગ્રૂપ (વિશ્વ બૅન્કનું જૂથ) ૮૯ કરોડ ડૉલરનું ફંડ પૂરું પાડવા પ્રતિબદ્ધ છે.

વર્લ્ડ બૅન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના બોર્ડે પ્રોજેક્ટને મંજૂરી આપી હોવાનું બહુરાષ્ટ્રીય ફંડિંગ એજન્સીએ આજે (શુક્રવારે) એક યાદીમાં જણાવ્યું હતું. પ્રોગ્રામ માટેનાં ફાઈનાન્સિંગ પેકેજમાં ઈન્ટરનેશનલ બૅન્ક ફોર રિકન્સ્ટ્રક્શન ઍન્ડ ડેવલોપમેન્ટ (આઈબીઆરડી) તરફથી ૮૨ કરોડ ડૉલરની લોન, ક્લિન ટેક્નોલૉજી ફંડમાંથી છ કરોડ ડૉલરની કન્સેશનલ લોન અને આઈબીઆરડીના લિવેબલ પ્લેનેટ ફંડમાંથી એક કરોડ ડૉલરની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.

વધુમાં વિશ્વ બૅન્ક ઘરગથ્થુ ધોરણે સોલાર રૂફ ટોપ સ્થાપવા માટે વાણિજ્યિક લોન સ્વરૂપે ખાનગી ધિરાણ મારફતે ૪.૨ અબજ ડૉલર એકત્રિત કરશે. નોંધનીય બાબત એ છે કે ભારતે વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો હાંસલ કરવાની અને વર્ષ ૨૦૩૫ સુધીમાં નોન ફોસિલ ફ્યુઅલ (અશ્મિભૂત સિવાયનાં ઈંધણ) આધારિત ઊર્જાનો સ્રોત વધારીને ૬૦ ટકા સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતા દાખવી છે.

હાલમાં જ્યારે મોટા પાયે સોલાર એનર્જીનો ઝડપભેર વિકાસ થઈ રહ્યો છે ત્યારે રહેણાક સ્તરે સોલાર પાવરનો ઉપયોગ મર્યાદિત રહ્યો છે. આથી રહેણાક વિસ્તારોમાં પ્રોત્સાહન આપવા સરકારે દેશભરમાં એક કરોડ ગ્રામીણ અને શહેરી પરિવારો માટે સોલાર રૂફ ટોપ સ્થાપનને પ્રોત્સાહન આપવા, ઘરગથ્થુ ધોરણે વીજ ખર્ચ ઘટાડવા અને સ્થાનિકમાં સોલાર રૂફ ટોપ ઈક્વિપમેન્ટના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના કાર્યક્રમ અમલી બનાવ્યો છે.

વિશ્વ બૅન્ક એક દાયકા પૂર્વેથી ભારતના રૂફ ટોપ સોલાર ક્ષેત્રને ટેકો આપી રહી છે, ૫૦૦ મેગા વૉટથી ૨૭ ગિગા વૉટથી વધુ સ્થાપિત ક્ષમતા સુધી બજાર વૃદ્ધિને વિકસાવવા માટે બે અબજ ડૉલરથી વધુ ભંડોળ એકત્રિત કરી રહી હોવાનું વિશ્વ બૅન્કનાં ભારત માટેના કાર્યકારી ડિરેક્ટર પૉલ પ્રોસીએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ મુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટના ૧,૬૦૦ મેટ્રિક ટન વજનના પ્રીકાસ્ટ આર.સી.સી. પોર્ટલ બીમનું સાબરમતી ખાતે માત્ર ત્રણ કલાકમાં સફળ પ્રક્ષેપણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી રેલવે સ્ટેશન ખાતે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ હતી. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ સાબરમતી વિસ્તારમાં કાર્યરત મુખ્ય રેલવે લાઇન ઉપર અત્યંત જટિલ અને ઉચ્ચ સ્તરની એન્જિનિરીંગ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. ૧,૬૦૦ મેટ્રિક ટન વજનના વિશાળ પ્રીકાસ્ટ આર.સી.સી. (આરસીસી) પોર્ટલ બીમનું માત્ર ૩ કલાકના નિર્ધારિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

આ સિદ્ધિ ભારતીય રેલવેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં ટેક્નોલોજીની દ્રષ્ટિએ શ્રેષ્ઠ માનવામાં આવે છે. ચોક્કસાઈભર્યું આયોજન અને સુરક્ષિત અમલીકરણનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. આ પડકારજનક કાર્યને અત્યંત ચોકસાઈ અને સુરક્ષા સાથે સંપન્ન કરવામાં આવ્યું છે. સાબરમતી ખાતે કાર્યરત મુખ્ય રેલવે લાઇન ઉપર ૩૪.૫ મીટર સ ૫.૫ મીટર સ ૪.૫ મીટર કદના અને ૧,૬૦૦ મેટ્રિક ટન વજન ધરાવતા વિશાળ પ્રીકાસ્ટ પોર્ટલ બીમનું માત્ર ૩ કલાકના મર્યાદિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું છે. આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ભારે કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે ૨,૨૦૦ ટન ક્ષમતા ધરાવતી અત્યાધુનિક ક્રોલર ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો.



સમગ્ર કામગીરી અત્યંત સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવી છે. કામગીરી દરમિયાન એક પણ અકસ્માત નોંધાયો નથી અને સૌથી મહત્ત્વની વાત એ રહી કે મુસાફર ટ્રેનોની નિયમિત અવરજવરમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ આવ્યો ન હતો. કામગીરી પૂર્ણ થતાં જ રેલવે ટ્રેક અને ઓવરહેડ ઇક્વિપમેન્ટ (ઓએચઇ)ને નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ સુરક્ષા અને ચોક્કસ એલાઇનમેન્ટ સાથે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. પશ્ચિમ રેલવેના નવીનીકરણના ઈતિહાસમાં આ એક વધુ મોટો અને માઈલસ્ટોન અધ્યાય ઉમેરાયો છે. આ કારણે હવે જ્યારે મોટી રાહત થશે, સાબરમતી રેલવે સ્ટેશનને એક ટ્રાંસપોર્ટેશન હબ તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. એક જ સ્થાનેથી રેલવે લાઈન, મેટ્રો લાઈન અને બુલેટ ટ્રેન માટેની વ્યવસ્થા ઊભી થતા લોકોને મોટી રાહત થશે. ■

# અમદાવાદ મનપાએ ૧૫ પ્લોટ વેચવા કાઢ્યા, સૌથી મોંઘા સાયન્સસિટી અને મોટેરા પ્લોટ

## રૂપિયા ૪૦ હજારથી ૩.૧૦ લાખ રૂપિયા સુધીની બેઝ પ્રાઈઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના પોશ વિસ્તારમાં આવેલા તેની હસ્તકના મહત્ત્વના ૧૫ પ્લોટ વેચવા કાઢ્યા છે. અમદાવાદ શહેરના થલતેજ, સોલા, બોડકદેવ, ચાંદખેડા, ગોતા, મોટેરા તેમ જ વટવા વિસ્તારમાં આવેલા પ્લોટ કોર્પોરેશને વેચાણ હેતું મૂકી દીધા છે. આમાંથી આઠ કમર્શિયલ પ્લોટ છે જ્યારે અન્ય સાત રહેણાંક માટેના છે. કોર્પોરેશને આ માટે પ્લોટના પ્રતિ ચોરસ મીટર લેખે ૪૦ હજારથી ૩.૧૦ લાખ રૂપિયા સુધીની કિંમત જાહેર કરી દીધી છે. સૌથી મોટી અને મહત્ત્વની વાત એ છે કે, સાયન્સ સિટી રોડ પર આવેલા એક પ્લોટ માટે સૌથી વધારે કિંમત આંકવામાં આવી છે. આ પ્લોટના વેચાણથી કોર્પોરેશનની તિજોરીમાં મબલખ આવક થવાની છે. મોટેરા વિસ્તારમાં ૧૬ હજાર ચોરસ મીટરથી વધારે ક્ષેત્રફળના આ પ્લોટનો વિવિધ રીતે ઉપયોગ થઈ શકે છે. આ પછી વટવામાં આવેલા પ્લોટનો ક્રમ આવે છે જેમાંથી કોર્પોરેશનને સૌથી વધારે ૪૦ હજાર અને બોડકદેવમાં આવેલા રાજપથ કલબની પાછળના વિસ્તારના પ્લોટમાંથી ૩.૧૦ લાખ રૂપિયાની આવક થઈ શકે છે. મનપાના આ પ્લોટ શહેરના પ્રાઈમ ગણાતા વિસ્તારની આસપાસ છે. કમર્શિયલ પ્લોટમાં સોલા-થલતેજ, સાયન્સ સિટી રોડ (૩૪૫.૪૦ કરોડ), સોલા થલતેજ, શિતલ પાર્કની સામે (૩૦૬.૪૬ કરોડ), થલતેજ લેવિસ ગ્રીન પાર્ટી પ્લોટની પાછળ (૧૦૪.૯૦ કરોડ), બોડકદેવ ઔડા ગાર્ડન પાર્ટી પ્લોટ સામે (૧૭૨.૧૧ કરોડ), ગોતા વિષ્ણુ ધારા ગાર્ડન પાસે (૧૦૪.૫૭ કરોડ), મોટેરા, નારાણય પાર્ટી પ્લોટ પાસે (૯૪.૭૨ કરોડ), નવા વાડજ, નિર્ણયનગર અંડરપાસ નજીક (૮૬.૨૧ કરોડ), ચાંદખેડા ઝુંડાલ, આલોકા સ્કિમ પાસે (૩૧.૯૮ કરોડ)નો સમાવેશ થાય છે. જ્યારે રહેણાક પાર્ટી પ્લોટમાં થલતેજ શિલજ નંદીગ્રામ રોડ (૧૭૮.૪૭ કરોડ), થલતેજ કોર્પોરેટ ભવન પાસે (૧૧૧.૭૧ કરોડ), થલતેજ વૃંદાવન બંગલો પાસે (૧૪૦.૬૪ કરોડ), બોડકદેવ રાજપથ કલબ પાછળ (૫૬.૪૫ કરોડ), મોટેરા મણિલાલ પાર્ટી પ્લોટ પાસે (૧૬૨.૨૯ કરોડ), ચાંદખેડા શ્યામવેલી સામે (૫૭.૯૮ કરોડ), વટવા પૂજન ફાર્મ પાસે (૨૬.૨૩ કરોડ)નો સમાવેશ થાય છે. ■

# અમદાવાદ રેલવે મંડળનો નવો રેકોર્ડઃ જૂન મહિનામાં ₹ ૭૬૭ કરોડની ઐતિહાસિક આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે જૂન ૨૦૨૬ દરમિયાન વાણિજ્યિક ક્ષેત્રે અપ્રતિમ સફળતા મેળવીને વિકાસનો નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ રેલવેએ માલવહન, પાર્સલ બિઝનેસ, ટિકિટ ચેકિંગ અને મુસાફર સુવિધાઓ સહિતના તમામ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ સમયગાળા દરમિયાન મંડળે રૂ. ૬૦૬.૪૩ કરોડની સર્વાધિક માસિક માલવહન આવક સાથે કુલ રૂ. ૭૬૭.૦૧ કરોડની આવક મેળવી છે, જે રેલવેના ઈતિહાસમાં એક નવો રેકોર્ડ છે.

માલવહન ક્ષેત્રે અમદાવાદ મંડળે ચાલુ નાણાકીય વર્ષની સૌથી મોટી માસિક આવક નોંધાવી છે, જે નિર્ધારિત લક્ષ્ય કરતાં ૩.૬૦ ટકા અને ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ૧૩.૫૯ ટકા વધુ છે. ગત ૩૦ જૂનના રોજ માત્ર એક જ દિવસમાં રૂ. ૨૬.૫૮ કરોડની આવક મેળવીને મંડળે નવો સીમાચિહ્ન સર કર્યો હતો. બીજી તરફ, પાર્સલ વ્યવસાયમાં પણ ગત વર્ષની સાપેક્ષે ૭.૬૫ ટકાના વધારા સાથે કુલ રૂ. ૬.૧૯ કરોડની કમાણી થઈ છે. આ સિઝનમાં ભુજથી બાંદ્રા ટર્મિનસ સુધી ૨૨ ટન કેરીનો જથ્થો રેલવે મારફતે મોકલીને માત્ર એક જ દિવસમાં રૂ. ૧.૨૬ લાખની નોંધપાત્ર આવક ઊભી કરાઈ હતી.

જૂન મહિનામાં મંડળને રૂ. ૧૪૫.૫૮ કરોડની યાત્રી આવક પ્રાપ્ત થઈ છે. ઉનાળાના વેકેશનમાં મુસાફરોની ભારે ભીડને નિયંત્રિત કરવા માટે રેલવે પ્રશાસન દ્વારા ૬૭ વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હતી. આ ઉપરાંત, નિયમિત ટ્રેનોમાં ૧૨૨ જેટલા વધારાના કોચ જોડવામાં આવ્યા હતા, જેનાથી અંદાજે ૯૭ હજાર મુસાફરને સીધો લાભ મળ્યો હતો અને રેલવેની આવકમાં રૂ. ૧૦.૩૩ કરોડનો વધારો થયો હતો. રેલવે સ્ટેશનો પર ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખીને સામાન્ય શ્રેણીના મુસાફરો માટે ઠંડા પીવાના પાણીની પણ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી.

દરમ્યાન, રેલવે પ્રશાસને ટિકિટ વગર મુસાફરી કરનારાઓ અને ગંદકી ફેલાવનારાઓ સામે કડક ઝુંબેશ ચલાવી હતી. ટિકિટ ચેકિંગ અભિયાન દ્વારા રેલવેને રૂ. ૨.૭૦ કરોડની આવક થઈ હતી, જે ગત વર્ષ કરતાં ૨૩.૨૯ ટકા વધુ છે. તે જ રીતે, સ્વચ્છતા અભિયાન હેઠળ સ્ટેશન પરિસરમાં કચરો ફેંકનારા ૧,૨૩૦ શખસ સામે કાર્યવાહી કરીને રૂ. ૨.૨૦ લાખનો દંડ વસૂલ કરાયો હતો.

બિન-ભાડા આવકની નવી પહેલ અંતર્ગત, કાંકરિયા ગુડ્સ શેડ ખાતે પેઇડ પાર્કિંગ અને ફ્રેઇટ એલાઇડ સર્વિસિસ માટે સાત વર્ષનો રૂ. ૨૦.૭૩ કરોડનો કરાર કરવામાં આવ્યો છે. જ્યારે તમામ નોન-પ્રીમિયમ ટ્રેનોમાં ટ્રેન સાઇડ વેન્ડિંગ માટે ત્રણ વર્ષનો રૂ. ૩.૭૧ કરોડનો કરાર અપાયો છે. આ ઉપરાંત, ટ્રેન હેડરેસ્ટ કવર પર જાહેરાતો દ્વારા રૂ. ૦.૫૭ કરોડની કમાણી થઈ છે. મુસાફરોની સુવિધા માટે અમદાવાદ સ્ટેશન પર આધુનિક ડિજિટલ લગેજ લોકરની સેવા પણ શરૂ કરવામાં આવી છે. ■

# સુરત જિલ્લા કલેક્ટર શહેરમાં પૂર રાહતની સહાય માટે તત્કાળ સર્વેની કામગીરી માટે વર્ગ-૧ અને ૨ ના બાવીસ અધિકારીને કામગીરી સોંપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં પડેલ ભારે વરસાદના કારણે વિવિધ તાલુકાના વિસ્તારોમાં ખાડીપૂર, પાણી ભરવાના કારણે થયેલ માનવ મૃત્યુ/ ઈજા તેમજ સ્થાવર જંગમ મિલકતને થયેલ નુકસાન સામે કેશડોલ્સ, ઘરવખરી, કપડાની સહાય આપવા માટે જિલ્લા કલેકટરશ તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ સર્વે અંગેની કામગીરી તાત્કાલિક હાથ ધરીને પૂર્ણ કરી શકાય તે માટે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ-કર્મચારીઓ મળી કુલ ૨૨૭ જેટલા કર્મયોગીની ૪૧ ટીમ ગઠિત કરી આ ટીમોને તત્કાલ સર્વેની કામગીરીના હુકમ કરવામાં આવ્યા હતા.

ટીમના સભ્યોએ ફાળવેલા તાલુકાઓના મામલતદારોના સંપર્કમાં રહી કામગીરીની શરૂઆત કરી છે. આજે બપોરના ૧.૦૦ વાગ્યા સુધીમાં કતારગામ, પુણા, મજુરા, અબ્રામા, ઉધના તાલુકા વિસ્તારમાં ૭૦૧ અસરગ્રસ્તને રૂ.૧૧ લાખની કેશડોલ્સ વિતરણ કરાયું હતું. જ્યારે ૪૮૪ અસરગ્રસ્તને રૂ.૨૪.૨૦ લાખની ઘરવખરી સહાયની ચૂકવણી કરવામાં આવી છે. જેમ સર્વે પૂર્ણ થઈ રહ્યો છે તેમ સહાયનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

લિબાયત વિસ્તારના રતનજીનગર, મઝદા પાર્ક-૧,૨ સહિતની સોસાયટીઓમાં જિલ્લા આયોજન અધિકારી શિતલબેન માંડવિયા સહિતના અધિકારી-કર્મચારીઓ દ્વારા સર્વે કરીને કેશડોલ્સ સહાયનું વિતરણ કરાયું હતું.

જિલ્લા કલેકટરે હુકમ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, શિક્ષણ નિરીક્ષકની દેખરેખ હેઠળ પુણા વિસ્તારમાં કુંભારીયાના ધનજીવલ્લી મહોલ્લો, પાદર ફળિયું, ખાડી ફળિયું, પીપળા ફળિયું, સારોલીની નવી કોલોનીના સર્વે માટે પાંચ જેટલી ટીમોને કામગીરી સોંપવામાં આવી છે. એક ટીમમાં પાંચ કર્મચારીઓ સાથે ઘરે ઘરે જઈને નુકસાનીના સર્વેની કામગીરીમાં જોતરાયા છે. આ ઉપરાંત, નાયબ ઉદ્યોગ કમિશનર અને જનરલ મેનેજરના નેજા હેઠળ બાવરી ફળિયું, સણિયા હેમાદના બ્રાહ્મણ ફળિયું, ખરી ફળિયું, પારસી તથા ભૂત ફળિયાના સર્વે માટે પાંચ ટીમો તૈયાર કરવામાં આવી છે. મજુરા વિસ્તારમાં જમીન દફતર નિરક્ષક ડી.એમ.દેસાઈના નેજા હેઠળ આંબેડકરનગર, રસુલાબાદ, આઝાદનગર, ઈન્દીરાનગરના સર્વે માટે ચાર ટીમો, ઉધના વિસ્તારમાં જિલ્લા આયોજન અધિકારીના નેજા હેઠળ મીઠી ખાડી વિસ્તાર- લિંબાયતના ઈસ્લામી ચોક, રઝા ચોક, આઝાદ ચોક, બેઠી કોલોની, પતરાની ચાલ, કાંતિનગર, ફુલવાડી, નુરે ઈલાહી નગર, કદીરી ચોક, મઝદાપાર્ક, રતનજીનગર, ભેદવાડ, ગોડદરા વિસ્તારના મીરાનગર, રામકૃષ્ણ સો., ભવાની સો., હળપતિવાસ, રબારીવાસ વિસ્તારમાં ચાર ટીમો દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે.

નાયબ નિયામક (વિકસતી જાતિ)ના નેજા હેઠળ ગોડાદરા, ધીરજનગર, નીલકંઠ સો., સ્વામિનારાયણ નગર, પટેલનગર, પરવટ વિસ્તાર, ગીતાનગર, હળપતિવાસ, ખાડી ફળીયું, ઉધના ઉદ્યોગ સંઘ વિસ્તાર, સંજયનગર ઝૂપડપટ્ટીના સર્વે માટે ચાર ટીમો કામગીરી કરી રહી છે.

ડી.આઈ.એસ.એસ.ના ડેપ્યુટી ડાયરેકટરના નેજા હેઠળ ગોડાદરા આસપાસનગર, આસ્તિક નગર, કૌશલનગર, કલાકુંજ, પ્રકાશનગર, ગાયત્રીનગર, પ્રિયંકાનગર, ડુંભાલના અસરગ્રસ્ત વિસ્તારના સર્વે માટે ત્રણ ટીમો કામગીરીએ કરી રહી છે.

પુણા વિસ્તારના માટે જિલ્લા રજિસ્ટ્રાર હરેશ કાછડના નેજા હેઠળ સીમાડા વિસ્તારના સ્વામિનારાયણ નગર, શુભમ પાર્ક, સ્વાગત સો., વાલમનગર, સિદ્ધાર્થ નગર, ધર્મરાજ, એસ.ડી.પાર્ક, ઠાકોરદ્વાર, શાંતિનિકેતન, વ્રજભૂમિ સેક્ટર શોપિંગ સેન્ટરની બહારની દુકાનો, હરિઓમ પાર્ક, દિવાળીનગર, અજમલધામ, સરથાણા વિસ્તારના વીટીનગર, કેશવપાર્ક, શ્યામવિલા, હરે કૃષ્ણ રો-હાઉસની દુકાનો, ગઢપૂર રોડની આદર્શ રો હાઉસ, લક્ષ્મી નગર, સીએચ પાર્ક તથા નાના વરાછાની કૃષ્ણકુંજ સો. વંદના સો. વિભાગ-૧,૨, શ્યામધામની દેવીકૃપા સો., સરસ્વતી સો.૧,૨,૩, શ્યામધામ વિભાગ ૧,૨,૩, સંગના સોસાયટીના ૧,૨,૩, મહાવીર સોસાયટીના સર્વે માટે પાંચ ટીમો કામગીરી કરી રહી છે.

જિલ્લા રજીસ્ટ્રાર હાઉસીંગના નેજા હેઠળ પુણા વિસ્તારના ખોડીયારનગર, લક્ષ્મણનગર, કલ્યાણ નગર, લસકાણાના શુભમ રો-હાઉસ, કઠોદરાની મારૂતિનંદન તેમજ પાસોદરા વિસ્તારના સાંઈ શ્રદ્ધા રો હાઉસ, શિવ શક્તિ રેસિડેન્સી, ઓ રો-હાઉસ, ભકિત પાર્ક, ટાંકી ફળિયુ માટે બે ટીમો કામ કરી રહી છે.

ડી.આઈ.એસ.એચ.ના ડેપ્યુટી ડાયરેકટરને મજુરા વિસ્તાર તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોના સર્વે માટે બે ટીમો, ઉધના વિસ્તાર માટે પશુપાલન વિભાગના નાયબ નિયામક ડો.એમ.પી.ભીમાણીના નેજા હેઠળ ગોડાદરાના ભવાની સો., હળપતિવાસ, રબારીવાસ, પટેલનગર, પાંડેસરાના શિવનગર, ચીકુવાડી, મીઠી ખાડી વિસ્તારના સર્વે માટે ચાર ટીમો, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને ગોડાદરા આસપાસ, આસ્તિકનગર, કૌશલ નગર સહિતના વિસ્તારો માટે બે ટીમો સર્વેની કામગીરી કરી રહી છે. જરૂરિયાત જણાયે હજુ પણ વધુ કર્મચારીઓની ફાળવણીના ઓર્ડરો કરવામાં આવશે. ■

# વડોદરામાં સ્ટીલના વેપારી સાથે અમેરિકાની બેંકમાંથી લોન અપાવવાની લાલચ આપી ૧૭.૭૧ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના એક સ્ટીલના વેપારી સાથે અમેરિકાની કથિત બેંકમાંથી રૂ.ચાર કરોડની બિઝનેસ લોન અપાવવાની લાલચ આપી રૂ.૧૭.૭૧ લાખની ઠગાઈની ઘટના બહાર આવી હતી. આરોપીએ લોન મંજૂર કરાવવાના નામે પ્રોસેસિંગ ફી અને અન્ય ચાર્જ તરીકે મોટી રકમ વસૂલ્યા બાદ ખોટા દસ્તાવેજો આપી દીધા હતા. આ મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી, જેને આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં સ્ટીલનો વ્યવસાય કરતા આદિત્ય નિતીનભાઈ પારેખને ધંધાના વિસ્તરણ માટે મૂડીની જરૂર હતી. ડિસેમ્બર-૨૦૨૨ દરમિયાન તેમની મુલાકાત માંજલપુરના રહેવાસી રાકેશકુમાર જગદીશચંદ્ર ઠાકોર સાથે થઈ હતી. અગાઉ પણ આરોપીએ લોનની વ્યવસ્થા કરાવી આપી હોવાથી તેના પર વિશ્વાસ મૂક્યો હતો. આરોપીએ અમેરિકાની એસ.ડી.ટી.બી. બેંક ટેક્સાસમાંથી ૬થી ૮ મહિનામાં ચાર કરોડ રૂપિયાની બિઝનેસ લોન મંજૂર કરાવી આપવાનું વચન આપ્યું હતું. ત્યારબાદ જરૂરી દસ્તાવેજો મેળવી પ્રોસેસિંગ ફી અને ફ્રન્ટ ફીના નામે ૧૭.૭૧ લાખ રૂપિયા વસૂલ્યા હતા. ઠગો દ્વારા વેપારી સાથે એગ્રીમેન્ટ પણ કરવામાં આવ્યું હતું અને તેમની પાસેથી કરોડો રૂપિયાના પોસ્ટ-ડેટેડ ચેક પણ લેવામાં આવ્યા હતા, જોકે નક્કી કરેલા સમયગાળા બાદ પણ લોન મંજૂર ન થતાં વેપારીને ઠગાઈ થઈ હોવાનું માલુમ પડતા તેમણે આરોપીઓ સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# વડોદરાની પાદરા ન.પા.ની સામાન્ય સભામાં ૮૫ જેટલા ઠરાવો બહુમતીથી મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની પાદરા નગરપાલિકાની સામાન્ય સભામાં એજન્ડાના ૬૧ અને પુરવણી એજન્ડાના ૨૪ મળી કુલ ૮૫ ઠરાવોને બહુમતીથી મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે જ વિસ્તારના અનેક વિકાસલક્ષી કામોને વેગ મળશે.

પાદરા નગરપાલિકાના પ્રમુખ દીપેશ પંચાલ, ઉપપ્રમુખ ઇલાબેન જોશી અને કારોબારી સમિતિના ચેરમેન સંતોષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ઘરવેરા શાખાની ૨૪૦ નામફેર અરજીઓ, ઝૂંપડા વીજળીકરણ યોજનાની ૧૭ તથા હંગામી વીજ જોડાણની ચાર અરજીઓને મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે સ્ટ્રીટ લાઇટના રિપેરિંગ માટે ટેન્ડર પ્રક્રિયા તેમજ રામેશ્વર તળાવ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટને મંજૂરી અપાઈ હતી. નવા નગરપાલિકા ભવન માટે જમીન ફાળવણી મંજૂરી આપવામાં આવી હતી. ■

# અમદાવાદમાં બાળકી સાથે અડપલાં કરનારા વૃદ્ધની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં માત્ર પાંચ વર્ષની બાળકી સાથે બળાત્કારનો પ્રયાસ કરનાર ૭૩ વર્ષના નિવૃત્ત વૃદ્ધની પોલીસે ધરપકડ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી મેઘાણીનગર પોલીસ કાફલો તુરંત જ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસે બાળકીની માતાની સત્તાવાર ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને ૭૩ વર્ષના નંદલાલ આસવાણીની ધરપકડ કરી હતી.

મળતી માહિતી મુજબ, મેઘાણીનગર વિસ્તારમાં રહેતો ૭૩ વર્ષીય આરોપી નંદલાલ આસવાણી નિવૃત્ત જીવન જીવે છે અને હાલ ટામેટાનો વેપાર કરે છે. ગેરફાયદો ઉઠાવીને વૃદ્ધે બાળકી સાથે અડપલાં કરી નરાધમતાની સીમાઓ વટાવી દીધી હતી અને માસૂમ પર બળાત્કાર ગુજારવાનો પ્રયાસ કર્યો હતો. આ ધૃણાસ્પદ કરતૂત અંગે જ્યારે બાળકીના પરિવારને જાણ થઈ, ત્યારે બાળકીની ફોઈએ તાત્કાલિક કંટ્રોલ રૂમના '૧૧૨' નંબર પર કોલ કરીને પોતાની ભત્રીજી સાથે થયેલી આપવીતી પોલીસને જણાવી હતી. ■

# વડોદરાના બામણ ગામમાં ફર્નેશ ઑઈલની ચોરી કરતા છ આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના બામણ ગામની સીમમાં આવેલા હોરીઝોન ઇન્ડસ્ટ્રિયલ પાર્કમાં દરોડો પાડીને કંપનીના ટેન્કરોમાંથી ગેરકાયદે ફર્નેશ ઑઇલની ચોરી કરતી ગેંગના છ સાગરીતની રંગેહાથ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે બે તેલ ભરેલા ટેન્કર અને ચોરીના સાધનો સહિત કુલ ₹૪૦.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

કરજણ પોલીસ સ્ટેશનનને હોરીઝોન ઇન્ડસ્ટ્રિયલ પાર્કના પ્લોટ નંબર ૩૧ અને ૩૨માં કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ થતી હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે તાત્કાલિક આખા પ્લોટને ચારેય તરફથી કોર્ડન કરીને દરોડો પાડ્યો હતો અને સ્થળ પરથી જ ફર્નેશ ઑઇલ ચોરીના આ મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસે આ કૌભાંડમાં સામેલ આરોપી સીરાજ અહેમદ, ફરાજ અસ્ફાક ખાન, અબ્દુલ મજીદ, મહમદ શોયેબ, અસફાક અહેમદ અને નસીબુલ્લાની ધરપકડ કરી હતી. ■

# નવસારીમાં નવનિર્મિત રોડ અચાનક ધસી પડ્યો, માર્ગની ગુણવત્તા પર સવાલો ઊઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી શહેરના કબીલપોર વિસ્તારમાં સરકારી તંત્રની બેદરકારી અને નબળા રોડ કામકાજની પોલ ઉઘાડી પડી હતી. શહેરના વોર્ડ નંબર-૫માં આવેલી સરકારી સ્કૂલની પાછળ માત્ર બે મહિના અગાઉ જ કરોડોના ખર્ચે નવો રોડ બનાવવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશો હજુ તો નવા રસ્તાની ખુશી મનાવે તે પહેલાં જ આ આખો રોડ અચાનક ધસી પડ્યો હતો અને ત્યાં એક મસમોટો ભૂવો પડતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રોડ પરથી પસાર થતી એક સ્કૂલ વાન સીધી આ ભૂવામાં ફસાઈ ગઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર કબીલપોર વિસ્તારના સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસાની શરૂઆતમાં જ માત્ર બે જ મહિના જૂનો રસ્તો ધોવાઈ જતાં રોડ નિર્માણની ગુણવત્તા અને તેમાં વપરાયેલા મટીરિયલ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોએ રોડના નબળા કામની ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની અને તૂટેલા રસ્તાની તાત્કાલિક મરામત કરવાની ઉગ્ર માંગ કરી હતી. અને જો વહેલી તકે આ ભૂવો પૂરવામાં નહીં આવે અને રસ્તો સરખો નહીં કરાય તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. ■

# અમદાવાદના ચાંદખેડામાં ત્રણ મહિના પહેલા થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો, આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચાંદખેડામાં ત્રણ મહિના પહેલા થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે માનસિંગ ઉર્ફે બાદલસિંઘ ટાંકની હત્યાના ગુનામાં ધરપકડ કરી હતી, ગત ૧૨ મે ૨૦૨૬ ના રોજ રાતના સમયે જશમતસિંઘ સિખલીગરની હત્યા કરવામાં આવી હતી, બીજા દિવસે તેની લાશ ઝુંડાલ સર્કલ પાસે શ્રીજી સિમેન્ટ ફેક્ટરી બહારથી મળી આવી હતી. મૃતકની પત્નીએ અગાઉ આક્ષેપ કર્યો હતો કે જશમતસિંગને દીપકૌર સિખલીગર નામની મહિલા સાથે અનૈતિક સંબંધો હતા, અને તે અવારનવાર તેની પાસે રૂપિયા માંગી ધમકીઓ આપતી હતી. વધુમાં દીપકૌરનો મામાનો દીકરો સુરજિત સીખલીગર અને ભાણેજ માનસિંગ ટાંક દ્વારા તેને હત્યાની ધમકીઓ આપવામાં આવતી હતી. જેથી પોલીસે બનાવ બાદ બંનેની શોધખોળ હાથ ધરી હતી.

૧૨ મેના રોજ માનસિંગ ટાંક અને જશમતસિંગને ભૂંડ પકડવાના ધંધામાં થયેલા ઝઘડાની અદાવતમાં બોલાચાલી થઈ હતી, જે બાદ આરોપી માનસિંગએ જસમતસિંગને છરીથી હુમલો કરી મોતને ઘાટ ઉતારી નાખ્યો હતો, એ બાદ તેણે પોતાની માસી દીપ કૌરને પોતે જશમતસિંગની હત્યા કરી હોવાનું કહી પોતાની સાથે મહારાષ્ટ્ર ભાગી જવાનું કહ્યું હતું, બંને જણા ટ્રેનમાં બેઠા પણ હતા જોકે દીપ કૌર તેની સાથે જવા માંગતી ન હોવાથી વડોદરા રેલવે સ્ટેશન પર ઉતરી મહેમદાવાદમાં પોતાના સંબંધીના ત્યાં રોકાઈ ગઈ હતી.

આ મામલે પોલીસે પહેલા શંકાસ્પદ સુરજીત સિખલીગરનીપૂછપરછ કરી જોકે તેનો કોઈ રોલ જાણવા ન મળતા પોલીસે માનસિંગ ટાંકની શોધખોળ કરી અંતે અંતે તેને પકડી પાડવામાં આવ્યો હતો. આરોપી અગાઉ પણ મુંબઈમાં તુર્લિન્જ પોલીસ સ્ટેશનના હત્યાના ગુનામાં ૫ વર્ષ જેલવાસ ભોગવી ચૂક્યો હોવાથી પોલીસથી બચવા માટે મોબાઈલનો ઉપયોગ કરતો ન હતો. આરોપીની પ્રાથમિક તપાસમાં હત્યા પાછળનું કારણ ભૂતકાળમાં મૃતક સાથે ભૂંડ પકડવાના ધંધામાં ૧૦ લાખની લેતીદેતી હોવાનું જણાવી રહ્યો છે, તેવામાં ચાંદખેડા પોલીસે આરોપીના રિમાન્ડની કાર્યવાહી હાથ ધરી છે. ■

# મહેસાણા જિલ્લામાં લાછડી ગામના ૧૦ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝિટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના લાછડી ગામમાં ૧૦ વર્ષીય બાળકમાં ચાંદીપુરા વાઈરસની પુષ્ટિ થતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. જો કે આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ હાલ બાળકની તબિયત સ્થિર (સ્ટેબલ) છે અને તેની સારવાર ચાલુ છે. બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગે તાત્કાલિક કામગીરી શરૂ કરી છે. રિપોર્ટ પોઝિટિવ આવતા જ આરોગ્ય વિભાગે લાછડી ગામમાં વિશેષ સર્વેલન્સ શરૂ કર્યું છે. આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે-ઘરે જઈ લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવી રહી છે. લાછડી ગામના ૧૦ વર્ષીય બાળકને ૭ જુલાઈના રોજ તાવ સાથે ખેંચ આવતાં પ્રથમ વિસનગર સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે તેને વડનગર સિવિલ હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. ત્યાં લેવામાં આવેલા સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા હતા, રિપોર્ટમાં તે ચાંદીપુરા વાઈરસ પોઝિટિવ હોવાનો ખુલાસો થયો હતો. ■